# "દૂધાળાં ઢોરની યોજના" મૂલ્યાંકન અભ્યાસ

અહેવાલ લેખન
ડૉ. ગૌરીશંકર પ્ર. પંડ્યા
ભીખાભાઇ સો. પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.
૧૯૯૫

૩૨૨

३२२

'' દૂધાળાં ઢોરની યોજના '' મૂલ્યાંકન અભ્યાસ.

અહેવાલ લેખન

ડૉ. ગૌરીશંકર પ્ર. પંડયા
શ્રી ભીખાભાઈ સો. પટેલ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.
૧૯૯૫

૩૨૨

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાના નંબર |
|---|---|---|
| ૧ | સંશોધન પ્રાયોજના વિસ્તાર પસંદગી સંશોધનના હેતુઓ તપાસ પધ્ધતિઓ | ૧ થી ૬ |
| ૨ | મંડળીઓની યથાસ્થિતિ | ૭ થી ૩૧ |
| ૩ | કુટુંબોનો સર્વેક્ષણ અહેવાલ | ૩૨ થી ૮૪ |
| ૪ | 'દૂધાળા ઢોરની યોજના' ના લાભાર્થિઓની પૂરકનોંધ | ૮૫ થી ૯૪ |
| ૫ | તારણો અને સુચનો | ૯૫ થી ૧૦૭ |

# પ્રાસ્તાવિક

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા આદિજાતિ વિસ્તારમાં 'દૂધાળાંઢોરની યોજના' અંગેનો મૂલ્યાંકન અભ્યાસ કરવા સૂચવ્યું હતું. આ અભ્યાસમાં દક્ષિણ ગુજરાતના વાંસદા પ્રાયોજના વિસ્તાર અને માંડવી પ્રાયોજના વિસ્તારમાં કાર્યરત એવી દૂધ સહકારી મંડળીઓને આવરી લઈ તેનો અહેવાલ તૈયાર કરવા અંગે ૧૯૯૩-૯૪ના વર્ષમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશનના કા. નિયામકશ્રી રાણેએ આ કાર્ય આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨-૩-૯૩ના પત્ર નં. પી. એચ. ટીડીડ ૧૯૯૩ના તા. ૫-૪-૯૩ના પત્ર ક્રમાંક નં. અવક- વિમુવ- ૧-વશી ૮૦૧/૯૩થી સોંપવામાં આવ્યો હતો. પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના આદિવાસી વિસ્તારોમાં સહકારી ક્ષેત્રે કામ કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને આવરી લઈ વલસાડ, સુરત અને પંચમહાલ જિલ્લાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને આ. વિ. કો. દ્વારા દૂધાળાં ઢોર માટે કરેલ ધીરાણ અને સભાસદોએ તેનો કેટલો લાભ લીધો છે તેની માહિતી એકત્રિત કરવા અંગે ફેબ્રુઆરી-માર્ચ, એપ્રિલ-૯૪માં ક્ષેત્રકાર્ય કરવામાં આવ્યું હતું. માર્ચ -૯૫માં અહેવાલ લેખનનું કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું હતું. આ અગાઉ કેન્દ્ર દ્વારા કેટલાક જુદા જુદા મૂલ્યાંકન અભ્યાસો થયા છે.

અહીં પ્રસ્તુત અહેવાલમાં આ બધાથી અલગ એવા માત્ર આદિવાસી વિસ્તારના સંદર્ભમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદોને દૂધાળાં ઢોરની યોજના હેઠળ મંડળી દ્વારા કેરલ ધીરાણ શું લાભ થયો છે. ખરેખર દૂધાળાં ઢોર તેમની પાસે પહોંચ્યા છે કે કેમ? દૂધાળાંઢોર મળવાથી તેમની સામાજિક- આર્થિક અને શૈક્ષણિક ક્ષેત્રે કેવું પરિવર્તન આવ્યું. લોન લીધા પછી તેના નિયમિત હપ્તા પરત ભરે છે કે કેમ? વગેરે બાબતોને આવરી લઈ હજુ પણ આદિજાતિના ઉત્કર્ષ માટે આદિજાતિ વિકાસ કોર્પોરેશને શું કરવું જોઈએ તે અંગે કેટલાક સૂચનો આપવાનો પ્રયત્ન અહીં કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસ દ્વારા આદિવાસી વિસ્તારોમાં સઘન ક્ષેત્રકાર્ય કરી માહિતી મેળવી લાભાર્થી કુટુંબોની, સહકારી મંડળીના કર્મચારીઓ, સામાજિક કાર્યકર્તાઓ વગેરેના રૂબરૂ સંપર્ક સાધી માહિતી એકત્ર કરી તેમના અનુભવો, પ્રતિભાવો, સમસ્યાઓ વગેરેને અહીં મૂર્તિમંત કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ અભ્યાસ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રને સોંપવા બદલ આદિજાતિ વિકાસ કોર્પોરેશન અને શ્રી રાણેનો આભાર વ્યક્ત કરવાની તક લઉં છું, તેમજ કેન્દ્રમાંથી પણ આ પ્રસ્તુત અભ્યાસની કામગીરી અમને સોંપી તે બદલ કેન્દ્રના કાર્યકારી નિયામક શ્રી આર.બી. લાલનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

- ડૉ ગૌરીશંકર પંડ્યા
- ભીખાભાઈ પટેલ

ગુજરાત સરકારની નજર ખેતીના પૂરક એવા પશુપાલનના ધંધા પર મંડાઈ. જેમાં ગુજરાત સરકારને લાગ્યું કે આજે કોઈ નક્કર વ્યવસાય હોય તો તે ડેરી વ્યવસાય છે. અને એને જો વેગ આપવામાં આવે તો ગ્રામ્ય અર્થતંત્રમાં સુધારો લાવી શકાય. સરકારશ્રીએ પણ ૧૯૭૨-૭૩ના વર્ષમાં વિકાસની જુદી જુદી પ્રવૃતિને વેગ આપવા અને આદિવાસી પ્રજાને ધ્યાનમાં રાખી આદિવાસી પ્રજાના ઉત્કર્ષ માટે એક અલગ કાર્પોરેશનની સ્થાપના કરી આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા આદિવાસી પ્રજાને પગભર કરવા માટે ૧૯૭૭ના વર્ષના અંતથી આજસુધી અનેકવિધ યોજનામાં સહાયભૂત થઈને આદિવાસી ઉત્કર્ષ માટે ભગીરથ પ્રયાસો કર્યા છે. તેમાંય શરૂઆતના વર્ષમાં દાખલ કરેલ વ્યાજ રાહત યોજનામાં દૂધાળા ઢોરની યોજના અમલમ મૂકીને રૂા.૧૫૦૦ થી શરૂ કરીને આજે રૂા.૯૦૦૦ સુધીનું ધિરાણ દૂધાળા ઢોર માટે ૫૦% સબસીડીના ધોરણે ઘણી મોટી સંખ્યામાં ભેંસો/ ગાયો આપવામાં આવે છે. અને ઓછા વ્યાજે દૂધાળા ઢોરના યુનિટ માટે ધીરાણ પણ કરવામાં આવી રહ્યું છે. આ તબક્કે આ યોજનાથી ખરેખર શું પરિણામ આવ્યું તેનું મૂલ્યાંકન જરૂરી અને એટલુંજ ઉપયોગી પુરવાર થશે.

દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ધ્વારા સભાસદોને આદિજાતિ વિકાસ કોર્પોરેશનની નાણાકીય સહાય વડે જે દૂધાળા ઢોર અપાય છે તે ગામડામાં ઓછું ભણેલા અને બેકાર યુવાનો માટે રોજી પૂરી પાડવા માટેનો અસરકારક કાર્યક્રમ પુરવાર થઈ રહયો છે. ત્યારે આ યોજનાની સાથે સાથે એ પણ ભૂલવું ન જોઈએ કે આદિવાસીઓને દૂધાળા ઢોર ખરીદવા માટે અપાતી લોનની યોજનાની સાથે સભાસદ પાસેની દૂધાળા ઢોરને પોષવાની વ્યવસ્થાને પણ જોવી જાણવી એટલીજ જરૂરી બને છે. આપણે દૂધાળા ઢોર ખરીદવા માટે માત્ર આપેલ લોનની આદિવાસી પ્રજાનું કલ્યાણ નહિ થાય. આપણે માત્ર ધીરેલ લોનના આંકડા છાપીને કે લોન વિતરણ સમારંભો યોજીને ગરીબ આદિવાસીને મદદ કર્યાનો સંતોષ જરૂર માનીશું પરંતુ ખરેખર જે લોનો આપી છે તેનું શું પરિણામ આવ્યું તેની આવક વધી કે ઘટી? તેનામાં દૂધના વ્યવસાયની કેટલી જાણકારી છે તેનું મૂલ્યાંકન કરવાની હાલના તબક્કે જરૂરીજ નહિ પણ મહત્વનું છે.

આજે એક એવું મંતવ્ય પ્રચલિત છે કે દૂધ ગાય કે ભેંસના આંચળમાં નહીં પણ તેની દાઢમાં છે એટલે કે દૂધાળાં ઢોરને જેટલું અને જેવું ખાણદાણ ઘાસ નીરવામાં આવે તેટલું દૂધનું વધારે ઉત્પાદન લઈ શકાય. એટલે કે આ.વિ. કોર્પોરેશન ધ્વારા માત્ર દૂધાળાં ઢોર માટેજ ધીરાણ યોજનાઓને મહત્વ આપવાનું નથી સાથે સાથે ખાણ-દાણ અને ઘાસની યોજનાને પણ એટલુંજ મહત્વ આપી મંડળીઓને તેમાં ભાગીદાર બનાવવી જોઈએ. કારણકે સમગ્ર આદિવાસી વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ જોતાં આદિવાસી વિસ્તારમાં ઘાસ-પાણીની પૂરતી સગવડ ઉપલબ્ધ નહિ હોય તો આ યોજના કદાચ ગરીબને વધુ ગરીબ બનાવશે અને આ પ્રજાને વધુ મુશ્કેલીમાં મુકશે એટલે કે અહીં આ અંગે પણ વિચારણા જરૂરી બનશે.

<u>વિસ્તાર પસંદગી</u> :

આજે ગુજરાતમાં ઠેર ઠેર ડેરી વ્યવસાયના મંડાણ થઈ ચૂકયાં છે. રાજયના આદિજાતિની વસ્તી ધરાવતા આઠ જિલ્લાઓમાં પણ આદિજાતિ વિકાસ કોર્પોરેશન અને સરકારશ્રીના સહિયારા પ્રયાસોથી ઠેર ઠેર દૂધાળાં ઢોર પૂરાં પાડવાની યોજના અમલી બનેલી છે. તેમાં આ.વિ. કોર્પોરેશનની સહાયથી આદિવાસી વિસ્તારમાં દૂધમંડળીઓ ધ્વારા આદિવાસી સભાસદોને દૂધાળાં ઢોર ઘણી મોટી સંખ્યામાં આપવામાં આવ્યાં છે. જેથી ડેરી વ્યવસાય કરતી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ વિસ્તરણ પામી છે. તેમાં કેન્દ્ર ધ્વારા પ્રસ્તુત અભ્યાસમાં માત્ર દક્ષિણ ગુજરાતને સાંકળીને સુરત અને વલસાડ એમ બે જીલ્લાને કેન્દ્રમાં રાખી પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં વલસાડ જિલ્લાના વલસાડ, વાંસદા, ચીખલી અને ધરમપુર એમ ચાર તાલુકા, અને સુરત જીલ્લાના મહુવા, વાલોડ, વ્યારા, ઉચ્છલ, માંડવી અને માંગરોળ એમ છ તાલુકા અને પંચમહાલ જીલ્લાના ઝાલોદ તાલુકો એમ કુલ અગિયાર તાલુકાની કુલ ૧૭ દૂધ મંડળીઓને અભ્યાસ હેઠળ આવરી લેવાઈ છે. પ્રસ્તુત મૂલ્યાંકન અભ્યાસ અર્થે કેટલાક હેતુઓને પણ ધ્યાનમાં રાખ્યા હતા.

<u>તપાસના ઉદ્દેશો</u> :

(૧) પસંદ કરેલ વિસ્તારની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની મુલાકાત લઈ મંડળી ધ્વારા (આદિજાતિ-વિકાસ કોર્પોરેશનની) કેટલા સભાસદોએ લોન લીધી છે તે તપાસવું.

(૨) આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દૂધાળાં ઢોરની યોજના આવવાથી સભાસદોને શું લાભ થયો? તેમની આવક વધી, દૂધ ઉત્પાદન વધ્યું કે કેમ? તે જાણવું.

(૩) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના કાર્યમાં દૂધ ઉત્પાદક સંઘની સાથે સાથે આદિજાતિ વિકાસ કોર્પોરેશન બીજી કઈ રીતે મદદરૂપ થાય છે તે જોવું.

(૪) દૂધાળાં ઢોરની યોજના આવવાથી આર્થિક રીતે કયા સ્તરના આદિવાસીઓને કેટલો લાભ મળ્યો છે તેની વ્યવસ્થિત તપાસ કરવી.

(૫) દૂધાળાં ઢોરની યોજનાનો લાભ નાના સીમાંત ખેડૂતો અને ખેત વિહોણા સભાસદોને મળ્યો છે કે કેમ તે જોવું.

(૬) દૂધાળાં ઢોરની યોજનાથી આદિવાસી સભાસદોના આર્થિક વિકાસની સાથે સાથે ગ્રામસંરચનામાં કઈ ફેર પડયો છે ખરો? તે તપાસવું.

(૭) દૂધાળાં ઢોરની યોજનાની સાથે સાથે દૂધ સહકારી મંડળી દ્વારા આદિવાસીઓમાં દૂધના ઉત્પાદન અંગેનું દૂધાળાં ઢોરને સાચવવા અંગેનું તાંત્રિક જ્ઞાન કેટલું વધ્યું તે પણ તપાસનો ઉદ્દેશ ધ્યાનમાં રખાયો છે.

(૮) ઉપરોક્ત હેતુઓ ઉપરાંત દૂધાળાં ઢોરની યોજનાનો સભાસદો વધુ ને વધુ લાભ લેતા થાય અને દૂધ સહકારી મંડળી વધુ કાર્યક્ષમ બને તે માટેનાં પગલાં સૂચવવાનો હેતુ રખાયો છે.

પ્રસ્તુત તપાસમાં ઉપરોક્ત જુદા જુદા હેતુઓને ધ્યાનમાં લઈ તેની તપાસ માટે જુદી જુદી પ્રવિધિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

<u>તપાસની પ્રવિધિઓ</u> :

(૧) પ્રસ્તુત અભ્યાસ હાથ ધરતાં પહેલાં આદિજાતિ વિકાસ કોર્પોરેશનની કચેરીની મુલાકાત લઈ સોનગઢ, માંડવી અને વાંસદા પ્રાયોજનના

વિસ્તારમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશને જે જે મંડળીઓને સીધું ધીરાણ કરવામાં આવ્યું હતું તેની પ્રાથમિક માહિતી મેળવી યાદી મેળવવામાં આવી હતી. ત્યારબાદ પસંદ થયેલ મંડળીઓની મુલાકાત લઈ દૂધાળાં ઢોરની યોજનાનો જેણે લાભ લીધો છે તે સભાસદો માસવાર મંડળીમાં દૂધ કેટલું ભરે છે. તેનાથી સભાસદને કેટલી આવક પ્રાપ્ત થાય છે અને સભાસદોને કેટલો ફાયદો થાય છે તેને લગતી માહિતી એકત્રીત કરવામાં આવી હતી.

(૨) મંડળીના સભાસદોની મુલાકાત ધ્વારા પ્રશ્નાવલીના ઉપયોગથી સભાસદ કુટુંબોની દૂધની આવક ખર્ચ અને સામાજિક આર્થિક પાસાંને લગતી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. આ સાથે મંડળીના સભાસદો કે જેમણે દૂધાળાં ઢોરની યોજનાનો લાભ લીધો છે. તેમને મંડળી ધ્વારા શું લાભ / ગેરલાભ થયા તે તપાસવા જુદી જુદી ૧૭ મંડળીઓની મુલાકાત લઈ ૧૦૦ સભાસદોને આવરી લઈ પ્રસ્તુત અહેવાલ માટે ઉપયોગી માહિતી મેળવી હતી.

(૩) આ અભ્યાસને વધુ સમર્થન આપવા નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી ગાંધીનગર, આદિજાતિ વિકાસ કોર્પોરેશનની કચેરીના અધિકારીશ્રીઓ, તાલુકા કક્ષાના સહકારખાતાના સંબંધિત અધિકારીઓ, દૂધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રીશ્રીઓ અને ઉત્તરદાતાઓની પ્રત્યક્ષ કાર્ય ધ્વારા મુલાકાત ધ્વારા અભ્યાસને લગતી તમામ પ્રકારની માહિતી એકત્રીત કરી હતી.

(૪) દૂધાળાં ઢોરની યોજનાના લાભાર્થીઓ અને મંડળી સાથે સંકળાયેલ વ્યક્તિઓના સંપર્કથી તેની પ્રવૃત્તિઓને સમજવા, સભાસદોમાં આવેલ તાંત્રિક જ્ઞાનની જાણકારી માટે દૂધના ધંધામાં સ્ત્રીઓનો શું હિસ્સો છે તે સમજવા તેમજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ધ્વારા આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે શું પરિવર્તન આવ્યું છે તે સમજવા પ્રત્યક્ષ મુલાકાત વખતે નિરિક્ષણ પ્રવિધિનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(૫) પ્રસ્તુત અભ્યાસની શરૂઆતથી ગ્રંથાલય કાર્ય દ્વારા દૂધ મંડળીઓને લગતા કેટલાક તપાસ નિબંધો, ગ્રામ સ્વરાજના અંકો દ્વારા આદિજાતિ વિકાસ કોર્પોરેશનની સ્થાપના અને તેની પ્રવૃત્તિઓ અને પરિચય કેળવ્યો હતો. ગ્રંથાલય કાર્ય દ્વારા ડેરી વ્યવસાયને લગતી ઘણી બધી વિગતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેના દ્વારા પ્રસ્તુત અભ્યાસને અનેક મર્યાદાઓ હોવા છતાં માહિતી સભર બનાવવાનો પ્રયત્ન તો કર્યો જ છે.

ઉપરોક્ત જુદી જુદી પ્રવિધિઓ દ્વારા અભ્યાસના હેતુઓને સિધ્ધ કરવા અંગે એકત્રિત કરવામાં આવેલી માહિતીને કોષ્ટીકરણ, વિશ્લેષણ અને પૃથક્કરણ દ્વારા જુદા જુદા પ્રકરણોમાં દર્શાવી છે.

## પ્રકરણ – ૨

## નમૂનાની દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓનો યથાસ્થિતિ અહેવાલ

ગુજરાત રાજ્ય ભારતભરમાં સહકારી ક્ષેત્રે વિશિષ્ટ રીતે વિકાસ પામેલુ રાજ્ય ગણાય છે. ખાસ કરીને ધિરાણ, કૃષિ ઉત્પન્ન અને તેનું રૂપાંતર તેમજ વિતરણ, ડેરી ઉદ્યોગ અને ઔદ્યોગિક ક્ષેત્રે સહકારી વિકાસ આગળ પડતો છે. આ બધા ક્ષેત્રોનો ઝડપી વિકાસ સ્વરાજ્ય મળ્યા પછી થતો રહયો છે. છેલ્લા ૪૪ વર્ષમાં ગુજરાતમાં ડેરી ઉદ્યોગ સહકારી ધોરણે નોંધપાત્ર રીતે આગેકદમ ભરી રહયો છે.

ડેરી ઉદ્યોગની શરૂઆત પહેલાં ખેતીના પૂરક ધંધા તરીકે દૂધાળાં ઢોર પાળવાની પ્રકૃતિ રૂઢિગત હતી. આજે પણ રૂઢિગત રીતે આ પશુપાલનનો વ્યવસાય આદિવાસી વિસ્તારોમાં જોવા મળે છે. દૂધ ઉત્પાદનનો ધંધો આવકના સાધન તરીકે નહીં પરંતુ પોતાની જરૂરિયાત તરીકે ચાલતો આવેલો છે. ખેડૂતોને છાણીયા ખાતરનો ઉપયોગ જમીનની ફળદ્રુપતા જાળવવામાં તેમજ ઉત્પાદન વધુ લેવાના હેતુથી કરતો. દૂધનો ઉપયોગ ખોરાકમાં, દૂધ, ઘી, છાશ તરીકે કરી વધારાનું દૂધ સ્થાનિક રીતે વેચાણ કરી કરતો. તેમાં બહારના વેપારીઓ ધ્વારા દરેક રીતે શોષણ થતું હતું. આ શોષણમાંથી મુક્ત કરવા સહકારી ડેરી ઉદ્યોગની શરૂઆત ૧૯૪૮થી થઇ.

ડેરી વિકાસ ક્ષેત્રે આમેય ગુજરાત દેશમાં સૌથી આગળ પડતા રાજ્યોમાંનું એક રાજ્ય છે. ડેરી એક એવો ઉદ્યોગ છે કે જે ગ્રામ્ય વિસ્તારનો મોટા પ્રમાણમાં લાભપ્રદ અને ઉત્પાદકતાની દ્રષ્ટિએ તેમજ રોજગારીની તકો પૂરી પાડવાની શક્તિ ધરાવે છે.

ગુજરાતમાં આદિવાસીઓનો મુખ્ય ધંધો ખેતી અને મજૂરી છે. આ સિવાય જંગલ મજૂરી, જંગલ પેદાશનો સંગ્રહ કરવો, એકત્રિત કરવી. સાથે પશુપાલન તેમજ ગૃહઉદ્યોગ છે. વર્ષોથી આદિવાસી વિસ્તારમાં આદિવાસી સભ્યોનું શોષણ ગામડાંના વેપારી અને શાહુકારો ધ્વારા થતું આવ્યું છે. આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે આઝાદી પછી ખાસ પ્રયત્નો કરવામાં આવ્યા છે. પરંતુ આ કાર્ય ઘણુંજ વિશાળ હોવાથી ગુજરાત રાજ્યે આદિવાસીઓના આર્થિક ઉત્થાન માટે અને સર્વાંગી વિકાસ ઝડપથી કરી શકે તે હેતુથી

સને ૧૯૭૨માં ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના કરી. ઠરાવવામાં આવ્યું કે 'ગુજરાત રાજયમાં અનુસૂચિત આદિજાતિઓના સભ્યોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉન્નતિનું કાર્ય હાથ ધરવાની કોર્પોરેશનની પ્રાથમિક ફરજ રહેશે અને કાર્પોરેશનને આવી ફરજો જ બજાવવા માટે જરૂરી હોય તેવાં તમામ કાર્યો કરવાનો અને તેવી તમામ સત્તા ગુ.આ.વિ.કો. ના અધિનિયમ ૧૯૭૨ની જોગવાઈઓને આધિન વાપરવાનો અધિકાર રહેશે.'

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના ગુજરાત એકર નંબર ૫ ૧૯૭૨થી સરકારશ્રીના જાહેરનામા ક્રમાંક એસ.એચ/એસ/૫૦૯૦/ ટી.ડી.સી./૧૦-૧૨ જે તા.૨૭-૧૦-૭૨થી કરવામાં આવેલ છે. અને તા.૨૪-૧૧-૭૨ના રોજ મળેલ કોર્પોરેશનના ડીરેક્ટરોના બોર્ડની પહેલી બેઠકથી કોર્પોરેશને પોતાના કામકાજની શરૂઆત કરી છે.

ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના અધિનિયમ ૧૯૭૨ હેઠળની જોગવાઈઓ અનુસાર કોર્પોરેશનને ગુજરાત રાજયની આદિજાતિ પ્રજાના સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક કલ્યાણની વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવાનું વિશાળ કાર્યક્ષેત્ર સોંપવામાં આવ્યું છે. તેના કાર્યક્રમ હેઠળ સઘન આદિવાસી વસ્તી ધરાવતા ડાંગ, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં આવેલ નવ સંકલિત આદિજાતિ વિકાસ પ્રોજેક્ટના ૩૨ તાલુકાઓ ઉપરાંત આદિજાતિ વસ્તી ધરાવતા ૨૧ પોકેટ વિસ્તાર અને રાજયના અન્ય છૂટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિના સભ્યોને દૂધાળાં ઢોર, બળદ-પાડા, બળદગાડા, સિંચાઈ માટે ઓઈલ એન્જિન અને ઈલે.મોટર ખરીદવા, મરઘાં ઉછેર એકમ શરૂ કરવા મત્સ્ય ઉદ્યોગ શરૂ કરવા. કુટિર ઉદ્યોગ જેવા ઉત્પાદન લક્ષી એકમ શરૂ કરવા તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપવાના હેતુઓ માટે ઓછા વ્યાજની લોન- ધિરાણ આપવામા આવે છે. છેલ્લા પાંચેક વર્ષથી આદિજાતિ સભ્યો કે જેઓ દૂધમંડળીના સભાસદ છે. તેમના આર્થિક ઉત્થાન માટે મંડળી ધ્વારા દૂધાળાં ઢોરની યોજના માટે લોન-સબસીડી આપવાની શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમ આદિવાસી વિસ્તાર માટે ઘણો સફળ પુરવાર થયો છે. શરૂઆતમાં ભેંસો માટે રૂા.૨૫૦૦ સુધીનું

અને ગાયો માટે રૂ. ૧૬૦૦ સુધીનું ધિરાણ આપવામાં આવતું હતું. આજે આ મર્યાદા વધારીને મંડળીને એક સભાસદ માટે, એક દૂધાળા ઢોર માટે રૂ.૯૦૦૦ સુધીનું અને ડેરી યુનિટ ઊભું કરવા માટે રૂ.૫૦,૦૦૦ સુધીનું ધિરાણ કરવામાં આવે છે. એને વ્યાજ રાહત યોજના હેઠળ આવરી લીધેલ છે. છેલ્લા પાંચ વર્ષો માં આદિવાસી વિસ્તારના આદિજાતિ સભાસદોને સહકારી મંડળી તરફથી જુદી જુદી ઉત્પાદક પ્રવૃતિઓ માટે લોનની માગણીઓ બહુ સારા પ્રમાણમાં આવવા લાગી. આ માંગણીઓ સંતોષવા આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા દરેક મંડળીઓને સીધું ધિરાણ કરેલ છે. મંડળીના સભાસદોએ આ યોજનાનો લાભ લઈ અર્થોપાર્જન માટે ઉપયોગ કર્યો છે. અને દૂધાળાં ઢોરમાંથી સારી આવક પણ મેળવે છે.

પ્રસ્તુત અભ્યાસ આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા જે મંડળીઓને સીધું ધિરાણ કર્યુ છે તેનો સભાસદોએ કેટલો લાભ લીધો છે? ખરેખર દૂધાળા ઢોર મળવાથી તેમની આવકમાં શો ફેર પડયો? દૂધ મંડળીમાં આપે છે? લોનના હપ્તા સમયસર ભરપાઈ થાય છે કે કેમ? વગેરે બાબતોને આ અભ્યાસમાં આવરી લઈ જાત માહિતી મેળવી છે.

તપાસેલ નમૂનાના દરેક કુટુંબો પાસે થોડીઘણી જમીન છે. જે જમીન છે તે જીવનનિર્વાહ પૂરતી નથી. જેથી ખેતીની સાથે જ દૂધનો વ્યવસાય મજૂરી કરીને જીવનનિર્વાહ ચલાવે છે.

ખેતી કરતા દરેક કુટુંબો પાસે પોતાનાં દૂધાળાં ઢોર જોવા મળ્યાં છે. મંડળી ધ્વારા પણ કેટલાક કુટુંબોએ દૂધાળાં ગાય- ભેંસ મેળવેલ છે. જેઓની પાસે પિયતની સુવિધા છે તેઓએ દૂધાળાં ઢોરના યુનિટનો પણ લાભ લીધો છે. એટલું જરૂરી કહી શકાય કે છેલ્લા ચાર-પાંચ વર્ષમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા વ્યાજરાહત યોજનામાં અને મંડળી ધ્વારા સબસીડી મેળવીને મેળવેલ ભેંસોથી તેમની આવકમાં વૃધ્ધિ જોવા મળી છે. જેનો ખ્યાલ અહીં દૂધ મંડળીમાંથી મેળવેલ માહિતી દૂધ ભરનાર સભાસદોની માહિતી ઉપરથી આવી શકે છે. આ વિસ્તારમાં (દ.ગુજરાતમાં) તાપી થી વાપી વચ્ચેના પ્રદેશમાં જે જે મંડળીઓને સીધું ધીરાણ કરેલ છે. તેના ધ્વારા જેઓને ભેંસો, ગાયો મળી છે તેમાંથી દરેક સભાસદ સારું વળતર પણ મેળવે છે. પરંતુ માંડવી, માંગરોળ અને પંચમહાલની કેટલીક મંડળીઓને જે ધીરાણ કરવામાં આવ્યું છે

તેનું વળતર મળતું નથી. દૂધમંડળીમાં દૂધ પણ નહિવત આવે છે? જેથી લોનની વસુલાત પણ ઘણીઓછી થાય છે. એકંદરે દૂધાળાં ઢોર આપ્યા પછી એટલું તો જરૂર કહી શકાય કે સભાસદોને દૂધની આવક સારી મળે છે અને ખોરાકમાં પણ દૂધનો ઉપયોગ સારા પ્રમાણમાં કરતા થયા છે. કેટલાક કુટુંબો તો એવા પણ જોવા મળ્યા છે કે જેઓ માત્ર દૂધના વ્યવસાય (પશુપાલન) પરજ નિર્ભર છે.

ગુજરાતના સહકારી ક્ષેત્રોમાં નોંધપાત્ર સિધ્ધિઓ હાંસલ કરનાર અનેક ક્ષેત્રો છે પરંતુ અહીં માત્ર આદિજાતિ વિકાસ કોર્પોરેશનની સ્થાપના પછી જે સહકારી મંડળીઓને અને તેના સભાસદોને દૂધાળાં ઢોરની યોજના માટે, સભાસદ અને મંડળીઓના આર્થિક ઉત્કર્ષ માટે જે સહાય મળી છે. તેના ધ્વારા મંડળીઓ અને સભાસદોએ સાધેલા વિકાસની વાત કરીએ તો ખરેખર સાચા અર્થમાં સભાસદોએ કેટલીક આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરી છે અને આદિવાસી વિસ્તારમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશનની નાણાંકીય સહાય કેટલે અંશે ઉપયોગી નીવડી છે તેનું સ્પષ્ટ ચિત્ર સભાસદો અને અભ્યાસ હેઠળની મંડળીઓના યથાસ્થિતિ અહેવાલ પરથી જાણી શકાશે.

અહીં નમૂનાની પસંદ થયેલ મંડળીઓની સ્થાપના વર્ષ કુલ સભાસદ સંખ્યા દૂધભરનાર સભાસદ અને દૈનિક દૂધનું એકત્રિકરણની વિગતો દર્શાવી છે. આ ઉપરાંત દરેક મંડળીના નમૂનાના સભાસદ પાસેથી તેઓ વર્ષ દરમ્યાન કેટલું દૂધ મંડળીમાં ભરે છે અને તેમાંથી કુલ વાર્ષિક આવક કેટલી મેળવે છે. તેની વિગતો ના અભ્યાસ પરથી માસવાર કેટલું દૂધ મંડળીમાં ભરે છે અને કેટલી આવક મેળવે છે તેમજ દૂધાળાં ઢોર આપ્યા પછી કેટલી પ્રગતિ કરી છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

<u>મ.સં.હા.રે. (મરલા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મરલા, તા. વલસાડ.</u>

મંડળીની સ્થાપના : એપ્રિલ ૧૯૯૦

કુલ સભાસદ સંખ્યા : ૨૬૫ આદિવાસી + ૪ બક્ષી = ૨૬૯

દૂધભરનાર સભાસદ સંખ્યા: ૬૫

ગાય – ૨૧, ભેંસ – ૪૪ = ૬૫.

દૂધ મંડળી ધ્વારા દૈનિક દૂધનું કલેકશન (લીટર)

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૬૮.૦૨ | ૭૮.૪ | ૧૪૬.૬ |
| ભેંસ | ૧૦૫.૦ | ૧૦૮.૦ | ૨૧૩.૦ |
| કુલ | ૧૭૩.૨ | ૧૮૬.૪ | ૩૫૯.૬ |

મરલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા ૨૭ ભેંસ, ૩ ગાય અને ૨ ડેરી યુનિટ આપવામાં આવ્યા છે. આઈ.આર.ડી. યોજના હેઠળ ૧૭ ભેંસ અને ૧ ગાય મંડળીના સભાસદોને આપેલ છે. મંડળી પાસે આર્ટીફીસીયલ ઈન્સોમીનેશન પશુઓની પ્રાથમિક સારવાર માટેની સુવિધા ઉપલબ્ધ છે.

<u>ભીનાર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ભીનાર, તા. વાંસદા</u> :

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના વર્ષ | : | ૨૨.૨.૧૯૭૭ |
| કુલ સભાસદ સંખ્યા | : | ૨૭૬ |
| બિન સભાસદ | : | ૫૦ |
| દૂધ ભરનાર સભાસદ સંખ્યા | : | ૨૫૧ |

દૂધ મંડળી ધ્વારા સરેરાશ દૈનિક દૂધનું કલેકશન (લીટર)

સવાર અને સાંજ

| | |
|---|---|
| ગાય | ૩૬૫ |
| ભેંસ | ૩૬૪ |

મંડળી ધ્વારા આપેલ પશુધન : ૮૧ ગાય-ભેંસ

<u>કબોયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., કબોયા, તા. વાંસદા</u> :

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના | : | ૧૨.૧૨.૭૩ |
| કુલ સભાસદ સંખ્યા | : | ૫૭૩ |
| દૂધ ભરનાર સભાસદ | : | ૧૫૨ + ૨૨ = ૧૭૪ |
| મંડળી ધ્વારા આપેલ પશુધન | : | ૪૯ ભેંસ |

ઉપરોક્ત બંને મંડળીઓને આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા ૧૯૯૨-૯૩ના વર્ષ દરમ્યાન ગાય- ભેંસ માટે સીધું મંડળીને ધીરાણ કરેલ છે. આ મંડળીઓએ સૌ પ્રથમવાર સીધે સીધું જોખમ ખેડીને સભાસદોને ગાયો- ભેંસો ખરીદવા જેઓ દૂધ ભરે છે તેમની ખેતી વિકાસ સાથે પૂરક આવક મેળવવા માટે કરેલ છે. અને સારો લાભ પણ મેળવી રહયા છે. દરેક સભાસદો પાસે નિગમની લોન ધ્વારા આપેલ પશુધન ખૂબજ સારી માવજત સાથે સચવાયેલ છે. અને ઘણું સારું દૈધનું ઉત્પાદન પણ મેળવે છે જે આ સાથેના પત્રક ઉપરથી જોઈ શકાય છે.

## મરલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી, તા.વલસાડ

### માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને એની ચૂકવેલી કિંમત (રૂપીયા)

| ક્રમ | માસ- વર્ષ | ગંગાબેન કનુભાઈ પટેલ | | શારદાબેન ગુણવંતભાઈ | | બબલીબેન મકનભાઈ | | મંજુલાબેન નટુભાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુઆરી-૯૩ | ૨૯.૧ | ૧૭૪.૧૯ | - | - | - | - | - | - | - | - |
| ૨. | ફેબ્રુઆરી | ૮૯.૫ | ૫૨૮.૬૭ | - | - | ૧૫૪.૫ | ૧૦૬૨.૬૩ | - | - | - | - |
| ૩. | માર્ચ | ૧૧૬.૩ | ૭૬૩.૯૨ | ૨૩૭.૫ | ૧૪૮૭.૬૭ | ૧૭૯.૩ | ૧૨૬૭.૬૩ | ૧૦૯.૧ | ૬૧૭.૯૦ | ૧૫૭.૬ | ૮૭૫.૯૦ |
| ૪. | એપ્રિલ | ૧૨૦.૩ | ૮૫૯.૨૩ | ૨૩૫.૯ | ૧૬૮૫.૮૯ | ૧૨૮.૨ | ૧૦૫૧.૨૪ | ૨૩૧.૫ | ૧૩૪૪.૨૪ | ૧૪૪.૦ | ૮૨૯.૪૬ |
| ૫. | મે | ૯૯.૪ | ૮૧૦.૫૪ | ૨૫૧.૨ | ૧૮૮૨.૩૩ | ૧૦૬.૮ | ૯૮૦.૨૨ | ૧૮૭.૦ | ૧૧૫૦.૭૦ | ૧૩૪.૫ | ૮૦૨.૮૨ |
| ૬. | જૂન | ૧૧૦.૭ | ૮૦૮.૬૩ | ૨૨૯.૩ | ૧૭૫૪.૦૬ | ૮૫.૦ | ૭૩૨.૧૨ | ૧૮૫.૨ | ૧૧૪૯.૭૨ | ૧૧૨.૦ | ૭૧૦.૦૨ |
| ૭. | જુલાઈ | ૬૨.૭ | ૪૩૫.૮૨ | ૨૩૧.૬ | ૧૭૫૧.૮૯ | ૪૩.૫ | ૪૦૦.૮૪ | ૧૭૮.૮ | ૧૧૦૩.૩૨ | ૮૨.૨ | ૫૩૧.૦૩ |
| ૮. | ઓગષ્ટ | ૨૯.૪ | ૨૨૪.૧૨ | ૨૩૩.૬ | ૧૮૪૯.૮૪ | - | - | ૧૫૮.૭ | ૯૮૫.૩૬ | ૫૨.૧ | ૩૧૭.૭૩ |
| ૯. | સપ્ટેમ્બર | ૨૮.૭ | ૨૨૩.૯૭ | ૧૭૫.૬ | ૧૩૪૧.૮૯ | - | - | ૧૧૬.૧ | ૭૪૯.૪૬ | ૧૨.૮ | ૮૫.૨૬ |
| ૧૦. | ઓક્ટોબર | - | - | ૧૪૮.૭ | ૧૨૭૦.૫૪ | - | - | ૧૦૩.૮ | ૬૫૫.૨૨ | ૬૧.૨ | ૪૩૬.૦૨ |
| ૧૧. | નવેમ્બર | - | - | ૨૧૩.૦ | ૨૬૮૧.૫૩ | ૧૩૭.૩ | ૧૧૩૫.૭૯ | ૧૩૪.૧ | ૮૭૫.૬૬ | ૨૧૬.૯ | ૧૨૩૮.૧૯ |
| ૧૨. | ડીસેમ્બર | - | - | ૩૮૫.૪ | ૨૭૮૦.૦૧૦ | ૨૪૪.૧૦ | ૧૭૯૮.૩૩ | ૨૩૦.૩ | ૧૩૦૯.૨૫ | ૧૫૯.૮ | ૭૯૫.૨૮ |
| ૧૩. | જા-યુ.-૯૪ | ૩૨૦.૦ | ૨૨૮૧.૦૮ | - | - | ૩૫૩.૦ | ૨૮૯૮.૪૨ | ૧૯૫.૫ | ૧૧૫૩.૫૮ | ૧૪૬.૨ | ૮૦૦.૮૭ |
| | | | | | | | | | | ૬૩.૬ | ૩૬૬.૫૨ |
| | કુલ | ૧૦૦૬.૧ | ૭૧૧૦.૧૭ | ૨૩૪૧.૮ | ૧૮૪૮૫.૯૧ | ૧૪૩૨.૩ | ૧૧૩૨૭.૨૨ | ૧૮૩૦.૧ | ૧૧૦૯૪.૪૪ | ૧૩૪૬.૯ | ૭૭૮૯.૧૦ |

કબોયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. કબોયા, તા.વસિદા

માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની ચૂકવેલી કિંમત (રૂા.)

| ક્રમ | માસ- વર્ષ | અમૃત શોભાન | | દેવજી કાનજી | | મેરવાન રમતા | | રતીલાલ છગન | | પેમા માવજી | | લલ્લુ ભેસા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધલીટર | કિંમત | દૂધલીટર | કિંમત | દૂધલીટર | કિંમત | દૂધલીટર | કિંમત | દૂધલીટર | કિંમત | દૂધલીટર | કિંમત |
| ૧. | જાન્યુ.-૬૩ | ૧૬૮.૯ | – | ૩૧૪.૪ | ૧૯૨૧.૦૩ | – | – | ૬૧.૮ | ૩૭૪.૬૮ | ૧૨૫.૫ | ૭૩૪.૬૯ | – | – |
| ૨. | ફેબ્રુઆરી | – | – | ૨૧૪.૨ | ૧૩૩૮.૧૫ | ૧૪.૯ | ૯૨.૩૫ | ૭૪.૯ | ૩૩૭.૯૫ | ૧૧૮.૯ | ૭૩૭.૬૮ | – | – |
| ૩. | માર્ચ | ૧૬૮.૯ | ૮૬૭.૭૩ | ૨૨૪.૧ | ૧૩૭૯.૩૭ | ૧૩૬.૦ | ૮૩૮.૩૨ | ૮૬.૩ | ૫૧૪.૮૧ | ૧૧૬.૪ | ૮૩૩.૧૮ | ૧૪૯.૩ | ૯૦૩.૫૯ |
| ૪. | એપ્રિલ | ૧૫૯.૧ | ૮૬૮.૦૬ | ૧૪૭.૦ | ૯૬૦.૯૮ | ૧૧૯.૦ | ૮૩૫.૦૫ | ૬૧.૦ | ૫૮૯.૧૩ | ૧૦૧.૯ | ૭૮૩.૧૫ | ૧૩૧.૫ | ૮૭૪.૨૮ |
| ૫. | મે | ૧૫૫.૨ | ૮૭૮.૧૩ | ૧૧૫.૯ | ૮૦૩.૩૭ | ૧૧૩.૦ | ૭૨૧.૮૭ | ૬૬.૨ | ૫૦૮.૪૪ | ૯૨.૧ | ૭૩૪.૯૩ | ૧૧૫.૩ | ૬૮૦.૧૩ |
| ૬. | જૂન | ૧૪૩.૬ | ૮૧૩.૨૨ | ૮૪.૪ | ૫૯૪.૯૭ | ૧૧૩.૮ | ૭૧૧.૧૧ | ૬૪.૭ | ૪૯૨.૫૫ | ૭૪.૦ | ૫૯૫.૮૫ | ૯૧.૬ | ૫૯૧.૧૧ |
| ૭. | જુલાઈ | ૧૮૫.૩ | ૧૦૮૬.૩૧ | ૯૧.૬ | ૫૮૪.૪૧ | ૬૦.૮ | ૪૦૪.૧૧ | ૭૫.૯ | ૫૭૭.૪૫ | ૮૬.૧ | ૪૯૦.૩૩ | ૧૧૦.૩ | ૭૩૨.૧૮ |
| ૮. | ઓગષ્ટ | ૧૯૫.૧ | ૧૧૫૮.૧૯ | ૭૭.૦ | ૫૧૧.૩૬ | ૮૬.૫ | ૬૨૯.૦૯ | ૫૨.૮ | ૪૫૫.૧૦ | ૮૧.૯ | ૬૬૯.૨૧ | ૧૧૨.૧ | ૭૪૯.૧૯ |
| ૯. | સપ્ટેમ્બર | ૧૬૮.૪ | ૧૦૮૭.૮૨ | ૬૫.૧ | ૪૮૨.૮૪ | ૭૦.૨ | ૫૧૯.૧૨ | ૩૭.૯ | ૩૫૩.૧૦ | ૭૫.૦ | ૬૨૦.૩૫ | ૮૪.૧ | ૬૩૩.૯૫ |
| ૧૦. | ઓક્ટોબર | ૧૩૧.૯ | ૮૨૧.૬૮ | ૧૩૨.૮ | ૮૬૬.૪૫ | ૭૩.૫ | ૫૭૬.૪૦ | ૩૨.૪ | ૩૨૩.૧૧ | ૫૭.૫ | ૪૯૮.૩૫ | ૬૩.૨ | ૫૨૧.૩૩ |
| ૧૧. | નવેમ્બર | ૪૧.૯ | ૨૫૮.૩૫ | ૨૪૧.૯ | ૧૫૩૧.૧૯ | ૬૯.૬ | ૫૨૬.૮૨ | – | – | ૯.૨ | ૮૯.૦૮ | ૫૩.૧ | ૪૩૧.૯૬ |
| ૧૨. | ડીસેમ્બર | ૧૭.૦ | ૧૧૩.૬૫ | ૧૬૩.૧ | ૯૫૭.૫૨ | ૩૬.૦ | ૨૪૪.૪૮ | – | – | – | – | ૪૪.૯ | ૩૧૩.૬૮ |
| | કુલ | ૧૩૬૭.૦ | ૭૯૫૩.૨૦ | ૧૮૭૧.૫ | ૧૧૯૯૧.૬૪ | ૮૯૩.૩ | ૬૦૯૯.૩૨ | ૬૧૩.૯ | ૪૫૨૭.૯૨ | ૯૩૮.૫ | ૬૯૮૭.૪૦ | ૯૫૫.૬ | ૬૪૩૩.૨૦ |

<u>રાનકુવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. , રાનકુવા, તા. ચીખલી :</u>

મંડળીની સ્થાપના : માર્ચ ૧૯૯૧

કુલ સભાસદ સંખ્યા : ૮૧

બિન સભાસદ સંખ્યા : ૧૦૦

દૂધ ભરનાર સભાસદ : ૬૦ બિનસભાસદ ૧૦૦

દૂધમંડળી ધ્વારા દૈનિક સરેરાશ દૂધનું કલેકશન (લીટર)

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૧૦૦ | ૧૨૫ | ૨૨૫ |
| ભેંસ | ૨૫૦ | ૧૫૦ | ૪૦૦ |
| કુલ | ૩૫૦ | ૨૭૫ | ૬૨૫ |

રાનકુવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. ની સ્થાપના ૧૯૭૫-૭૬માં થઈ હતી. પરંતુ મંડળી ચાર થી પાંચ વર્ષ સુધી વ્યવસ્થિત ચાલી. વહીવટ જયાં સુધી શરૂઆતમાં સારો રહયો ત્યાં સુધી સારી રીતે પ્રગતિ કરતી થઈ પરંતુ કેટલીક વહીવટી ખામીઓ અને અંદરો અંદર અવિશ્વાસ ઊભો થતાં મંડળી ફડચામાં ગઈ. ત્યારબાદ આ મંડળીને જીવંત કરવા અનેક પ્રયત્નો થયા. છેવટે યુવાવર્ગે આગળ આવીને ૧૯૯૦-૯૧ માં નાના પાયે ફરીથી શરૂઆત કરી. શરૂઆતમાં '૯૦-૯૧ માં આઈ.આર. ડી.પી. યોજના હેઠળ ૫૦ સભાસદોને ગાય, ભેંસ માટે ધિરાણ આપ્યું. મંડળીને કાર્યરત કરી થોડા સમયબાદ આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગર ધ્વારા મંડળીને સીધુ ધીરાણ કરીને બીજા ૨૩ સભાસદોને દૂધાળાં ઢોર માટે ધીરાણ કરવામાં આવ્યું હતું પરંતુ લોન પરત મોકલી દીધેલ છે.

જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા અપાતી લોનની જવાબદારી બેંકની હોય છે. જયારે આ. વિ. કા. ની લોનની જવાબદારી મંડળીની હોય છે. જેથી મંડળી માથે જોખમ ઊભું રહે છે. કારણકે કેટલાક સભાસદો મંડળી ધ્વારા લોન લઈ દૂધાળાં ઢોર ખરીદી લે છે. અને દુધ બજારમાં છૂટક વેચે છે. જેથી મંડળીમાં દૂધ આવતું નથી અને તેની વસુલાત પણ થતી નથી.

આવી લોનની જવાબદારી મંડળીની હોવાથી વસુલાત પણ મંડળીએ કરી પરત આ.વિ.કો. ને ભરવાની હોય છે. તેથી આનો મદાર સભાસદ પર રાખવો પડે છે. બધા સભાસદો સરખા ન હોવાથી લોન પરત ભરવા મંડળીના ભંડોળનો ઉપયોગ કરવો પડે અને મંડળી ફડચામાં જાય. જેથી મંડળીને જીવંત રાખવા માટે બોલ લોન પરત મોકલી આપી.

કેટલાક સભાસદો સબસીડી મેળવવા પૂરતી લોન લેતા હોવાથી જે હેતુ માટે ધીરાણ કરાય છે તે હેતુ સિધ્ધ થતો નથી. જેથી માત્ર સબસીડીમાં રસ હોવાથી દૂધાળા જાનવાર પ્રત્યે કાંઈ કાળજી લેવાતી નથી. અને દૂધ મંડળીમાં દૂધ ભરતા નહોવાથી હપ્તા બાકી રહે. જેથી આખરે મંડળીને ખોટ ભોગવવી પડે છે. મંડળીને આ.વિ.કો. તરફથી મળતી લોનની મંડળીની જવાબદારીઓ વધે છે અને હપ્તા ન ભરાતાં તે મુશ્કેલીમાં મૂકાય છે. જ્યારે જી.ગ્રા.વિ. એજન્સીની સહાય બેંક ધ્વારા મળતી હોવાથી વસુલાત માટે બેંક નોટીસ કાઢી શકે છે. જ્યારે મંડળી સભાસદ સામે કોઈજ પગલાં લઈ શકે નહિ. કેટલીકવાર સભાસદોને બધી બાજુથી મળતી લોન સહાયથી તે દરેક જગ્યાએથી લેવા માટે લલચાય છે. અને આવકની મર્યાદાઓ હોવા છતાં મર્યાદા બહારનુ ધીરાણ મેળવી તેમણે પણ મુશ્કેલીમાં મૂકાય છે.

આ.વિ. કોર્પોરેશન ધ્વારા મળતી લોનની સબસીડી છ- આઠ માસના ગાળા પછી મળે છે. જેથી સભાસદોને ત્યાં સુધી વ્યાજ ભરવુ પડે છે. માટે લોનની વસુલાતની જવાબદારી મંડળી પર ન નાખતાં તેની અલગ વિચારણા થવી જોઈએ.

દેવાં નાબૂદી યોજના હેઠળ બેંકોનું ધીરાણ લોન માફ થઈ શકે છે. જ્યારે નિગમની લોન માફ ન થતાં આ મંડળી ફડચામાં ગઈ હતી. કેટલાક સભાસદો માત્ર સબસીડી માટેજ લોન લેતા હોય છે. જ્યારે કેટલાક સબસીડી મળે કે ન મળે પણ લોન લેવાનો આગ્રહ સામેથી કરે છે.

રાનકૂવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., રાનકૂવા, તા. ચીખલી

માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની ચૂકવેલી કિંમત (રૂ.)

| ક્રમ | માસ - વર્ષ | પુષ્પાબેન ભરત | | મંગુભાઇ નીછા | | જશુજીવણ હિરિશજીવણ | |
|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુઆરી-૯૩ | ૮૯.૫ | ૫૯૬.૯૩ | ૧૦૫.૯ | ૫૨૪.૬૪ | ૨૪૫.૬ | ૧૧૯૦.૫૬ |
| ૨. | ફેબ્રુઆરી | ૫૨.૯ | ૩૬૪.૯૧ | ૭૪.૭ | ૩૫૯.૦૨ | ૪૦૭.૫ | ૨૦૩૯.૨૭ |
| ૩. | માર્ચ | ૫૬.૨ | ૩૭૫.૦ | ૩૨.૮ | ૧૭૨.૧૯ | ૩૭૭.૬ | ૧૮૭૭.૧૫ |
| ૪. | એપ્રિલ | ૬૩.૨ | ૪૬૬.૭૬ | ૩૦.૧ | ૧૫૫.૬૭ | ૨૫૧.૦ | ૧૫૭૫.૧૫ |
| ૫. | મે | ૩૫.૯ | ૨૯૪.૨૯ | ૩૧.૧ | ૧૭૫.૭૮ | ૧૧૯.૬ | ૭૬૮.૫૨ |
| ૬. | જૂન | ૩૧.૧ | ૨૫૪.૯૭ | ૩૪.૭ | ૨૦૮.૭૫ | ૮૯.૮ | ૬૦૦.૨૫ |
| ૭. | જુલાઇ | – | – | – | – | ૩૫.૬ | ૨૦૬.૦૨ |
| ૮. | ઓગષ્ટ | – | – | – | – | – | – |
| ૯. | સપ્ટેમ્બર | – | – | – | – | ૫૩.૯ | ૩૦૯.૯૬ |
| ૧૦. | ઓક્ટોબર-૯૩ | ૭૭.૪ | ૫૫૯.૮૦ | ૨૧.૧ | ૧૩૩.૨૭ | – | – |
| ૧૧. | નવેમ્બર | ૨૦૨.૫ | ૧૩૧૫.૩૪ | ૧૩૦.૦ | ૬૯૫.૦૧ | – | – |
| ૧૨. | ડીસેમ્બર | ૧૩૨.૪ | ૮૫૫.૪૫ | ૧૦૧.૮ | ૫૮૨.૯૬ | – | – |
| | કુલ | ૭૪૧.૧ | ૫૦૮૩.૪૫ | ૫૬૨.૨ | ૨૯૯૭.૨૯ | ૧૫૮૦.૬ | ૮૫૬૬.૮૮ |

## રાનવેરી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., રાનવેરી, તા.ચીખલી

**માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને એની ચૂકવેલી કિંમત (રૂ.)**

| ક્રમ | માસ – વર્ષ | બાલીબેન વિનુ (ગાય) | | શાન્તાબેન મનજી (ગાય) | | કલાવતી રામુ | |
|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુઆરી–૬૩ | – | – | – | – | – | – |
| ૨. | ફેબ્રુઆરી | – | – | – | – | – | – |
| ૩. | માર્ચ | – | – | – | – | – | – |
| ૪. | એપ્રિલ | – | – | – | – | – | – |
| ૫. | મે | – | – | – | – | – | – |
| ૬. | જૂન | – | – | – | – | – | – |
| ૭. | જુલાઈ | – | – | – | – | – | – |
| ૮. | ઓગષ્ટ | – | – | – | – | – | – |
| ૯. | સપ્ટેમ્બર | – | – | – | – | – | – |
| ૧૦. | ઓક્ટોબર | ×૧૫૨.૩ | ૮૭૨.૩૬ | ×૧૨૩.૦ | ૭૧૧.૫૦ | ×૨૮૫.૧ | ૧૬૫૭.૭૭ |
| ૧૧. | નવેમ્બર | ૨૬૨.૦ | ૧૪૭૯.૮૩ | ૨૮૮.૨ | ૧૭૧૭.૮૧ | ૨૦૧.૩ | ૧૧૫૯.૭૧ |
| ૧૨. | ડીસેમ્બર | ૩૪૬.૯ | ૧૬૭૩.૨૯ | ૨૯૩.૪ | ૧૫૪૬.૦૪ | ૨૦૩.૨ | ૯૭૬.૬૭ |
| ૧૩. | જાન્યુ.૬૪ | ૩૨૭.૭ | ૧૫૯૪.૩૮ | ૨૫૪.૦૬ | ૧૩૫૦.૭૯ | ૧૫૬.૫ | ૭૭૯.૭૦ |
| | કુલ | ૧૦૮૮.૯ | ૫૬૧૯.૮૬ | ૯૫૯.૨ | ૫૩૨૬.૧૪ | ૮૪૬.૧ | ૪૫૧૭૩.૮૫ |

આ.વિ.કો.ની લોન મળ્યા પછી રાનવેરી મંડળી ઓક્ટોબર '૬૩થી કાર્યરત થઈ.

નથી. કારણ કે ગામના કેટલાક સભાસદો નજીકના ગામે બીજી મંડળીમાં દૂધ ભરે છે. જેથી આ.વિ.કો.ની મંડળીને આપેલ લોનની વસુલાત પર માઠી અસર પડે છે, વસુલાત સમયસર થતી નથી.

ગામમાં મોટાભાગના લોકો ખેતી પર નિર્ભર છે. ખેતીમાં શેરડી, ચીકુ અને કલમો વધુ જોવા મળે છે. જેથી ઘાસની અછત વર્તાય છે. તદ્‌ઉપરાંત લોકોનું વલણ પશુપાલન પ્રત્યેનું ઘટતુ જાય છે. પશુપાલનમાંથી મળતી આવક અને તેની પાછળ થતો ખર્ચની લોકો ગણતરી કરે છે. ઓછી માવજત ઓછુ ઉત્પાદન અને બિન આવડત ને લીધે લોકોને પશુપાલન પાછળનો ખર્ચ અહીં વધારે લાગે છે. જેથી પશુપાલન પ્રત્યેની કાળજી ઓછી થતી જોવા મળી છે. દૂધનું ઉ.ન. અને મંડળીમાં આવતા દૂધનું પ્રમાણ મુલાકાત સમયે ઘણું ઓછુ જોવા મળ્યું છે. જે ઉપરની સભાસદ સંખ્યા એને રોજના દૂધનું કલેકશન જોતાં પુરવાર થાય છે. ગામમાં જે લોકો મંડળીમાં દૂધ ભરે છે તેની વિગતો પરથી પણ સ્પષ્ટ જોઇ શકાય છે. દૂધનું એકત્રિકરણ ઘણું ઓછુ છે.

**ધોધડકુવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ધોધડકુવા, તા.ધરમપુર, જી. વલસાડ :**

મંડળીની સ્થાપના ૧૯૮૧-૮૨માં કરવામાં આવી. દૂધનું એકત્રિકરણની શરૂઆત ૧૯૮૨-૮૩ (૮૩-૮૪, ૮૪-૮૫ અને '૮૬-'૮૭ અને '૯૦-'૯૧ દૂધ મંડળી ચાલી) ત્યારબાદ '૯૩-'૯૪થી શરૂઆત થઇ તેમાં,

| | | |
|---|---|---|
| કુલ સભાસદ સંખ્યા | : | ૧૨૭ |
| દૂધ ભરનાર સભાસદ સંખ્યા | : | ૩૨ |
| બિનસભાસદ | : | ૪ |

દૂધનું રોજનું ક્લેકશન

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૧૦૦.૦૦ | ૮૫.૦૦ | ૧૮૫.૦૦ |
| ભેંસ | ૭.૦૦ | ૮.૦૦ | ૧૫.૦૦ |
| કુલ | ૧૦૭.૦૦ | ૯૩.૦૦ | ૨૦૦.૦૦ |

દૂધ મંડળીમાં દૂધ ભરનાર સભાસદો સરેરાશ કેટલું વર્ષ દરમ્યાન દૂધ મંડળીમાં ભરે છે અને કેટલી આવક મેળવે છે. તેની વિગતો આ સાથે દર્શાવી છે. આ મંડળીને ધીરાણ સપ્ટેમ્બર '૯૩માં કરવામાં આવ્યુ હતું. ઓકટોબર '૯૩થી દરેક સભાસદ મંડળીમાં દૂધ ભરતા હતા. અહી પત્રકમાં જાન્યુઆરી '૯૩ થી ડીસેમ્બર '૯૩ સુધીની માહિતી દર્શાવી છે. આ ઉપરથી જોઈ શકાય છે કે મંડળીમાં દૂધ ભરવાથી લોકોને કેટલું વળતર મળતું થયું છે.

<u>વહેવલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વહેવલ, તા. મહુવા</u> :

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના | : | ૧૦-૨-૭૫ |
| કુલ સભાસદ સંખ્યા | : | ૫૭૫ |
| બિનસભાસદ | : | ૧૫૦ |
| દૂધ ભરનાર સભાસદ | : | ૫૫૦ |

દૈનિક દૂધનું સરેરાશ ક્લેકશન (લીટર)

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૧૫૩.૨ | ૧૭૦.૦ | ૩૨૩.૨ |
| ભેંસ | ૫૨૫.૨ | ૬૧૪.૦ | ૧૧૩૯.૨ |
| કુલ | ૬૭૮.૪ | ૭૮૪.૦ | ૧૪૬૨.૪ |

આ મંડળીમાં કુલ ૨૦ થી ૨૨ કેન્દ્રમાંથી દૂધ આવે છે. વહેવલએ આ તાલુકામાં સારી મંડળી ચલાવે છે.

## ઝુખાલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ઝુખાલા, તા.ધરમપુર

**માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને એની ચૂકવેલી કિંમત(રૂ.)**

| ક્રમ | માસ – વર્ષ | મગનભાઈ પીડીયા | | કુલજી પીડીયા | | રાયચંદભાઈ નવલા | | નાગર નવલા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુ–૬૩ | ૧૮૭.૮ | ૯૯૧.૨૮ | – | – | ૮૬.૩ | ૪૭૧.૪૦ | – | – |
| ૨. | ફેબ્રુઆરી | ૧૩૮.૭ | ૭૩૪.૨૩ | – | – | ૪૩.૦ | ૨૩૬.૫૬ | – | – |
| ૩. | માર્ચ | ૧૫૦.૮ | ૭૯૭.૫૯ | – | – | ૩૯.૩ | ૨૧૮.૬૭ | ૨૨૬.૬ | ૧૧૮૭.૭૨ |
| ૪. | એપ્રિલ | ૧૧૩.૮ | ૬૩૦.૩૩ | – | – | ૩૪.૩ | ૧૯૮.૮૧ | ૨૩૪.૮ | ૧૩૦૧.૬૩ |
| ૫. | મે | ૨૪૫.૮ | ૧૪૧૪.૭૫ | – | – | ૨૧.૯ | ૧૩૩.૭૭ | ૨૩૫.૨ | ૧૩૨૮.૯૨ |
| ૬. | જૂન | ૨૫૫.૪ | ૧૪૯૨.૫૮ | ૧૧૪.૫ | ૭૦૬.૧૦ | – | – | ૨૧૩.૩ | ૧૨૦૩.૭૮ |
| ૭. | જુલાઈ | ૧૮૫.૯ | ૧૧૧૧.૬૫ | ૧૨૫.૮ | ૮૨૭.૬૮ | – | – | ૧૩૪.૧ | ૭૭૫.૧૭ |
| ૮. | ઓગષ્ટ | ૧૪૮.૩ | ૯૪૨.૧૬ | ૩૪.૫ | ૨૨૩.૮૮ | – | – | – | – |
| ૯. | સપ્ટેમ્બર | – | – | – | –ઓક્ટો | ૨૭.૨ | ૧૬૦.૯૩ | ૩૩૮ | ૨૦૧.૧૪ |
| ૧૦. | ઓક્ટોબર | ૭૯.૩ | ૫૦૭.૮૯ | – | –નવે. | ૧૩૬.૨ | ૭૫૫.૭૧ | ૨૩૧.૩ | ૧૨૮૬.૪૦ |
| ૧૧. | નવેમ્બર | ૧૨૭.૫ | ૯૪૦.૬૦ | – | –ડીસે | ૧૦૩.૭ | ૫૮૩.૧૫ | ૧૬૦.૫ | ૯૦૪.૬૫ |
| ૧૨. | ડીસેમ્બર | ૨૦૯.૧ | ૧૨૧૮.૬૬ | – | – | – | – | ૧૫૨.૧ | ૭૫૧.૭૩ |
| ૧૩. | જાન્યુ.૬૪ | ૯૮.૨ | ૫૮૮.૯૮ | – | – | – | – | ૭૮.૩ | ૩૯૩.૪૮ |
| | કુલ | ૧૯૪૧.૦ | ૧૧૩૭૦.૭૦ | ૨૭૪.૮ | ૧૮૫૭.૬૬ | ૪૯૧.૯ | ૨૭૫૯.૦૦ | ૧૭૦૦.૦૦ | ૯૩૩૪.૬૨ |

## ધોધડકૂવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., ધોધડકૂવા, તા. ધરમપુર

### માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની ચૂકવેલી કિંમત(રૂા.)

| ક્રમ | માસ- વર્ષ | સવિતાબેન મહાર | | વેચાન લલ્લુ | | કૂસનબેન વેલજી | | ભગુભાઇ ભાણા | | રમીલાબેન સુરેશભાઇ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જા-જુ.-૯૩ | - | - | - | - | - | - | - | - | ૧૧૭.૯ | ૬૨૮.૫૭ |
| ૨. | ફેબ્રુઆરી | - | - | - | - | ૧૮૨.૬ | ૯૨૧.૫૨ | - | - | ૨૫.૭ | ૧૩૬.૬૨ |
| ૩. | માર્ચ | - | - | - | - | ૨૩૩.૫ | ૧૧૯૪.૪૪ | - | - | - | - |
| ૪. | એપ્રિલ | - | - | - | - | ૨૦૪.૬ | ૧૦૯૩.૧૨ | - | - | - | - |
| ૫. | મે | - | - | - | - | ૧૯૦.૭ | ૧૦૫૫.૫૧ | - | - | - | - |
| ૬. | જૂન | - | - | - | - | ૧૬૦.૬ | ૮૯૭.૨૭ | - | - | ૧૧૦.૧ | ૬૦૭.૧૪ |
| ૭. | જુલાઇ | ૧૦૬.૦ | ૫૯૧.૭૬ | - | - | ૧૭૭.૧ | ૯૮૬.૯૫ | - | - | ૩૬૫.૦ | ૨૧૯૩.૬૭ |
| ૮. | ઓગષ્ટ | ૧૧૧.૭ | ૬૦૯.૯૦ | - | - | ૧૮૬.૨ | ૧૦૩૨.૮૭ | - | - | ૩૮૦.૯ | ૨૦૬૩.૩૯ |
| ૯. | સપ્ટેમ્બર | ૧૧૬.૯ | ૬૩૭.૬૮ | - | - | ૧૪૨.૦ | ૭૯૭.૮૭ | - | - | ૩૩૯.૯ | ૧૮૪૯.૧૮ |
| ૧૦. | ઓકટોબર | ૧૨૦.૦ | ૬૬૭.૧૮ | ૩૩.૮ | ૧૮૬.૩૮ | ૮૬.૦ | ૪૯૮.૩૧ | ૧૪૫.૪ | ૯૦૧.૬૮ | ૨૯૮.૨ | ૧૬૧૭.૧૮ |
| ૧૧. | નવેમ્બર | ૩૪૪.૭ | ૧૯૪૯.૩૩ | ૪૭૫.૮ | ૨૬૮૬.૭૯ | ૧૬૭.૦ | ૯૩૧.૩૭ | ૪૪૦.૧ | ૨૬૩૮.૫૫ | ૪૭૯.૭ | ૨૭૨૦.૫૨ |
| ૧૨. | ડીસેમ્બર | ૩૮૭.૦ | ૧૮૩૦.૯૯ | ૬૦૩.૮ | ૨૯૦૧.૦૪ | ૨૦૪.૯ | ૯૭૪.૦૯ | ૭૬૯.૬ | ૪૨૧૨.૮૮ | ૫૧૪.૬ | ૨૬૦૬.૩૬ |
| ૧૩. | જા-જુ.-૯૪ | ૩૬૧.૦ | ૧૭૦૦.૦૪ | ૪૬૫.૪ | ૨૦૪૯.૨૫ | ૧૯૧.૨ | ૯૧૩.૧૯ | ૮૮૮.૪ | ૪૬૮૦.૦૧ | ૫૨૯.૫ | ૨૬૦૫.૦૧ |
| | કુલ | ૧૫૪૭.૩ | ૭૯૮૭.૪૮ | ૧૫૭૮.૮ | ૭૮૨૩.૪૬ | ૨૧૨૬.૩ | ૧૧૨૯૬.૬૧ | ૨૨૪૩.૫ | | ૩૧૬૧.૫ | ૧૭૦૦૭.૬૪ |

- આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા દૂધાળા ઢોર માટે મંડળી ધ્વારા ધિરાણ કર્યુ ત્યારબાદ આવેલ (ગાય) દૂધની માહિતી છે.

વહેવલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વહેવલ,તા.મહુવા, જી.સુરત

માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની (કિંમત) ચૂકવેલી રકમ (રૂા.)

| ક્રમ | માસ – વર્ષ | રામુભાઇ જીવા (ભેંસ) | | ઉમેદભાઇ છોટુભાઇ (ગાય) | | અરવિંદભાઇ પરસુભાઇ (ગાય) | | ચીમન કુમશી (ભેંસ) | | દલુભાઇ ધીરજ (ભેંસ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુ.૯૩ | ૧૬૦.૭ | ૧૬૧૯.૮૫ | – | – | ૮૭.૫ | ૬૭૦.૨૫ | – | – | ૧૫૬.૨ | ૧૨૧૮.૩૯ |
| ૨. | ફેબ્રુઆરી | ૧૮૨.૦ | ૧૬૩૮.૦૦ | ૧૦૧.૨ | ૬૩૮.૫૦ | ૩૦૯.૬ | ૨૨૧૯.૮૩ | – | – | ૨૫૪.૪ | ૨૦૧૫.૯૦ |
| ૩. | માર્ચ | ૨૦૬.૬ | ૧૭૬૦.૨૩ | ૨૩૧.૫ | ૧૪૩૨.૯૮ | ૩૫૭.૯ | ૨૩૦૧.૨૯ | ૨૪૩.૮ | ૧૩૨૮.૭૧ | ૨૩૫.૬ | ૨૦૦૭.૩૧ |
| ૪. | એપ્રિલ | ૧૮૪.૬ | ૧૭૬૧.૦૮ | ૨૩૯.૫ | ૧૪૩૯.૩૯ | ૩૦૫.૫ | ૧૮૩૬.૦૫ | ૨૫૯.૦ | ૧૩૫૯.૦ | ૧૯૮.૧ | ૧૫૯૬.૬૮ |
| ૫. | મે | ૧૨૨.૯ | ૧૨૧૦.૫૬ | ૧૮૨.૨ | ૧૧૯૧.૫૮ | ૨૬૫.૬ | ૧૬૬૫.૩૧ | ૨૨૩.૫ | ૧૧૯૭.૯૬ | ૧૮૨.૬ | ૧૬૮૧.૭૪ |
| ૬. | જૂન | ૯૪.૦ | ૮૯૨.૦૬ | ૨૦૯.૬ | ૧૬૧૩.૯૧ | ૨૦૫.૮ | ૧૬૧૧.૪૧ | ૧૯૬.૨ | ૧૧૪૫.૮૦ | ૧૭૬.૧ | ૧૭૬૨.૭૬ |
| ૭. | જુલાઇ | ૧૦૧.૨ | ૯૭૩.૫૪ | ૧૯૩.૩ | ૧૩૦૨.૮૪ | ૧૩૪.૧ | ૧૧૧૯.૭૩ | ૨૪૦.૬ | ૧૬૨૧.૬૪ | ૨૧૮.૬ | ૨૪૧૫.૫૩ |
| ૮. | ઓગષ્ટ | ૬૪.૪ | ૬૭૨.૯૮ | ૧૮૨.૬ | ૧૩૯૫.૦૬ | ૧૦૫.૨ | ૮૬૧.૫૮ | ૪૩૮.૨ | ૩૧૦૨.૪૫ | ૧૭૯.૩ | ૧૯૪૫.૪૦ |
| ૯. | સપ્ટેમ્બર | ૭૨.૫ | ૮૨૯.૪૦ | ૧૫૫.૪ | ૧૧૧૪.૨૧ | ૧૯૯.૧ | ૧૪૨૭.૫૪ | ૩૮૯.૧ | ૨૬૩૦.૩૧ | ૧૩૬.૦ | ૧૪૩૨.૦૮ |
| ૧૦. | ઓક્ટોબર | ૧૫૬.૭ | ૧૫૪૮.૧૯ | ૧૫૧.૧ | ૧૦૫૧.૬૫ | ૧૪૫.૧ | ૧૧૨૭.૪૨ | ૩૦૨.૮ | ૨૧૪૯.૮૯ | ૧૧૧.૨ | ૧૪૦૨.૨૩ |
| ૧૧. | નવેમ્બર | ૨૩૫.૭ | ૨૨૪૮.૫૭ | ૧૨૨.૫ | ૮૫૦.૧૫ | ૧૦૬.૮ | ૭૮૧.૭૭ | ૧૫૫.૩ | ૧૧૨૭.૪૭ | ૭૮.૦ | ૯૧૮.૮૪ |
| ૧૨. | ડીસેમ્બર | ૨૭૫.૫ | ૨૩૩૮.૯૯ | ૧૨૪.૪ | ૭૯૮.૬૪ | ૧૧૫.૭ | ૭૯૧.૩૮ | ૧૪૫.૯ | ૮૭૩.૯૪ | ૬૩.૭ | ૭૦૬.૪૩ |
| | કુલ | ૧૮૫૬.૮ | ૧૭૪૯૩.૪૫ | ૧૮૯૩.૩ | ૧૨૮૨૮.૯૮ | ૨૩૩૭.૯ | ૧૬૪૧૩.૫૬ | ૨૫૯૪.૪ | ૧૩૫૩૭.૧૭ | ૧૯૮૯.૮ | ૧૯૧૬૩.૨૬ |

કોલધા કુટુંબોએ માત્ર ત્રણ થી ચાર માસજ દુધ ભરેલ છે.

તરકાણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તરકાણી, તા.મહુવા :

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના | : | ૧૯૮૨ |
| કુલ સભાસદ સંખ્યા | : | ૧૯૨ |
| બિનસભાસદ | : | ૩ |
| દૂધ ભરનાર સભાસદ | : | ૧૨૦ |
| રોજનું દૂધનું સરેરાશ કલેકશન | : | |

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૮૦ | ૮૦ | ૧૬૦ |
| ભેંસ | ૧૭૦ | ૧૭૦ | ૩૪૦ |
| કુલ | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |

ઉપરોકત બંને મંડળીઓને ડાયબલ કોર્પોરેશન અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા દૂધાળાં જાનવરો માટે ધિરાણ આપેલ છે. તેમાં કોલધા કુટુંબોનો પણ સમાવેશ થાય છે. કોલધા કુટુંબો મજૂરી પર નિભર હોવાથી તેમની પાસે જમીન નહોવાથી ઘાસ-ખાણ, છાણ, પાણીની મુશ્કેલીઓને કારણે દૂધનું ઉત્પાદન ઓછું મેળવે છે. તેમને પૂરેપુરું વળતર મળતું નથી જેની વિગતો દૂધના કલેકશન પરથી જોઈએ.

ધી વ્યારા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વ્યારા;

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના | : | માર્ચ ૧૯૭૭ |
| કુલ સભાસદ સંખ્યા | : | ૪૬૫ |
| બિનસભાસદ | : | ૫ |
| દૈનિક દૂધનું કલેકશન (લીટર) | : | |

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૨૮૦ | ૨૮૦ | ૫૬૦ |
| ભેંસ | ૭૦ | ૮૦ | ૧૫૦ |
| કુલ | ૩૫૦ | ૩૬૦ | ૭૧૦ |

વ્યારા દૂધ ઉત્પાદક સહકારી મંડળી તપાસના વર્ષ દરમ્યાન જ ચાલુ કરવામાં આવેલ છે અને બધા નવા દૂધ ભરનાર સભાસદો છે.

## તરકાણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તરકાણી, તા. મહુવા

### માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની (કિંમત) ચૂકવેલી રકમ (રૂા.)

| ક્રમ | માસ– વર્ષ | પ્રવીણ પ્રભુ કોલધા (ભેંસ) | | રણછોડ રવીયા કોલધા (ભેંસ) | | ગોવિંદ વજીર કોલધા (ભેંસ) | | વિક્રમભાઇ મ. પટેલ (યુનિટ) | | ધીરુભાઇ પટેલ (યુનિટ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુ.૯૩ | ૮.૪ | ૭૯.૦૦ | ૪.૯ | ૨૯.૧૨ | ૭.૨ | ૪૩.૬૮ | ૭૫.૭ | ૪૬૯.૩૪ | – | – |
| ૨. | ફેબ્રુઆરી | ૭૬.૮ | ૬૬૮.૦૦ | ૧૪૮.૫ | ૧૨૦૫.૮૪ | ૧૩૯.૦ | ૯૬૭.૪૪ | ૮૬.૯ | ૫૪૩.૯૯ | – | – |
| ૩. | માર્ચ | ૯૮.૨ | ૯૨૨.૦૦ | ૧૭૨.૩ | ૧૪૯૮.૨૪ | ૧૬૧.૯ | ૧૩૧૪.૨૮ | ૫૨.૦૦ | ૩૪૭.૮૮ | ૫૪.૪ | ૩૨૪.૭૬ |
| ૪. | એપ્રિલ | ૯૭.૪ | ૬૨૫.૯૫ | ૧૪૬.૦ | ૯૩૯.૫૧ | ૧૬૯.૫ | ૧૫૦૦.૦૦ | ૬૪.૬ | ૪૨૬.૩૬ | ૧૨૪.૪ | ૭૮૪.૯૬ |
| ૫. | મે | ૯૩.૭ | ૧૦૬૨.૧૮ | ૧૫૬.૦ | ૧૩૦૫.૬૦ | ૧૭૩.૫ | ૧૩૧૧.૬૬ | ૧.૪ | ૯.૧૯ | ૧૫૯.૮ | ૧૦૩૩.૧૩ |
| ૬. | જૂન | ૮૪.૮ | ૮૪૬.૦૮ | ૧૩૬.૧ | ૧૩૦૫.૬૦ | ૧૨૯.૦ | ૧૦૨૨.૭૨ | – | – | ૧૪૦.૦ | ૮૭૩.૬૦ |
| ૭. | જુલાઇ | ૭૩.૯ | ૯૧૯.૬૨ | ૧૪૯.૦ | ૧૧૭૧.૧૪ | ૧૪૩.૫ | ૧૫૦૧.૮૮ | – | – | ૧૪૩.૪ | ૯૯૩.૭૬ |
| ૮. | ઓગષ્ટ | ૫૭.૪ | ૬૭૫.૯૬ | ૧૩૩.૧ | ૧૧૩૧.૧૫ | ૧૩૨.૨ | ૧૨૧૧.૭૫ | ૧૮૦.૧ | ૧૨૦૧.૨૬ | ૭૯.૪ | ૬૨૪.૯૦ |
| ૯. | સપ્ટેમ્બર | ૨૨.૯ | ૩૧૨.૦૦ | ૧૧૩.૫ | ૧૧૮૦.૪૦ | ૧૧૦.૧ | ૧૧૪૪.૦ | ૧૧૬૦.૮ | ૮૩૧૧.૩૬ | ૩૫.૫ | ૨૫૦.૯૮ |
| ૧૦. | ઓક્ટોબર | – | – | ૧૧૦.૬ | ૧૦૧૧૭.૧૦ | ૮૪.૭ | ૮૨૫.૫૦ | ૧૦૬૪.૫ | ૭૪૭૦.૩૪ | ૫૩૪.૪ | ૩૯૩૬.૫૦ |
| ૧૧. | નવેમ્બર | – | – | ૧૦૦.૦ | ૧૦૮૯.૧૮ | ૬૪.૧ | ૭૨૪.૪૭ | ૧૧૨૦.૭ | ૧૭૩૦૫.૩૨ | ૬૫૬.૧ | ૪૧૫૭.૦૩ |
| ૧૨. | ડીસેમ્બર | – | – | ૬૫.૨ | ૬૩૯.૯૯ | ૫૮.૭ | ૬૮૬.૭૯ | ૮૪૮.૫ | ૫૬૬૩.૬૨ | ૮૫૯.૭ | ૫૭૬૭.૧૮ |
| | કુલ | ૬૧૩.૫ | ૬૧૧૦.૭૯ | ૧૪૩૫.૨ | ૧૨૬૪૩.૪૭ | ૧૩૦૩.૪ | ૧૨૨૫૬.૧૭ | ૪૬૫૫.૨ | ૩૧૭૪૮.૬૬ | ૨૦૮૭.૧ | ૧૮૭૪૬.૮૦ |

બેડકુવાદૂર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. વ્યારા :

મંડળીની સ્થાપના : ડીસેમ્બર ૧૯૭૪
કુલ સભાસદ સંખ્યા : ૧૦૦૦
બિનસભાસદ : ૫૦

આ મંડળીમાંથી કાલાવ્યારા દૂધ મંડળી નવી ઊભી થતાં ઉપરોક્ત સભાસદોમાં ઘટાડો થયો છે.

દૈનિક દૂધનું કલેકશન (લીટર) :

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૩૬૦ | ૩૫૫ | ૭૧૫ |
| ભેંસ | ૩૫૦ | ૩૮૦ | ૭૩૦ |
| કુલ | ૭૧૦ | ૭૩૫ | ૧૪૪૫ |

આ મંડળીમા જોડાયેલ દરેક સભાસદ ખૂબજ નિયમિત દૂધ ભરે છે. વસુલાત પણ સારી છે. દરેકનો દૂધાળાં ઢોરનું આરોગ્ય ખૂબજ સારું છે. આ મંડળી ધ્વારા દૂધનું કલેકશન સારામાં સારુ થાય છે.

ધી કોકણવાડ (દેગામા) દૂધ ઉત્પાદક સહકારી મંડળી, કોકણવાડ, તા. વાલોડ :

મંડળીની સ્થાપના : નવેમ્બર ૧૯૭૬
સભાસદ સંખ્યા : ૩૦૯
બિનસભાસદ : ૬૦
દૂધ ભરનાર સભાસદ સંખ્યા : ૧૪૮ રૂ. ૨૦૩
બિનસભાસદ : ૫૫

દૂધનું સરેરાશ દૈનિક કલેકશન (લીટર)

| માસિક કલેકશન : | | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|---|
| ૭૪૨૮.૩ | ગાય | ૧૨૦ | ૧૩૦ | ૨૫૦ |
| ૧૪૮૬૦.૧૭ | ભેંસ | ૨૫૦ | ૨૫૦ | ૫૦૦ |
| | કુલ | ૩૭૦ | ૩૮૦ | ૭૫૦ |

કોકણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળીએ વાલોડ તાલુકાના દેગામા ગામનું એક મોટું અલગ ફળિયું છે. ગામનો વિસ્તાર ચાર થી પાંચ કિ.મી.નો છે. ગામમાં ત્રણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ચાલે છે. જેમાં કોકણવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી અને તેની એક પેટામંડળી ગામતળમાં છે. જેમાં આદિવાસી હળપતિ, કોકણી, ગામીત અને ચૌધરી જાતિના સભાસદો છે. દેગામા ગામતળની દૂધ ઉત્પાદક સહકારી મંડળી સાથે પહેલાં આ સભાસદો જોડાયેલા હતા. પરંતુ આદિવાસી ઉત્કર્ષની કોઈ પ્રવૃતિ આ મંડળી દ્વારા હાથ ન ધરાતાં ગામમાં બહુમતી આદિવાસીઓની હોવાથી આજથી ૧૭ વર્ષ પહેલાં ૮ ભેંસોથી શરૂઆત કરી હતી. તેમાં સ્ટેટ બેંકનો ફાળો મહત્વનો હતો. ત્યારબાદ ધીમે ધીમે મંડળી દ્વારા પોતાના પ્રયત્નોથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને આદિજાતિ વિકાસ કોર્પોરેશનના સહયોગથી સારી એવી સંખ્યામાં દૂધાળાં ઢોર અપાવ્યાં છે. આ મંડળીમાં આદિવાસી ખેડૂતો, ખેતમજૂરોને પણ દૂધાળાં જાનવર આપ્યાં છે. તેમની પાસે જમીન ન હોવાછતાં મહેનત કરીને દૂધાળાં ઢોરની સહાયથી ઠીક ઠીક પ્રગતિ કરી રહયા છે. દૂધની આવકનો હિસ્સો તેમની પૂરક આવકમાં અને આર્થિક જીવનમાં ઉપયોગી પુરવાર થયો છે.

<u>ધી બેડકૂવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. બેડકૂવા, તા. વાલોડ</u> :

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના | : | નવેમ્બર ૧૯૭૯ |
| કુલ સભાસદ સંખ્યા | : | ૩૦૮ |
| દૂધ ભરનાર સભાસદો | : | ૧૬૩ |

દૂધનું સરેરાશ દૈનિક કલેકશન(લીટર)

| | સવાર | સાંજ | કુલ |
|---|---|---|---|
| ગાય | ૫૩ | ૫૦ | ૧૦૩ |
| ભેંસ | ૩૯૦ | ૪૧૦ | ૮૦૦ |
| કુલ | ૪૪૩ | ૪૬૦ | ૯૦૩ |

બેડકૂવા ગામ મઢી-માંડવી રોડ ઉપર રોડથી અંદર દોઢેક કિલોમીટરના અંતરે આવેલું છે. ગામમાં સભાસદો ખૂબજ જાગૃત છે. મંડળીનો વહીવટ ખૂબ સારો છે. મંડળી દ્વારા અપાયેલ લોનની વસુલાત પણ સારી છે. દૂધના

બેડકૂવા કેર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. બેડકૂવા(કેર)તા.વ્યારા

<u>માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને એની ચૂકવેલી કિંમત (રૂપીયા)</u>

| ક્રમ | માસ - વર્ષ | નટુભાઇ માધુભાઇ ચોધરી | | નસવા દેવા (વિનોદ) | | લાલસિંહભાઇ | | પ્રવીણભાઇ (ગાય) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુઆરી-૯૩ | ૩૬૬.૨ | ૨૩૯૮.૩૦ | - | - | ૧૫૯.૨ | ૧૩૩૫.૬૫ | ૧૮૬.૭ | ૧૨૩૨.૨૦ |
| ૨. | ફેબ્રુઆરી | ૩૬૯.૦ | ૨૪૨૪.૩૦ | - | - | ૧૬૭.૬ | ૧૩૬૪.૨૫ | ૧૭૫.૫ | ૧૧૪૯.૫૦ |
| ૩. | માર્ચ | ૩૮૨.૨ | ૨૪૬૯.૦ | - | - | ૧૩૦.૯ | ૧૦૮૫.૧૫ | ૧૪૭.૩ | ૯૬૭.૭૫ |
| ૪. | એપ્રિલ | ૩૭૧.૫ | ૨૪૮૫.૩૦ | - | - | ૧૩૮.૫ | ૧૧૯૩.૮૫ | ૧૪૧.૧ | ૯૧૧.૫૦ |
| ૫. | મે | ૩૨૮.૪ | ૨૨૩૬.૪૦ | - | - | ૧૨૩.૮ | ૧૧૧૦.૫૦ | ૧૨૯.૦ | ૮૬૩.૦૦ |
| ૬. | જૂન | ૧૯૭.૨ | ૧૩૬૨.૬૫ | - | - | ૧૦૩.૪ | ૯૮૪.૩૫ | ૮૭.૯ | ૫૯૮.૬૦ |
| ૭. | જુલાઇ | ૯૪.૨ | ૬૫૭.૫૦ | - | - | ૭૬.૨ | ૭૫૭.૪૦ | ૫૬.૨ | ૩૮૮.૩૫ |
| ૮. | ઓગષ્ટ | ૭૨.૭ | ૫૨૨.૭૦ | - | - | ૭૯.૪ | ૭૯૭.૨૦ | ૬૪.૮ | ૪૫૨.૩૦ |
| ૯. | સપ્ટેમ્બર | ૨૮.૯ | ૨૦૨.૫૫ | ૩૮૫.૨ | ૨૬૧૮.૨૦ | ૩૦૧.૬ | ૨૩૫૧.૦૦ | ૪૭.૨ | ૩૩૯.૩૫ |
| ૧૦. | ઓક્ટોબર | ૧૦૪.૦ | ૭૩૬.૩૫ | ૪૪૬.૯ | ૩૦૬૮.૪૬ | ૨૮૯.૦ | ૨૧૭૮.૧ | ૪૪.૩ | ૩૧૦.૫૫ |
| ૧૧. | નવેમ્બર | ૪૦૦.૨ | ૨૬૬૯.૩૫ | ૩૮૭.૮ | ૨૫૦૮.૬૦ | ૨૧૭.૯ | ૧૫૧૧.૬૫ | ૭૭૭.૩ | ૫૧૨૪.૬૦ |
| ૧૨. | ડીસેમ્બર | ૧૦૬૭.૬ | ૬૭૧૫.૨૦ | ૪૬૬.૧ | ૨૮૪૩.૧૦ | ૨૧૩.૦ | ૧૩૪૬.૮૫ | ૧૩૯૯.૫ | ૮૮૦૨.૮૫ |
| ૧૩. | જાન્યુ.૯૪ | ૧૦૭૪.૩ | ૬૬૬૦.૬૫ | ૪૪૦.૪ | ૨૭૩૦.૫૦ | ૧૪૫.૫ | ૯૦૨.૧૦ | ૧૧૨૮.૬ | ૬૯૯૭.૩૦ |
| ૧૪. | ફેબ્રુઆરી | ૯૫૧.૨ | ૬૨૩૦.૩૫ | ૩૬૩.૯ | ૨૩૮૩.૫૫ | ૧૪૮.૩ | ૯૭૧.૩૫ | ૯૪૮.૭ | ૬૨૧૪.૦૦ |
| ૧૫. | માર્ચ | ૧૦૧૬.૨ | ૬૮૩૯.૦૨ | ૩૯૫.૦ | ૨૬૫૮.૩૫ | ૧૬૦.૪ | ૧૦૭૯.૫૦ | ૧૦૩૮.૪ | ૬૯૮૮.૦૦ |
| | કુલ | ૬૮૨૩.૮ | ૪૪૬૦૯.૬૨ | ૨૮૮૫.૩ | ૧૮૮૧૦.૭૫ | ૨૪૫૪.૭ | ૧૮૯૬૮.૯૫ | ૬૩૭૨.૫ | ૪૧૩૯૯.૮૫ |

ડાભુવાડ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.,તા.વાવાડ

માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની ચૂકવેલી કિંમત(રૂ.)

| ક્રમ | માસ- વર્ષ | રાજુભાઇ મોરાર | | નટુભાઇ નારણ | | ગોમતીબેન અરવિંદ | | સુમિત્રાબેન અર્જુન | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુઆરી-૬૩ | – | – | – | – | – | – | – | – |
| ૨. | ફેબ્રુઆરી | – | – | – | – | – | – | – | – |
| ૩. | માર્ચ | – | – | – | – | – | – | – | – |
| ૪. | એપ્રિલ | ૧૯૦.૬ | ૧૨૫૭.૯૬ | ૧૪૨.૪ | ૧૦૪૨.૩૮ | ૧૫૦.૦ | ૧૦૧૩.૩૮ | ૧૭૨.૪ | ૧૨૮૨.૬૬ |
| ૫. | મે | ૧૧૧.૪ | ૮૩૯.૯૬ | ૧૪૦.૪ | ૧૩૮૭.૧૫ | ૧૪૫.૦ | ૧૦૭૪.૪૫ | ૧૬૭.૬ | ૧૭૪૩.૦૪ |
| ૬. | જૂન | ૧૦૬.૫ | ૮૮૬.૦૮ | ૧૪૩.૮ | ૧૪૫૮.૧૩ | ૧૫૫.૧ | ૧૦૮૮.૮૦ | ૨૦૩.૬ | ૧૯૦૫.૭૦ |
| ૭. | જુલાઇ | ૮૫.૦ | ૭૪૦.૩૫ | ૧૩૨.૬ | ૧૩૪૪.૫૬ | ૧૫૩.૭ | ૧૨૭૮.૭૮ | ૨૩૧.૧ | ૨૪૬૩.૫૨ |
| ૮. | ઓગષ્ટ | ૬૯.૨ | ૫૭૨.૯૭ | ૧૧૩.૪ | ૧૧૦૨.૨૪ | ૧૩૪.૪ | ૧૦૩૨.૧૯ | ૨૨૬.૦ | ૨૨૫૦.૯૬ |
| ૯. | સપ્ટેમ્બર | ૬૦.૭ | ૫૯૮.૧૯ | ૮૧.૪ | ૧૦૧૦.૯૮ | ૯૩.૧ | ૮૨૯.૫૨ | ૧૭૬.૭ | ૧૬૦૮.૩૬ |
| ૧૦. | ઓક્ટોબર | ૪૮.૬ | ૪૪૩.૨૩ | ૭૧.૬ | ૮૨૩.૪૦ | ૭૧.૬ | ૫૬૩.૪૯ | ૧૭૦.૬ | ૧૮૧૧.૭૭ |
| ૧૧. | નવેમ્બર | ૩૬.૧ | ૩૨૯.૨૩ | ૪૭.૨ | ૫૨૪.૮૬ | ૪૫.૬ | ૩૫૩.૪૦ | ૧૨૦.૦ | ૧૩૫૦.૦૦ |
| ૧૨. | ડીસેમ્બર | ૩૪.૪ | ૩૭૪.૬૧ | ૭.૨ | ૫૦.૬૮ | ૩૫.૮ | ૩૦૭.૧૬ | ૧૧૭.૭ | ૧૩૩૩.૫૪ |
| ૧૩. | જાન્યુ.૬૪ | ૨૬.૩ | ૨૬૦.૧૦ | – | – | ૨૮.૭ | ૨૫૫.૬૪ | ૧૦૫.૯ | ૧૧૮૦.૭૮ |
| ૧૪. | ફેબ્રુઆરી | – | – | – | – | ૧.૯ | ૧૪.૮૨ | ૬૮.૦ | ૭૪૨.૫૬ |
| ૧૫. | માર્ચ | – | – | – | – | – | – | – | – |
| | કુલ | ૭૬૮.૮ | ૬૩૦૨.૬૮ | ૮૮૦.૦ | ૮૭૪૪.૩૮ | ૧૦૧૦.૯ | ૭૮૧૧.૬૩ | ૧૭૫૬.૬ | ૧૭૯૭૨.૯૯ |

બેડકૂવા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. તા.વાલોડ

માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને તેની ચૂકવેલી કિંમત (રૂા.)

| ક્રમ | માસ – વર્ષ | ઠાકોરભાઈ જી. ચૌધરી (ભેંસ) | | મનુભાઈ મ. ગામીત (ભેંસ) | |
|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુઆરી – ૯૩ | ૧૦૦.૩ | ૧૧૬૭.૪૦ | ૬૪૨.૪ | ૭૫૨૨.૫૦ |
| ૨. | ફેબ્રુઆરી | ૧૭૨.૯ | ૧૪૭૩.૨૦ | ૫૯૩.૮ | ૫૦૫૯.૧૭ |
| ૩. | માર્ચ | ૧૨૧.૧૭ | ૯૯૩.૦૧૭ | ૭૦૪.૪ | ૭૧૮૪.૮૮ |
| ૪. | એપ્રિલ | ૯૩.૮ | ૮૫૮.૨૭ | ૫૧૯.૨ | ૫૮૬૧.૫૦ |
| ૫. | મે | ૮૭.૨ | ૯૫૨.૨૨ | ૨૭૬.૧ | ૩૦૪૮.૧૪ |
| ૬. | જૂન | ૯૨.૫ | ૧૭૭૪.૨૨ | ૧૧૩.૩ | ૧૦૭૬.૩૫ |
| ૭. | જુલાઈ | ૧૦૩.૬ | ૯૬૯.૬૯ | ૪૦.૪ | ૩૯૯.૧૫ |
| ૮. | ઓગષ્ટ | ૯૫.૨ | ૯૦૪.૪૦ | – | – |
| ૯. | સપ્ટેમ્બર | ૧૭૬.૨ | ૧૪૩૦.૧૭૪ | ૧૮૮.૫ | ૧૪૮૩.૪૯ |
| ૧૦. | ઓક્ટોબર | ૨૮૯.૫ | ૩૧૮૪.૫૦ | ૪૦૦.૩ | ૩૨૨૬.૪૧ |
| ૧૧. | નવેમ્બર | ૨૭૬.૫ | ૨૧૫૬.૧૭૦ | ૩૦૮.૧૭ | ૨૨૯૬.૭૨ |
| ૧૨. | ડીસેમ્બર | ૪૪૯.૫ | ૪૧૯૨.૨૭ | ૩૬૪.૫ | ૨૮૦૬.૬૫ |
| ૧૩. | જાન્યુ.–૯૪ | ૪૧૫.૧ | ૪૦૮૩.૬૬ | ૫૮૨.૯ | ૪૮૯૬.૩૬ |
| ૧૪. | ફેબ્રુઆરી | ૫૪૪.૧ | ૪૮૫૩.૩૭ | ૭૩૦.૬ | ૬૩૮૮.૮૦ |
| ૧૫. | માર્ચ | ૭૯૦.૦ | ૧૭૯૧૮.૦૧ | ૧૮૫૨.૩ | ૩૨૨૦.૬૧<br>૧૪૮૧૮.૮૦ |
| | કુલ | ૩૮૦૮.૧ | ૩૫૯૧૧.૭૨ | ૭૭૭૭.૧૭૨ | ૬૯૨૮૯.૫૩ |

ધંધામાંથી ખૂબ સારી આવક સભાસદો મેળવે છે. ડેરી યુનિટ જેમને સાપ્યા છે. તેઓ પણ સારી આવક દૂધના ધંધામાંથી મેળવે છે.

<u>ભીતબુદ્દક દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા.ઉચ્છલ, જી. સુરત</u> :

| | | |
|---|---|---|
| મંડળીની સ્થાપના | : | ૧૧ માર્ચ, ૧૯૮૮ |
| સભાસદ સંખ્યા | : | ૧૩૬ |
| બિનસભાસદ સંખ્યા | : | ૨૫ |
| દૂધ ભરનાર સભાસદ | : | ૯૦ |

દૂધ મંડળી દ્વારા દૈનિક દૂધનું કલેકશન (લીટર) :

| સવાર | સાંજ | કુલ |
|---|---|---|
| ૧૭૦ | ૧૩૦ | ૩૦૦ |

સરેરાશ ફેટ : ૭ મળતો ભાવ રૂ.૮ થી ૯ (લીટરના)

ભીતબુદ્રક દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., તા. ઉચ્છલ

<u>માસવાર દૂધ મંડળીમાં ભરેલ દૂધ અને એની ચૂકવેલી કિંમત(રુ.)</u>

| ક્રમ | માસ- વર્ષ | જિવાબેન નિલમસિંહ | | શાકુબેન બાબુભાઈ | | સેવંતીબેન માતીયા | | સેવાબેન નિનાભાઈ | | સુમાબેન શિવાજી | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત | દૂધ લીટર | કિંમત |
| ૧. | જાન્યુ-૬૩ | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨. | ફેબ્રુઆરી | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩. | માર્ચ | ૬૯.૪ | ૨૩૪.૦૦ | ૧૧૦.૭ | ૫૫૦.૦૦ | ૧૫૬.૮ | ૬૦૫.૦૦ | ૧૫૨.૭ | ૮૭૧.૦૦ | ૧૧૬.૦ | ૫૧૯.૦૦ |
| ૪. | એપ્રિલ | ૭૩.૧ | ૪૨૩.૦૦ | ૧૦૮.૪ | ૭૨૯.૦૦ | ૧૮૭.૫ | ૧૨૫૯.૦૦ | ૧૭૯.૯ | ૧૩૦૧.૦૦ | ૧૩૭.૬ | ૯૧૦.૦૦ |
| ૫. | મે | ૬૧.૭ | ૩૫૮.૦૦ | ૮૨.૯ | ૫૮૧.૦ | ૧૫૮.૫ | ૯૭૬.૦૦ | ૧૬૧.૪ | ૧૨૨૨.૦૦ | ૧૩૪.૬ | ૯૩૩.૦૦ |
| ૬. | જૂન | ૧૪.૯ | ૧૪૩.૦૦ | ૬૬.૧ | ૪૪૭.૦૦ | ૫૦.૬ | ૪૫૦.૦૦ | ૧૫૫.૦ | ૧૨૧૮.૦૦ | ૧૨૦.૫ | ૯૮૬.૦૦ |
| ૭. | જુલાઈ | – | – | ૬૮.૮ | ૪૮૦.૦૦ | ૬૭.૯ | ૨૬૮.૦૦ | ૧૪૫.૮ | ૧૧૫૨.૦૦ | ૧૪૪.૧ | ૧૦૧૭.૦૦ |
| ૮. | ઓગષ્ટ | – | – | ૪૭.૭ | ૨૫૮.૦૦ | ૯૪.૯ | ૪૬૯.૦૦ | ૫૭.૪ | ૪૯૮.૦૦ | ૧૩૫.૫ | ૧૦૩૨.૦૦ |
| ૯. | સપ્ટેમ્બર | – | – | ૧૫.૫ | ૧૪૭.૦૦ | ૯૯.૨ | ૬૭૩.૦૦ | – | – | ૧૦૫.૬ | ૬૮૪.૦૦ |
| ૧૦. | ઓક્ટોબર | – | – | – | – | ૭૧.૫ | ૩૬૬.૦૦ | – | – | ૯૫.૦ | ૬૦૦.૦૦ |
| ૧૧. | નવેમ્બર | – | – | – | – | ૫૪.૯ | ૨૨૪.૦૦ | – | – | ૭૦.૪ | ૩૬૨.૦૦ |
| ૧૨. | ડીસેમ્બર | – | – | – | – | ૧૯.૦ | ૯૭.૦૦ | – | – | ૬૭.૫ | ૩૦૨.૦૦ |
| ૧૩. | જાન્યુઆરી-૬૪ | ૧૨૬.૦ | ૯૧૧.૦૦ | ૧૦૧.૪ | ૭૬૪.૦૦ | – | – | ૧૭૦.૮ | ૧૦૦૧.૦૦ | ૫૬.૧ | ૪૦૦.૦૦ |
| ૧૪. | ફેબ્રુઆરી | ૧૦૬.૪ | ૪૭૯.૦૦ | ૧૩૭.૫ | ૬૬૬.૦૦ | – | – | ૧૩૯.૫ | ૬૨૨.૦૦ | ૫૦.૩ | ૪૧૦.૦૦ |
| ૧૫. | માર્ચ | ૧૧૩.૮ | ૬૪૩.૦૦ | ૧૪૧.૬ | ૯૧૭.૦૦ | – | – | ૧૩૮.૫ | ૬૪૭.૦૦ | ૪૬.૩ | ૩૩૦.૦૦ |
| | કુલ | ૫૬૫.૩ | ૩૧૯૧.૦૦ | ૮૮૦.૬ | ૫૫૩૯.૦૦ | ૯૬૦.૮ | ૫૬૭૭.૦૦ | ૧૩૦૧.૦ | ૮૫૩૨.૦૦ | ૧૨૭૯.૫ | ૮૪૮૫.૦૦ |

## પ્રકરણ - ૩

## નમૂનાના કુટુંબોની સર્વેક્ષણ નોંધ

'દૂધાળા ઢોરની યોજના' મૂલ્યાંકન અભ્યાસ અર્થે પ્રસ્તુત તપાસમાં આવરી લીધેલા કુટુંબોનો સર્વેક્ષણ નોંધ.

દૂધાળા ઢોરની યોજનાના મૂલ્યાંકન અભ્યાસમાં વલસાડ, સુરત અને પંચમહાલ જીલ્લાના આદિવાસી વસ્તી ધરાવતા અગિયાર તાલુકાઓની કુલ સત્તર દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની મુલાકાત લઈ અભ્યાસ સંબંધિત માહિતી એકત્રિત કરવામાં આવી હતી. વલસાડ જીલ્લામાંથી ચાર તાલુકાની ૭ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ, સુરત જીલ્લાના ૬ તાલુકાઓમાંથી ૯ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને પંચમહાલ જીલ્લાના ઝાલોદ તાલુકાની એક દૂધ ઉત્પાદક સહકારી મંડળી કે જે અભ્યાસના સમયે બંધ હતી. આમ કુલ ૩ જિલ્લાના અગિયાર તાલુકામાંથી ૧૭ દૂધ મંડળીઓની મુલાકાત લઈ કુલ ૧૦૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી અને આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા પૂરા પાડવામાં આવેલ દૂધાળા ઢોરની યોજનાથી શું લાભ-ગેરલાભ થયા તેની માહિતી દરેક કુટુંબ પાસેથી એકત્રિત કરવામાં આવી હતી. જેની નોંધ અહી જુદા જુદા કોઠાઓમાં તેના પૃથક્કરણ ધ્વારા દર્શાવવામાં આવી છે. જેના ધ્વારા નમૂનાના કુટુંબોના અભ્યાસ પરથી આદિજાતિ વિકાસ કોર્પોરેશનની આ યોજનાની શી અસર થઈ? તેમજ આવકમાં શો ફેર પડયો, રોજગારીની તકોમાં વૃધ્ધિ થઈ કે કેમ? આ ઉપરાંત આદિવાસીઓની કૌટુંબીક પરિસ્થિતિમાં શું પરિવર્તન આવ્યું તેની સઘળી વિગતો આ પ્રકરણમાં દર્શાવેલ કોઠાઓના પૃથક્કરણથી સમજી શકાશે. આ માટે સૌ પ્રથમ વિસ્તાર પ્રમાણે નમૂનાના કુટુંબોની ભૌતિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ વિષેનો ખ્યાલ મેળવવો યથાર્થ લેખાશે.

કોઠા નં.૩:૧

જિલ્લાવાર અને તાલુકાવાર મુલાકાત લીધેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને સભાસદ સંખ્યા અને આવરી લીધેલ ગામોની સંખ્યા દર્શાવતો કોઠો:

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મંડળીનું નામ | મુલાકાત લીધેલ ગામનું નામ | સભાસદ કુટુંબ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | વલસાડ | દૂ.ઉ.ક.સં.મં. મરલા | મરલા | ૫ |
| | | વાંસદા | ભીનાર દૂ.ઉ. ક.સ.મં.લી. | ભીનાર | ૧૦ |
| | | | કંબોયા દૂ.ઉ. સં.મં.લી. | કંબોયા દોલધા | ૧૦ |
| | | ચીખલી | રાનવેરી દૂ.ઉ. સ.મં.લી. | રાનવેરી | ૫ |
| | | | રાનકૂવા દૂ.ઉ. ક.સં.મં.લી. | રાનકૂવા | ૫ |
| | | ધરમપુર | ધોધડકૂવા દૂ.ઉ. ક.સ.મં.લી. | ધોધડકૂવા | ૫ |
| | | | સુખલા દૂ.ઉ.ક. સ.મં.લી. | સુખાલા | ૫ |
| ૨. | સુરત | મહુવા | ધી વહેવલ દૂ.ઉ. ક.સ.મં.લી. | વહેવલ | ૧૦ |
| | | | તરકાણી દૂ.ઉ. ક.સ.મં.લી. | તરકાણી | ૫ |
| | | વાલોડ | કોકણવાડ દૂ.ઉ. ક.સ.મં.લી. (દેગામા) | કોકણવાડ (દેગામા) | ૭ |
| | | | બેડકૂવા દૂ.ઉ.ક. સ.મં.લી. | બેડકૂવા | ૨ |
| | | વ્યારા | ધી વ્યારા દૂ. ઉ.ક.સ.મં.લી. | વ્યારા | ૭ |
| | | | બેડકૂવાદૂર દૂ.ઉ. ક.સ.મં.લી. | બેડકૂવાદૂર | ૬ |

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મંડળીનું નામ | મુલાકાત લીધેલ ગામનું નામ | સમાસદ કુટુંબ સંખ્યા |
|---|---|---|---|---|---|
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક દૂ.ઉ. ક.સ.મં.લી. | ભીંતબુદ્રક | ૫ |
| | | માંડવી | પીચરવાણ દૂ.ઉ. ક.સ.મં.લી. | પીચરવાણ | ૫ |
| | | માંગરોળ | ધી ચારણી દૂ. ઉ.ક.સ.મં.લી. | ચારણી | ૫ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | ધી શકનાળી દૂ. ઉ.ક.સ.મં.લી. | શકનાળી | ૩ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૮ | ૧૦૦ |

## કોઠા નં.૩.૨

**તપાસમાં આવરી લીધેલા કુટુંબોની જાતિવાર માહિતી**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | દૂધ ઉ.સ. મંડળી | સભાસદ કુટુંબ | ઢોડિયા | ગાવિત | વળવી | કોલધા | ડામોર | ભીલ-વાળ | વસાવા | ગામીત | ચૌધરી | હળપતિ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૫ | – | – | – | – | – | – | – | – | – | ૫ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૧૦ | – | – | – | – | – | – | – | – | – | ૧૦ |
| | | | બંકોયા | ૧૦ | ૧૦ | – | – | – | – | – | – | – | – | – | ૧૦ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૫ | – | – | – | – | – | – | – | – | – | ૫ |
| | | | રાનકૂવા | ૫ | ૫ | – | – | – | – | – | – | – | – | – | ૫ |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૫ | – | – | – | – | – | – | – | – | – | ૫ |
| | | | સુખાલા | ૫ | ૨ | ૩ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૮ | – | – | ૨ | – | – | – | – | – | – | ૧૦ |
| | | | તરકાણી | ૫ | ૨ | – | – | ૩ | – | – | – | – | – | – | ૫ |
| | | વાલોડ | કોસુવાડ | ૭ | – | – | – | – | – | – | – | – | – | ૭ | ૭ |
| | | | બેડકૂવા | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૧ | – | ૨ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૧ | – | – | – | – | – | – | ૬ | – | – | ૭ |
| | | | બેડકૂવાદૂર | ૨ | – | – | – | – | – | – | – | ૨ | ૪ | – | ૬ |
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક | ૫ | – | ૩ | ૨ | – | – | – | – | – | – | – | ૫ |
| | | માંડવી | પીચરવાણ | ૫ | – | – | – | – | – | – | ૨ | – | ૩ | – | ૫ |
| | | માંગરોળ | ચીરણી | ૫ | – | – | – | – | – | – | ૫ | – | – | – | ૫ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | – | – | – | – | ૨ | ૧ | – | – | – | – | ૩ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૫૩ | ૬ | ૨ | ૫ | ૨ | ૧ | ૭ | ૬ | ૮ | ૭ | ૧૦૦ |

ઉપર મુજબ કોઠા નં.૩.૧ માં આદિજાતિ વિસ્તાર-વિકાસ કોર્પોરેશન ધ્વારા સૂચવેલ વિસ્તારની મુલાકાત લીધેલ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ અને સભાસદ સંખ્યાની માહિતી દર્શાવી છે. કોઠા નં. ૩.૨ માં નમૂનાના કુટુંબોની જાતિવાર વિગતો દર્શાવી છે. જેમાં ઢોડિયા, ગાવિત, વાળવી, કોલધા, ડામોર, બીલવાળ, વસાવા, ગામીત, ચૌધરી અને હળપતિ એમ જુદી જુદી છ જાતિઓનો સમાવેશ થતો હતો તેમાં ૫૩ ટકા ઢોડિયા જાતિના સભાસદો હતા, જ્યારે બાકીના ૪૭ ટકામાં પાંચ જાતિઓનો સમાવેશ થતો હતો.

કોઠા નં.૩.૩ માં નમૂનાના કુટુંબોના મકાનની વિગતો દર્શાવી છે. જેમાં મકાનનો પ્રકાર, દિવાલનો પ્રકાર, મકાનનું છાજ, ઓરડાની સંખ્યા અને મકાનમાં પશુબાંધવાની છાપરી સાથે છે કે કેમ? તે અંગેની વિગતો દર્શાવી છે.

<u>ઘર</u> :

તપાસેલ ૧૦૦ કુટુંબોના ઘરોની સ્થિતિ વિષે જોઈએ તો કુલ ઘરોમાંથી ૭૩ ઘરો કાચા હતા અને ૨૭ ઘરો પાકા જોવા મળ્યાં હતાં અહીં વલસાડના ચારે તાલુકા અને સુરત જિલ્લાના મહુવા,વાલોડ અને વ્યારા તાલુકા સિવાય ઉચ્છલ, માંડવી, માંગરોળ, વ્યારા તાલુકાના બેડકુવાદૂર અને વાલોડ તાલુકાના કોકણવાડ વિસ્તારના ઘરો બિલકુલ કાચા માટીના બનાવેલા હતા.

<u>દિવાલ</u> :

ઘરોની દિવાલ વિષે જોઈએ તો ૩૪ ઘરોની દિવાલ, ઈંટ-સીમેન્ટની બનેલી હતી. ૬૩ ઘરોની દિવાલો જૂની પુરાણી રીત મુજબની સાંઠી અને છાણમાટીની લીંપણવાળી, ૩ ઘરોની દિવાલ એકલી મારી- ગુંદીને બનાવી તેના પર લીંપણ કરવામાં આવેલું હતું. ઘરો મોટાભાગે કાચા હોવા છતાં થોડાં વ્યવસ્થિત અને હવા ઉજાસવાળાં તો હતાંજ.

<u>છાજ</u> :

નમૂનાના સભાસદોના કુટુંબોના મકાનોના છાજ ૯૬ ટકા વિલાયતી નળિયાંથી છવાયેલાં જોવા મળ્યાં હતાં. ૩ ટકા મકાનોને પાકા ધાબાંવાળાં

## તપાસમાં આવરી લીધેલાં કુટુંબોના મકાનની માહિતી



| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | દૂ.ઉ.સ. મંડળી | સભાસદ કુટુંબ | મકાનનો પ્રકાર | | દિવાલનો પ્રકાર | | | | છાજ-છાપરું | | | ઓરડાની સંખ્યા | | | | પશુબાંધવાની જગ્યા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | કાચું | પાકું | ઈંટ-સીમે. | સાંઠી લીંપણ | માટી | અન્ય | છાજ | સ્લેબ | વિ. નળિયાં | ૧ | ૨ | ૩ | ૪ | સાથે | અલગ |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૩ | ૨ | ૨ | ૩ | – | – | – | – | ૫ | – | ૨ | ૧ | ૨ | ૩ | ૨ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૫ | ૫ | ૫ | ૫ | – | – | – | – | ૧૦ | – | ૨ | ૪ | ૪ | ૫ | ૫ |
| | | | કંબોયા | ૧૦ | ૬ | ૪ | ૪ | ૬ | – | – | – | ૧ | ૯ | – | ૪ | ૪ | ૨ | ૫ | ૫ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૪ | ૧ | ૧ | ૪ | – | – | – | – | ૫ | – | ૨ | ૨ | ૧ | ૪ | ૧ |
| | | | રાનકૂવા | ૫ | ૪ | ૧ | ૨ | ૩ | – | – | – | – | ૫ | – | ૧ | ૩ | ૧ | ૩ | ૨ |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૪ | ૧ | ૧ | ૪ | – | – | ૧ | – | ૪ | – | ૧ | ૨ | ૨ | ૪ | ૧ |
| | | | સુખાલા | ૫ | ૩ | ૨ | ૨ | ૩ | – | – | – | ૨ | ૩ | – | – | ૪ | ૧ | ૩ | ૨ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૬ | ૪ | ૫ | ૫ | – | – | – | – | ૧૦ | ૨ | ૪ | ૩ | ૧ | ૮ | ૨ |
| | | | તરકાણી | ૫ | ૧ | ૪ | ૪ | ૧ | – | – | – | – | ૫ | – | ૨ | ૧ | ૨ | ૧ | ૪ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૭ | – | ૫ | ૨ | – | – | – | – | ૭ | ૬ | – | ૧ | – | ૭ | – |
| | | | બેડકૂવા | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | – | – | – | – | ૨ | – | ૧ | ૧ | – | – | ૨ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૬ | ૧ | ૧ | ૫ | ૧ | – | – | – | ૭ | ૧ | ૫ | ૧ | – | ૬ | ૧ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૬ | – | – | ૬ | – | – | – | – | ૬ | – | ૩ | ૩ | – | ૩ | ૩ |
| | | ઉચ્છલ | ભીંતકુદક | ૫ | ૫ | – | – | ૫ | – | – | – | – | ૫ | ૧ | ૩ | ૧ | – | ૨ | ૩ |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૫ | – | – | ૫ | – | – | – | – | ૫ | – | ૧ | ૪ | – | ૩ | ૨ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૫ | – | – | ૫ | – | – | – | – | ૫ | ૧ | ૨ | ૧ | ૧ | ૨ | ૩ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૨ | ૧ | ૧ | – | ૨ | – | – | – | ૩ | – | ૨ | ૧ | – | ૨ | ૧ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૭૩ | ૨૭ | ૩૪ | ૬૩ | ૩ | – | ૧ | ૩ | ૯૬ | ૧૧ | ૩૫ | ૩૭ | ૧૭ | ૬૧ | ૩૯ |

સીમેન્ટ, કોંકિટવાળાં હતાં અને ૧ મકાનને પાસ-પાનનું છાજ જોવા મળ્યું હતું. એટલે અહીં એટલું સ્પષ્ટ છે કે બે દાયકા પહેલાંની ઘરોની સ્થિતિ અને આજના ઘરોમાં ઘણો તફાવત જોવા મળ્યો છે.

ઓરડાની સંખ્યા :

નમૂનાના તપાસેલ દરેક સભાસદોના ઘરોમાં ઓરડાની સંખ્યા ઓસરી સાથે જોઈએ તો ૧૧ ઘરો એક ખંડ અને ઓસરી, ૩૫ ઘરો બે ખંડના અને ઓસરી, ૩૭ ઘરો ત્રણ ખંડ અને ઓસરીવાળા, જ્યારે ૧૭ ઘરો ચાર ખંડવાળા ઓસરી સાથે હતા. એટલે ઘર અને ઘરની રચનાની દ્રષ્ટિએ જોઈએ તો પહેલાં જે ઘરોમાં મોટાભાગે એક ખંડ જ જોવા મળતો હતો તેની જગ્યાએ હવે આગળ ઓસરી વચ્ચે બે ખંડ પાછળ મોટી પરસાળ હોય તેવા ઘરોની સંખ્યા વધવા પામી છે.

પશુબાંધવાની જગ્યા / મકાન માલિકીની જમીન :

તપાસેલ દરેક સભાસદોના ઘરો પોતાની માલિકીની જમીનમાં બાંધેલા હતાં. પશુ બાંધવાની છાપરી કુલ ૧૦૦ ઘરોમાંથી ૬૧ ઘરોમાં સાથે અને ૩૯ ઘરોમાં અલગ છાપરીની વ્યવસ્થા હતી. મોટાભાગના ઘરોમાં ઢોરબાંધવાની જગ્યાએ અલગ ગમાણની પણ વ્યવસ્થા ઉભી કરેલી જોવા મળી હતી. ઉપર મુજબ નમૂનાના કુટુંબોના ઘરો વિશે જોયા પછી હવે કોઠા નં.૩.૪માં નમૂનાના કુટુંબો પાસેની ઘરવખરી અને મોજશોખના સાધનો વિશે જોઈએ.

ઘરવખરી, ફર્નિચર અને મોજશોખનાં સાધનો :

તપાસમાં આવરી લીધેલાં નમૂનાના કુટુંબોની ઘરવખરીના સાધનો જોઈએ તો તેમની પાસેની ઘરવખરી ઠીક ઠીક પ્રમાણમાં જોવા મળી હતી. અહીં નીચેના કોઠા નંબર ૩.૪ માં ઘરવખરીના કયાં સાધનો, ફર્નિચરનાં કયાં સાધનો અને મોજશોખનાં સાધનો તેમજ ઘરેણાં કેટલા કુટુંબો પાસે હતાં તેની સંખ્યા એટલે કે કુટુંબ સંખ્યા દર્શાવી છે. તપાસેલ દરેક કુટુંબ પાસે તેમની ઘર-વખરીના સાધનોમાં સ્ટીલના થાળી-વાટકા, લોટા-પ્યાલા, એલ્યુમિનિયમના તપેલાં-તપેલીઓ, પિત્તળના વાસણોમાં દેગડા-ઘડા,લોટા, પવાલી, પિત્તળની થાળી-વાટકા, થોડા કુટુંબો પાસે કાંસાના વાટકા, તેમજ તાંબાના વાસણો જોવા મળ્યા હતા. ટૂંકમાં સ્ટીલ, એલ્યુમિનિયમ,પિત્તળ અને તાંબાના વાસણો મોટાભાગના કુટુંબો પાસે હતા.

## કોઠા નં.૩.૪

### તપાસેલ કુટુંબો પાસેની ઘરવખરી અને મોજશોખનાં સાધનો

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | દૂ.ઉ.ક. મંડળી | સભાસદ કુટુંબ | વાસણો | | | | | | | ફર્નિચર | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | સ્ટીલ | એલ્યુ. | પિત્તળ | કાસાના | તાંબા | કાચના | અન્ય | ટેબલ | ખુરશી | ટિપોઈ | પલંગ | ખાટલા | કબાટ |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | – | – | ૧ | ૫ | – | ૧ | ૩ | ૧ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | – | ૧૦ | ૧૦ | – | ૧૦ | ૯ | ૨ | ૧ | ૧૦ | – |
| | | | કુંભોયા | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૪ | ૧ | ૯ | ૪ | ૮ | ૭ | ૩ | ૪ | ૯ | – |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | – | ૧ | ૪ | ૩ | ૧ | ૧ | ૪ | – |
| | | | રાનકૂવા | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | ૩ | – | ૪ | ૪ | – | ૩ | ૪ | – |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૫ | ૫ | ૪ | ૧ | ૫ | – | – | ૨ | ૪ | – | ૧ | ૪ | – |
| | | | સુખાલા | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | ૪ | ૧ | ૫ | ૫ | ૨ | ૧ | ૪ | – |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૧૦ | ૧૦ | ૮ | – | ૮ | ૭ | – | ૭ | ૭ | ૫ | ૮ | ૧૦ | – |
| | | | તરકાણી | ૫ | ૪ | ૫ | ૨ | ૧ | ૩ | ૨ | – | ૨ | ૨ | – | ૨ | ૫ | – |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૭ | ૭ | ૭ | – | ૧ | ૭ | – | – | – | – | ૨ | ૨ | – |
| | | | બેડકૂવા | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | – | ૨ | ૨ | ૨ | ૨ | – | ૨ | ૨ | – |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૭ | ૭ | ૭ | ૬ | – | ૭ | ૭ | ૬ | ૪ | ૪ | ૧ | ૫ | – |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૬ | ૬ | ૬ | ૪ | – | ૫ | ૪ | ૫ | ૪ | ૪ | ૧ | ૬ | ૩ |
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | – | – | ૧ | – | – | – | ૩ | – |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૫ | ૫ | ૫ | – | ૨ | – | – | ૨ | ૨ | ૧ | – | ૪ | – |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૫ | ૫ | ૫ | – | ૩ | ૫ | – | ૩ | ૩ | ૨ | – | ૫ | – |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૩ | ૩ | ૩ | – | ૩ | ૩ | – | – | – | – | ૧ | ૩ | – |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૯૯ | ૧૦૦ | ૯૪ | ૧૮ | ૬૧ | ૬૪ | ૧૯ | ૬૨ | ૬૧ | ૨૪ | ૨૮ | ૮૩ | ૪ |

(કોઠા નં.૩.૪ ચાલુ)

## કોઠા નં.૩.૪ (ચાલુ)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | દૂ.ઉ.ક.મં. | સભાસદ કુટુંબ | મોજશોખના સાધન | | | પરેણા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ટી.વી. | રેડિયો | ઘડિયાળ | સોના | ચાંદી |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૧ | ૩ | ૫ | – | ૨ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૧ | ૩ | ૩ | ૪ | ૧૦ |
| | | | ઢુંબોયા | ૧૦ | ૧ | ૧ | ૭ | ૧ | ૮ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | – | ૨ | ૫ | ૧ | ૨ |
| | | | રાનકૂવા | ૫ | – | ૨ | ૪ | – | ૪ |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | – | ૧ | ૭ | – | ૪ |
| | | | સુખાલા | ૫ | ૧ | ૧ | ૭ | – | ૪ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૧ | – | ૪ | – | ૨ |
| | | | તરકાણી | ૫ | ૧ | ૨ | ૫ | – | ૨ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | – | ૧ | ૨ | – | ૧ |
| | | | બેડકૂવા | ૨ | – | – | ૨ | – | ૨ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૧ | ૧ | ૫ | – | ૪ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૧ | ૧ | ૪ | – | ૪ |
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક | ૫ | – | – | – | – | – |
| | | માંડવી | પીચરવાણ | ૫ | – | – | ૧ | – | ૩ |
| | | માંગરોળ | ચારણી | ૫ | – | – | ૨ | – | ૩ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | રાકનાળી | ૩ | – | – | – | – | ૧ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૮ | ૧૮ | ૬૩ | ૬ | ૫૬ |

ફર્નિચરના સાધનોમાં ખાટલા, ટેબલ, ખુરશી, જેવાં સાધનો ૫૦ ટકા ઉપરાંતના કુટુંબો પાસે હતાં. જયારે મોજશોખના સાધનો જેવાકે રેડિયો, ટી.વી., ઘડિયાળ, સ્કૂટર અને સીવવાના સંચા અમુકજ કુટુંબો પાસે જોવા મળ્યા હતા. ઘરેણાંમાં માત્ર ૫૬ કુટુંબો પાસે ચાંદીના કડલા, સડા અને ૬ કુટુંબો પાસે નહિવત સોનાના ઘરેણાં જોવા મળ્યાં હતાં.

ઉપરના કોઠા નં. ૩:૪મા નમૂનાનાં કુટુંબોમાંથી કેટલા કુટુંબો-ઘરવખરી ફર્નિચરના સાધનો અને મોજશોખનાં સાધનો ધરાવે છે તે સ્પષ્ટ જોઇ શકાય છે અહી તપાસેલ નમૂનાનાં કુટુંબોની ભૌતિક સાધનોનો ખ્યાલ મેળવ્યા પછી કેટલીક સામાજીક બાબતો કે જેમાં નમૂનાનાં કુટુંબોની સભ્ય-સંખ્યા, વૈવાહિક દરજજો, સભ્ય સંખ્યાનુ ઉંમર પ્રમાણે વર્ગીકરણ અને શિક્ષણ વિષે જોઈએ.

ઉપર મુજબ કોઠાને ૩:૧ થી ૩:૪ માં ભૌતિક પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યા પછી કોઠા નં.૩:૫ પરથી નમૂનાનાં કુટુંબોની સભ્યસંખ્યા વિષે જોઈએ.

<u>સભ્યસંખ્યા : કુટુંબકદ</u> :

તપાસેલ નમૂનાના કુલ કુટુંબોની સભ્ય સંખ્યા ૬૧૬ની હતી. જેમાં ૩૨૦ પુરુષો અને ૨૯૬ સ્ત્રીઓ એટલે કે ૫૧.૨ ટકા પુરુષ સભ્યોનો અને ૪૮.૮ ટકા સ્ત્રી સભ્યોનો સમાવેશ થતો હતો. જેમનું સરેરાશ કુટુંબકદ ૬ માણસોનું જોવા મળ્યું હતું. તપાસના મોટાભાગના કુટુંબો વિભકત કુટુંબો હતા, જયારે સંયુકત કુટુંબો નહિવત જોવા મળ્યા હતા. જેનો ખ્યાલ નમૂનાના કુટુંબોનો વિસ્તાર પ્રમાણે કોઠા નં. ૩:૫ માં દર્શાવેલ સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યા દર્શાવી છે તેનો મંડળી પ્રમાણે અભ્યાસ કરવાથી વધુ સ્પષ્ટ ખ્યાલ આવશે, જયારે કોઠા નં. ૩:૬માં નમૂનાના સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યાનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ દર્શાવ્યુ છે તેનો વિસ્તાર પ્રમાણે અને ગામવાર વર્ગીકરણ જોવાથી સભ્યોની વય જાણી શકાશે.

## કોઠા નં.૩.૫

### તપાસમાં આવરી લીધેલાં કુટુંબોની સભ્ય સંખ્યા

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.ક. સ.મં. | સભાસદ કુટુંબ | કુલ સભ્ય સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુરુષો | સ્ત્રી | કુલ |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૧૭ | ૧૪ | ૩૧ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૩૫ | ૩૧ | ૬૬ |
| | | | કબોયા | ૧૦ | ૪૧ | ૪૫ | ૮૬ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૧૪ | ૧૪ | ૨૮ |
| | | | રાનકૂવા | ૫ | ૧૯ | ૧૬ | ૩૫ |
| | | ધરમપુર | ધોપડકૂવા | ૫ | ૧૬ | ૧૬ | ૩૨ |
| | | | સુખાલા | ૫ | ૧૭ | ૧૮ | ૩૫ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૨૫ | ૨૫ | ૫૦ |
| | | | તરકાણી | ૫ | ૧૭ | ૧૧ | ૨૮ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૧૪ | ૧૬ | ૩૦ |
| | | | બેડકૂવા | ૨ | ૬ | ૪ | ૧૦ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૧૯ | ૨૪ | ૪૩ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૨૦ | ૧૫ | ૩૫ |
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક | ૫ | ૧૨ | ૯ | ૨૧ |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૧૫ | ૧૨ | ૨૭ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૨૧ | ૧૮ | ૩૯ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૧૨ | ૮ | ૨૦ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૩૨૦ (૫૧.૨) | ૨૯૬ (૪૮.૮) | ૬૧૬ (૧૦૦.૦) |

## સભ્ય સંખ્યાનું ઉંમર પ્રમાણે વર્ગીકરણ :

ઉપરના કોઠા નં. ૩.૫ માં દર્શાવેલ નમૂનાના કુટુંબોની સભ્ય સંખ્યા જોયા પછી કોઠા નં. ૩.૬માં દર્શાવ્યા મુજબ જોઇએ તો કુલ સભ્ય સંખ્યા-માંથી ૧૮.૪ ટકા પુરુષ અને ૧૪.૨ ટકા સ્ત્રી, બાળકો ૦ થી ૬ વર્ષની વયના હતાં. જ્યારે ૧૫.૬ ટકા પુરુષ અને ૧૫.૨ ટકા સ્ત્રી બાળકો ૭ થી ૧૪ વર્ષની વયનાં હતાં. એટલે કે કુલ બાળકોની સંખ્યા ૦ થી ૧૪ વર્ષ સુધીમાં ૩૪ ટકા પુરુષ અને ૨૯.૬ ટકા સ્ત્રી બાળકોની સંખ્યા હતી. જ્યારે ૧૫ થી ૨૫ વર્ષની વયમાં ૨૧.૨ ટકા પુરુષો અને ૨૧.૯ ટકા સ્ત્રીઓનો સમાવેશ થતો હતો અને ૨૬ થી ૫૦ વર્ષમાં ૩૬.૬ ટકા પુરુષો અને ૩૮.૨ ટકા સ્ત્રીઓ હતી. જ્યારે ૫૧ થી ૬૦ વર્ષની વયના માત્ર ૪.૪ ટકા પુરુષ એન ૬.૧ ટકા સ્ત્રીઓ હતી. અને વૃધ્ધ કહી શકાય તેવા ૬૧ થી ઉપરની ઉંમરમાં ૩.૮ ટકા પુરુષ અને ૪.૪ ટકા સ્ત્રીઓનો સમાવેશ થતો હતો.

પ્રસ્તુત કોઠા પરથી એ સ્પષ્ટ થાય છે કે ૧૫ થી ૫૦ વર્ષની ઉંમરમાં કે જેઓ કામ કરી શકે તેવા છે અને તેમાં મોટાભાગનું સુવાધન છે કે જેમને દૂધાળાં ઢોરની યોજનામાં સાંકળીને આ યોજનાનો લાભ વધુ ને વધુ કુટુંબો લેતા થાય અને નવી રોજગારીની તકો આ ધ્વારા ઊભી કરી શકાય અને બેરોજગારીને રોકી શકાશે.

## વૈવાહિક દરજ્જો :

નમૂનાના સભાસદ કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાંથી ૪૬.૯ ટકા પુરુષો અને ૫૦.૭ ટકા સ્ત્રીઓ પરિણિત હતી, જ્યારે ૫૨.૨ ટકા પુરુષો અને ૪૩.૬ ટકા સ્ત્રીઓ અપરિણિત હતી. માત્ર ૦.૯ ટકા પુરુષ અને ૫.૭ ટકા સ્ત્રીઓ વિધુર / વિધવા હતાં જેની વિગતવાર માહિતી કોઠા નં.૩.૭માં દર્શાવવામાં આવી છે.

### કોઠા નં.૩.૧

#### તપાસમાં આવરી લીધેલ કુટુંબોની સભ્ય સંખ્યાનું વયજૂથ

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકો | દૂ.ઉ.ક. સ.મં. | સભાસદ કુટુંબ | ૦ થી ૬ | | ૭ થી ૧૪ | | ૧૫ થી ૨૫ | | ૨૬ થી ૫૦ | | ૫૧ થી ૬૦ | | ૬૧ થી ઉપર | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | કુલ |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૨ | – | ૨ | ૪ | ૬ | ૨ | ૪ | ૪ | ૨ | ૩ | ૧ | ૧ | ૧૭ | ૧૪ | ૩૧ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૩ | ૪ | ૩ | ૨ | ૧૨ | ૭ | ૧૩ | ૧૩ | ૪ | ૫ | – | – | ૩૫ | ૩૧ | ૬૬ |
| | | | કંબોયા | ૧૦ | ૧૦ | ૧૨ | ૫ | ૫ | ૯ | ૧૦ | ૧૫ | ૧૪ | – | ૩ | ૨ | ૧ | ૪૧ | ૪૫ | ૮૬ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૩ | ૨ | ૧ | ૨ | ૩ | ૩ | ૬ | ૪ | – | ૧ | ૧ | ૨ | ૧૪ | ૧૪ | ૨૮ |
| | | | રાનકૂવા | ૫ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૧ | ૬ | ૭ | ૧ | ૧ | ૨ | ૨ | ૧૯ | ૧૬ | ૩૫ |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૪ | ૧ | ૧ | ૩ | ૨ | ૪ | ૭ | ૭ | ૧ | ૧ | ૧ | – | ૧૬ | ૧૬ | ૩૨ |
| | | | સુખાલા | ૫ | ૩ | ૧ | – | ૪ | ૫ | ૫ | ૭ | ૭ | ૧ | – | ૧ | ૧ | ૧૭ | ૧૮ | ૩૫ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૨ | – | ૬ | ૧ | ૬ | ૧૧ | ૧૦ | ૧૧ | ૧ | ૧ | – | ૧ | ૨૫ | ૨૫ | ૫૦ |
| | | | તરકાણી | ૫ | ૩ | ૧ | ૩ | – | ૫ | ૪ | ૫ | ૫ | ૧ | – | – | ૧ | ૧૭ | ૧૧ | ૨૮ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૧ | ૩ | ૪ | ૫ | ૨ | ૨ | ૭ | ૬ | – | – | – | – | ૧૪ | ૧૬ | ૩૦ |
| | | | બેડકૂવા | ૨ | – | – | ૨ | – | ૨ | – | ૨ | ૩ | – | – | – | ૧ | ૬ | ૪ | ૧૦ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૩ | ૬ | ૨ | ૨ | ૩ | ૭ | ૧૦ | ૮ | – | ૧ | ૧ | – | ૧૯ | ૨૪ | ૪૩ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૫ | ૪ | ૨ | ૧ | ૧ | – | ૯ | ૯ | ૧ | – | ૨ | ૧ | ૨૦ | ૧૫ | ૩૫ |
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક | ૫ | ૩ | ૨ | ૩ | – | ૨ | ૧ | ૩ | ૩ | ૧ | ૨ | – | ૧ | ૧૨ | ૯ | ૨૧ |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૪ | ૨ | ૨ | ૩ | ૩ | ૩ | ૫ | ૪ | ૧ | – | – | – | ૧૫ | ૧૨ | ૨૭ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૯ | ૨ | ૪ | ૭ | ૨ | ૩ | ૫ | ૫ | – | – | ૧ | ૧ | ૨૧ | ૧૮ | ૩૯ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૨ | ૧ | ૭ | ૨ | – | ૨ | ૩ | ૩ | – | – | – | – | ૧૨ | ૮ | ૨૦ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૫૯<br>(૧૮.૪) | ૪૨<br>(૧૪.૨) | ૫૦<br>(૧૫.૬) | ૪૫<br>(૧૫.૨) | ૬૮<br>(૨૧.૨) | ૫૬<br>(૧૮.૯) | ૧૧૭<br>(૩૬.૬) | ૧૧૩<br>(૩૮.૨) | ૧૪<br>(૪.૪) | ૧૮<br>(૬.૧) | ૧૨<br>(૩.૮) | ૧૩<br>(૪.૪) | ૩૨૦<br>(૧૦૦.૦) | ૨૯૬<br>(૧૦૦.૦) | ૬૧૬<br>(૧૦૦.૦) |

૪૪

<u>શિક્ષણ</u> :

તપાસેલ નમૂનાના સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યા, વયજૂથ પ્રમાણે વર્ગીકરણ અને પરિણિત- અપરિણિત વિષે ઉપરના કોઠાઓમાં દર્શાવેલ વિગતો જોયા પછી હવે નમૂનાના સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યામાં શિક્ષણનું પ્રમાણ વિગતવાર જોઈએ.

નમૂનાના સભાસદ કુટુંબોની કુલ સભ્ય સંખ્યામાં શિક્ષણનું પ્રમાણ કોઠા નં.૩.૮ માં દર્શાવ્યું છે. જેમાં કુલ સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ જોઈએ તો ૩૬ ટકા સ્ત્રી- પુરુષો અભણ હતા. (૨૨૨) ૩૮.૨ ટકા સ્ત્રી-પુરુષો એ અભ્યાસ પૂરો કર્યો હતો. (૨૩૫) અને ૨૫.૮ ટકા સ્ત્રી - પુરુષો શિક્ષણ લઈ રહયા હતા.

નમૂનાના સભાસદ કુટુંબોની કુલ સભ્ય સંખ્યા પુરુષો ૩૨૦ અને સ્ત્રીઓ ૨૯૬ હતી.આ સંદર્ભમાં જોઈએ તો કુલ પુરુષો સભ્યોમાં ૨૭.૫ ટકા અભણ, ૧.૨ ટકા સહી આવડે- લખીવાંચી શકે તેવા , ૨૨.૫ ટકાએ ૧ થી ૭ ધોરણ સુધીનું પ્રાથમિક શિક્ષણ, ૧૦.૬ ટકા પુરુષોએ ૮ થી ૧૦ ધોરણ સુધીનું ૪.૧ ટકાએ ધોરણ ૧૧-૧૨ સુધીનું, ૩.૧ ટકાએ સ્નાતક કક્ષાનું, ૦.૩ ટકાએ અનુસ્નાતક કક્ષાનું અને ૩.૮ ટકા પી.ટી.સી. થયેલા હતા. જ્યારે ચાલુ શિક્ષણ હોય તેવા ૨.૨ ટકા પુરુષ બાળકો બાલમંદિરમાં જતા હતા. ૧૨.૮ ટકા પુ. બાળકો પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૭ સુધીનું શિક્ષણ લઈ રહયાં હતા. ૪.૭ ટકા માધ્યમિકમાં, ૧.૬ ટકા ઉચ્ચતર માધ્યમિક, ૪.૧ ટકા સ્નાતક કક્ષાએ, ૦.૬ ટકા અનુસ્નાતક કક્ષાનું અને ૦.૯ ટકા ટેકનીકલ કક્ષાનું શિક્ષણ લઈ રહયા હતા.

જયારે કુલ સ્ત્રી સભ્યોના સંદર્ભમાં જોઈએ તો ૪૫.૩ ટકા સ્ત્રીઓ અભણ હતી. ૦.૭ ટકા સ્ત્રીઓની સહી કરી શકતી હતી. ૧૧.૨ ટકા સ્ત્રીઓએ પ્રાથમિક કક્ષાનું શિક્ષણ મેળવ્યુ હતું. ૧૦.૮ ટકા સ્ત્રીઓએ માધ્યમિક કક્ષાનુ, ૨ ટકા સ્ત્રીઓએ ઉચ્ચતર માધ્યમિક, ૩.૭ ટકા સ્ત્રીઓએ સ્નાતક કક્ષાનું, ૦.૩ ટકા સ્ત્રીઓએ અનુસ્નાતક કક્ષાનું અને ૧.૪ ટકા સ્ત્રીઓ પી.ટી.સી. થયેલી હતી, જયારે શાળા- કોલેજોમાં જતી સ્ત્રીઓ કે જે શિક્ષણ લઈ રહી છે તેમાં ૧.૪ ટકા સ્ત્રીઓ બાલમંદિર, ૧૧.૫ ટકા સ્ત્રીઓ પ્રાથમિક શાળામાં જાય છે. ૫.૪ ટકા માધ્યમિક,

કોઠા નં.૩.૮

તપાસમાં આવરી લીધેલા કુટુંબોની સભ્ય સંખ્યાનું શિક્ષણનું સ્તર (શિક્ષણ પુરુ કર્યુ છે અથવા ઉઠીગયેલ

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | અભણ | | સહીઆવડે પ્રૌઢ શિક્ષિત | | પ્રાથમિક | | માધ્યમિક | | મેટ્રિક એસ.એસ.સી. | | સ્નાતક | | અનુસ્નાતક | | પી.ટી.સી. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૩ | ૩ | – | – | ૧ | ૧ | ૩ | ૪ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૫ | ૧૩ | ૧ | – | ૯ | ૨ | ૨ | ૫ | ૪ | – | ૧ | ૪ | – | – | ૩ | ૧ |
| | | | કંબોયા | ૧૦ | ૯ | ૨૧ | – | ૧ | ૧૪ | ૨ | ૪ | ૫ | ૨ | ૨ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૪ | ૪ | – | – | ૩ | ૩ | ૨ | ૧ | – | – | ૧ | ૨ | ૧ | – | ૧ | ૧ |
| | | | રાનકૂવા | ૫ | ૨ | ૪ | – | – | ૧ | ૩ | ૬ | ૪ | ૨ | – | – | – | – | – | ૪ | – |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૭ | ૫ | – | – | ૪ | ૩ | – | ૨ | ૧ | – | – | – | – | – | – | – |
| | | | સુખાળા | ૫ | ૩ | ૩ | – | – | ૭ | ૪ | ૧ | – | – | ૧ | ૨ | ૧ | – | – | ૧ | – |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૬ | ૮ | – | – | ૮ | ૨ | ૧ | ૪ | ૧ | ૧ | ૧ | ૨ | – | – | ૧ | ૧ |
| | | | તરકાણી | ૫ | ૮ | ૫ | – | – | ૨ | ૧ | ૧ | ૧ | – | ૧ | ૧ | ૧ | – | – | – | – |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૮ | ૧૫ | – | – | ૪ | – | ૧ | – | – | – | – | – | – | – | – | – |
| | | | બેડકૂવા | ૨ | – | ૩ | – | – | ૧ | ૧ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૫ | ૯ | – | ૧ | ૬ | ૭ | ૩ | ૩ | ૧ | – | – | – | – | – | – | – |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૩ | ૮ | ૨ | – | ૫ | ૨ | ૫ | ૧ | – | ૧ | ૧ | – | – | – | – | – |
| | | ઉચ્છલ | ભીતબુદ્રક | ૫ | ૫ | ૮ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | – | – | – |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૮ | ૯ | ૧ | – | ૨ | ૧ | ૧ | – | – | – | ૧ | – | – | – | – | – |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૮ | ૧૧ | – | – | ૨ | ૧ | ૩ | – | – | – | – | – | – | – | – | – |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૪ | ૫ | – | – | ૨ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૮૮ | ૧૩૪ (૩૬.૦) | ૪ | ૨ (૧.૦) | ૭૨ | ૩૩ (૧૭.૦) | ૩૪ | ૩૨ (૧૦.૭) | ૧૩ | ૬ (૩.૧) | ૧૦ | ૧૧ (૩.૪) | ૧ | ૧ (૦.૩) | ૧૨ | ૪ (૨.૬) |

(કોઠા નં.૩.૮ચાલુ)

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દ.ઉ.ગ્રા.ગ. | આવરેલ કુટુંબ | બાલમંદિર | | પ્રાથમિક | | માધ્યમિક | | એચ.એસ.સી. | | સ્નાતક | | અનુસ્નાતક | | પી.ટી.સી. | | ટેકનીકલ | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુ. | સ્ત્રી | પુરુષ | સ્ત્રી | કુલ |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | – | – | – | ૩ | ૩ | ૧ | ૨ | – | ૧ | ૨ | – | – | – | – | ૧ | – | ૧૭ | ૧૪ | ૩૧ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | – | ૧ | ૨ | – | ૩ | ૩ | ૨ | – | ૧ | ૧ | – | – | – | ૧ | ૨ | – | ૩૫ | ૩૧ | ૬૬ |
| | | | ક્બોયા | ૧૦ | ૧ | – | ૫ | ૫ | ૧ | ૩ | ૧ | ૨ | ૨ | ૧ | – | – | – | – | – | – | ૪૧ | ૪૫ | ૮૬ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૧ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | – | ૧૪ | ૧૪ | ૨૮ |
| | | | રાનકૂવા | ૫ | – | – | ૩ | ૪ | ૧ | – | – | – | – | ૧ | – | – | – | – | – | – | ૧૯ | ૧૬ | ૩૫ |
| | | ધરમપુર | ધોપડકૂવા | ૫ | – | – | ૨ | ૩ | – | ૩ | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૧૬ | ૧૬ | ૩૨ |
| | | | સુખાલા | ૫ | – | – | – | – | – | ૩ | ૧ | ૪ | – | ૨ | ૨ | – | – | – | – | – | ૧૭ | ૧૮ | ૩૫ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | – | – | ૫ | – | ૧ | ૧ | – | ૩ | ૧ | ૨ | – | ૧ | – | – | – | – | ૨૫ | ૨૫ | ૫૦ |
| | | | તરકાણી | ૫ | – | – | ૨ | – | – | – | – | ૧ | ૩ | ૧ | – | – | – | – | – | – | ૧૭ | ૧૧ | ૨૮ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | – | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | ૧૪ | ૧૬ | ૩૦ |
| | | | બેડકૂવા | ૨ | – | – | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | – | – | – | ૬ | ૪ | ૧૦ |
| | | વ્યારા | વ્યારા | ૭ | – | ૧ | ૩ | ૨ | – | – | – | ૧ | ૧ | – | – | – | – | – | – | – | ૧૯ | ૨૪ | ૪૩ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૧ | ૧ | ૩ | ૨ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | ૨૦ | ૧૫ | ૩૫ |
| | | ઉચ્છલ | ભીતબુદ્રક | ૫ | ૨ | – | ૨ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | ૧૨ | ૯ | ૨૧ |
| | | માંડવી | પીચરવાણ | ૫ | – | – | ૧ | ૨ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | ૧૫ | ૧૨ | ૨૭ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૧ | – | ૬ | ૫ | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | – | – | ૨૧ | ૧૮ | ૩૯ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | ઝકનાળી | ૩ | ૧ | – | ૬ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | – | – | ૧૨ | ૮ | ૨૦ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૭ | ૪ | ૪૧ | ૩૪ | ૧૫ | ૧૬ | ૫ | ૯ | ૧૩ | ૮ | ૨ | ૧ | – | ૧ | ૩ | – | ૩૨૦ | ૨૯૬ | ૬૧૬ |
| | | | | | (૧.૮) | | (૧૨.૨) | | (૫.૦) | | (૨.૩) | | (૩.૪) | | (૦.૫) | | (૦.૨) | | (૦.૫) | | | (૧૦૦.૦) | |

૩.૦ ટકા ઉચ્ચતર માધ્યમિક, ૨.૧૭ ટકા સ્નાતક કક્ષાએ, ૦.૩ ટકા અનુસ્નાતક કક્ષાનું, ૦.૩ ટકા સ્ત્રીઓ પી.ટી.સી. કોલેજમાં શિક્ષણ લઇ રહી હતી.

અહી કોઠા પરથી એટલુ સ્પષ્ટ જોઇ શકાય છે કે * તપાસના વિસ્તારોમાં શિક્ષણનું પ્રમાણ પણ સારું જોવા મળે છે. તેમ છતાં સ્ત્રીઓમાં શિક્ષણનુ પ્રમાણ ઘણું ઓછું કહી શકાય. એકંદરે જોઇએ તો દોઢ દાયકા પહેલાંની એને આજની શિક્ષણની પરિસ્થિતિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે.

'તપાસમાં આવરી લીધેલાં નમૂનાના સભાસદ કુટુંબોની વિસ્તારવાર શિક્ષણની વિગતો અહીં કોઠા નં.૩.૮ માં દર્શાવી છે. કોઠાના અભ્યાસ પરથી નમૂનાના કુટુંબોની શિક્ષણની વિગતોનો ઊંડાણપૂર્વક અભ્યાસથી તપાસના વિસ્તારોમાં શિક્ષણનો વ્યાપ કેટલો છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.

ઉપરોક્ત કોઠામાં શિક્ષણની વિગતો જોયા પછી હવે નમૂનાના કુટુંબોના આર્થિક પાસાઓને પણ તપાસીએ. જેના ધ્વારા દુધાળાં ઢોરની યોજનાના પરિણામોનો ચોકકસ ખ્યાલ આવશે.

ઉપરના કોઠા નં.૩.૮માં દર્શાવ્યા મુજબ દરેક તાલુકામાં શિક્ષણનું પ્રમાણ ઘણું સારું જોઇ શકાય છે. શિક્ષિત પ્રજાને કારણે સરકારશ્રીની દરેક યોજનાઓનો લાભ પણ સારો મેળવ્યો છે. એટલુંજ પૂરતું ન હોય તેમ આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દૂધાળાં ઢોરની યોજના આવવાથી તેમાંય દૂધાળાં ઢોરના યુનિટની યોજના આવવાથી તપાસના વિસ્તારોમાં ઘણા સ્નાતક કક્ષાના શિક્ષણ પામેલા યુવાનોએ આ યોજનાની તક ઝડપી લઇ રોજગારી મેળવતા થયા છે. અને વધુને વધુ યુવકો આ યોજના તરફ ઢળી રહયા છે. દરેક વિસ્તારમાં શિક્ષણ સારુ હોવાને લીધે આર્થિક સધ્ધરતા પણ સારી જોવા મળી છે. સાથે સાથે આ વિસ્તારમાં નહેરોની સુવિધાને કારણે શેરડી અને ફળાઉ ઝાડ તેમજ રોકડિયા પાકોને લીધે યુવાનો ભણીને સીધા ખેતી-પશુપાલનના ધંધા તરફ પ્રેરાયા છે. અને ઘણી સારી પ્રગતિ કરી રહયા છે. જેનો ખ્યાલ નમૂનાના કુટુંબો પાસેથી મેળવેલ આર્થિક બાબતોના ઊંડાણપૂર્વકના તલસ્પર્શી અભ્યાસ ધ્વારા આવી શકશે. આ માટે તેની અર્થવ્યવસ્થાને સમજવી એટલીજ મહત્વની છે.

<u>અર્થવ્યવસ્થા</u> :

તપાસેલ નમૂનાના સભાસદ કુટુંબો પાસે જમીનનું પ્રમાણ ખૂબ ઓછુ જોવા મળ્યુ હતું. કુટુંબની સભ્ય સંખ્યા અને જમીનનું કદ જોતાં જમીન ખૂબ ઓછી હતી, જેથી દરેક સભાસદ કુટુંબોને જીવનનિર્વાહ માટે જુદા જુદા ધંધા રોજગાર પર આધાર રાખવો પડતો હતો. તપાસેલ સભાસદ કુટુંબો મુખ્ય બે ધંધા સાથે સંકળાયેલા હતા. જેની વિગતો કોઠા નં.૩.૯માં દર્શાવી છે. કુલ સભાસદ કુટુંબોમાંથી ૮૪ કુટુંબો ખેતીનો ધંધો કરતા હતા. સાથે સાથે પશુ-પાલનનો ધંધો પણ વિકસાવ્યો હતો. આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દૂધાળાં ઢોરની યોજનાનો લાભ આદિવાસી વિસ્તારમાં ખેતીવાળા અને ખેતી વગરના કુટુંબોએ લાભ લઈ પશુપાલનના ધંધાને ખેતીના જેટલુંજ મહત્વ આપેલુ જોવા મળે છે. નમૂનાના કુલ કુટુંબો પૈકીના ખેતી કરતા કુટુંબો ખેતીની સાથે પશુપાલનનો ધંધો તેમજ નોકરી પણ કરતા હતા. જ્યારે જેઓની પાસે નહિવત જમીન એટલે કે ૧ એકર કરતાં ઓછી જમીન હતી તેવાં કુટુંબો મજૂરી પણ કરતા હતાં. આ રીતે કોઠા નં.૩.૯માં દર્શાવ્યા મુજબ જુદા જુદા પ્રકારની અર્થોપાર્જનની પ્રવૃત્તિમાં દરેક કુટુંબો સંકળાયેલા હતા. હાલમાં છેલ્લા ચાર- પાંચ વર્ષથી આદિવાસી વિસ્તારમાં કે જ્યાં પાણી અને લીલાઘાસચારાની સુવિધા ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં ખેતીની સાથે પશુપાલનના વ્યવસાયનો સાંકળી લઈ દૂધના વ્યવસાયને સારું એવું ઉત્તેજન આપવામાં આવી રહ્યું છે. તેમાંય આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા મંડળીઓને આપવામાં આવતુ સીધું ધીરાણ સભાસદો માટે આશીર્વાદરૂપ નિવડયું છે. જેની વિગતવાર વિસ્તાર પ્રમાણે નોંધ કોઠામાં દર્શાવી છે.

ઉપરોક્ત કોઠા નં.૩.૯માં નમૂનાના સભાસદ કુટુંબોના વ્યવસાયની વિગતો જોયા પછી દરેક કુટુંબમાંથી કમાનાર અને નહિકમાનાર સભ્યોની વ્યવસાયવાર વિગતો કોઠા નં.૩.૧૦ માં જોઈએ.

કોઠા નં. ૩.૯

## તપાસમાં આવરી લીધેલાં કુટુંબોનો વ્યવસાય

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | ખેતી | પશુપાલન | નોકરી | મજૂરી | કડિયાકામ | સેન્ટિંગ | દરજીકામ | વેપાર-ધંધો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૫ | ૪ | ૩ | – | ૧ | – | – | – |
| | | વંસદા | બીનાર | ૧૦ | ૧૦ | ૭ | ૫ | ૩ | – | – | – | – |
| | | | ક્બોયા | ૧૦ | ૯ | ૧૦ | ૬ | ૨ | – | ૪ | – | – |
| | | ચીખલી | સનવેરી | ૫ | ૫ | ૨ | – | ૨ | – | – | ૧ | – |
| | | | રાનકૂવા | ૫ | ૫ | ૨ | ૪ | ૧ | – | – | – | – |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૫ | ૫ | ૧ | ૧ | – | – | – | – |
| | | | સુખાલા | ૫ | ૫ | ૫ | ૨ | – | – | ૧ | – | – |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૮ | ૬ | ૪ | ૫ | – | – | – | ૨ |
| | | | તરકાણી | ૫ | ૨ | ૫ | ૧ | ૩ | – | – | – | – |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૧ | ૭ | ૧ | ૬ | – | – | – | – |
| | | | બેડકૂવા | ૨ | ૨ | ૨ | ૧ | – | – | – | – | – |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૭ | ૭ | ૧ | ૪ | – | – | – | – |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૬ | ૬ | ૧ | ૨ | – | – | – | – |
| | | ઉચ્છલ | સીતબુદ્રક | ૫ | ૩ | ૫ | – | ૫ | – | – | – | – |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૪ | ૫ | ૨ | ૩ | – | – | – | ૧ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૪ | ૪ | – | ૧ | – | – | ૧ | ૧ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | રાકનાળી | ૩ | ૩ | ૩ | – | ૨ | – | – | – | – |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૮૪ | ૮૫ | ૩૨ | ૪૦ | ૧ | ૨ | ૨ | ૪ |

<u>કમાનાર - નહિકમાનાર :</u>

નીચેના કોઠા નં.૩.૧૦ માં પસંદ થયેલ સભાસદ કુટુંબોની સભ્ય સંખ્યા-માંથી કામ કરનાર અને કામકરનાર પર આધારિત તેમજ કામનહિ કરનાર સભાસદ કુટુંબોના સભ્યોની વિગતો વિસ્તારવાર દર્શાવવામાં આવી છે. કોઠા પરથી જોઈ શકાય છે કે કુલ સભ્ય સંખ્યામાંથી ૫૪ ટકા સભ્યો જુદા જુદા ધંધામાં પરોવાયેલ હતા. એટલે કે કામ કરતા હતા, જ્યારે ૨૫.૮ ટકા સભ્યો ૦ થી ૧૨ વર્ષના હતા. ૨૦.૨ ટકા સભ્યો બિનકમાનાર હતા.

કોઠામાં દર્શાવ્યા મુજબ સભ્ય સંખ્યાની દ્રષ્ટિએ વ્યવસાયવાર વિગતો જોઈએ તો કુલ સભ્ય સંખ્યામાંથી ૧૮ ટકા સભ્યો ખેતીના વ્યવસાયમાં રોકા-યેલી હતી. ૧૯.૮ ટકા સભ્યો પશુપાલનનો વ્યવસાય કરતા હતા. જેમાં સ્ત્રીઓની સંખ્યા વિશેષ હતી એટલે કે દરેક કુટુંબોમાંથી એક સ્ત્રી સભ્ય પશુપાલનના વ્યવસાયમાં જોડાયેલ હતી. જે પુશપાલનના વ્યવસાય ઉપરાંત ખેતી કામમાં મદદ કરતી, ઘરની સારી જવાબદારી પણ તે પોતે સંભાળતી અને બાળઉછેરની જવાબદારી પણ સ્ત્રીનીજ જોવા મળી હતી, એટલે કે પુરુષો કરતાં સ્ત્રી ઉપર કામનું ભારણ વધારે જોવા મળ્યું હતું. કુલ સભ્યોમાંથી ૬.૬ ટકા સભ્યો નોકરી કરતા હતા જેમાં મોટાભાગના પુરુષ સભ્યોજ જોવા મળ્યા હતા. જ્યારે મજૂરી કરનાર ૮.૩ ટકા સભ્યો હતા. જેમાં અને વેપાર ધંધો તેમજ અન્ય રોજગારીમાં માત્ર ૧.૩ ટકા સભ્યો રોકાયેલા હતા. અહીં કામ કરી શકે તેવા અને કામ ન કરી શકે તેવા સભ્યોનું પ્રમાણ જોતાં કુટુંબમાં એકબીજા પરનુ ભારણ ઘણું ઓછું જોવા મળ્યું હતું. નાની વયના બાળકો કે જેઓ ૭ થી ૧૪ વર્ષની વયના હતા. તેઓ પણ એક યા બીજા પ્રકારે ખેતી અને પશુપાલનના વ્યવસાયમાં મદદરૂપ થતા હતા. કેટલાક વિસ્તારોમાં તો પશુઓ ચરાવી આ બાળકો કુટુંબને સીધા મદદરૂપ થતાં હતા. કોઠામાં દર્શાવ્યા મુજબ નહિકમાનાર સભ્યોમાં પુરુષો કરતાં સ્ત્રી સભ્યોનું પ્રમાણ વિશેષ હતું. પરંતુ તેમાંની કેટલીક સ્ત્રી-બાળાઓ નિશાળે જતી હોવાથી એકંદરે કમાનાર સભ્યોની સરખામણીમાં નહિકમાનાર સભ્યોમાંથી નિશાળે જતા પુરુષ-સ્ત્રી બાળકોની સંખ્યાને બાદ કરતાં કુટુંબના એકબીજા સભ્યો પરતુ ભારણ ખૂબજ ઓછું હતું. આ અંગે કોઠા નં.૩.૮ની વિગતો જોતાં જે બાળકો સ્કૂલે જાય છે. તે પણ પોતાના ચાલુ દિવસોમાં ખેતી-પશુપાલનના વ્યવસાયમાં સહભાગી બનતા હોવાથી અહીં આ તબક્કે કોઠા નં ૩.૮ અને ૩.૧૦ ને સાથે રાખીને જો ઊંડાણપૂર્વક જોવામાં આવે તો નહિ કમાનાર સભ્યોનું પ્રમાણ ખૂબ ઓછું થઈ જશે. ટૂંકમાં કુટુંબની દરેક વ્યક્તિ પ્રવૃત્તિશીલ જોવા મળી હતી.

કોઠા નં. ૩.૧૦

## કમાનાર- નહિકમાનાર સભ્યોનું વ્યવસાય પ્રમાણે વર્ગીકરણ

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | ખેતી પુ. | ખેતી સ્ત્રી | પશુપાલન પુ. | પશુપાલન સ્ત્રી | નોકરી પુ. | નોકરી સ્ત્રી | મજૂરી પુ. | મજૂરી સ્ત્રી | અન્ય પુ. | અન્ય સ્ત્રી | ૦ થી ૧૪ વર્ષ પુ. | ૦ થી ૧૪ વર્ષ સ્ત્રી | નહિકમાનાર પુ. | નહિકમાનાર સ્ત્રી | કુલ પુ. | કુલ સ્ત્રી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | વલસાડ | મરવા | ૫ | ૫ | – | – | ૫ | ૫ | – | ૧ | – | – | – | ૨ | – | ૪ | ૯ | ૧૭ | ૧૪ |
| | | વરાછા | ભીનાર | ૧૦ | ૧૨ | ૩ | ૧ | ૧૦ | ૭ | ૨ | ૫ | ૧ | ૧ | – | ૬ | ૬ | ૩ | ૯ | ૩૫ | ૩૧ |
| | | | કબોયા | ૧૦ | ૧૦ | – | – | ૧૧ | ૧૦ | – | ૨ | ૩ | ૩ | – | ૧૫ | ૧૭ | ૧ | ૧૪ | ૪૧ | ૪૫ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૬ | ૧ | ૧ | ૪ | – | – | ૨ | ૧ | ૧ | – | ૪ | ૪ | – | ૪ | ૧૪ | ૧૪ |
| | | | રાનકૂવા | ૫ | ૭ | – | ૨ | ૬ | ૩ | – | ૧ | – | – | – | ૫ | ૫ | ૧ | ૫ | ૧૯ | ૧૬ |
| | | ધરમપુર | પોંધડકૂવા | ૫ | ૯ | – | ૨ | ૭ | – | – | – | – | ૧ | – | ૪ | ૪ | – | ૫ | ૧૬ | ૧૬ |
| | | | સુખાલા | ૫ | ૯ | ૧ | ૪ | ૨ | – | – | – | – | ૧ | – | ૩ | ૫ | – | ૧૦ | ૧૭ | ૧૮ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૯ | – | ૩ | ૧૨ | ૩ | ૧ | ૨ | ૨ | – | – | ૮ | ૧ | – | ૯ | ૨૫ | ૨૫ |
| | | | તરકાણી | ૫ | ૩ | – | ૨ | ૨ | ૨ | – | ૪ | ૧ | – | – | ૬ | ૧ | – | ૭ | ૧૭ | ૧૧ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૧ | – | ૧ | ૭ | ૧ | – | ૬ | ૧ | – | – | ૪ | ૮ | ૧ | – | ૧૪ | ૧૬ |
| | | | બેડકૂવા | ૨ | ૩ | – | – | ૩ | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૧ | ૬ | ૪ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૮ | – | ૧ | ૮ | ૩ | – | ૨ | ૨ | – | – | ૫ | ૭ | – | ૭ | ૧૯ | ૨૪ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૯ | – | ૧ | ૬ | ૧ | – | – | ૧ | – | – | ૭ | ૪ | ૨ | ૪ | ૨૦ | ૧૫ |
| | | ઉચ્છલ | ભીતબુદ્રક | ૫ | ૪ | – | ૧ | ૫ | – | – | ૧ | ૧ | – | – | ૬ | ૨ | – | ૧ | ૧૩ | ૯ |
| | | માંડવી | પીપરવાણ | ૫ | ૪ | – | – | ૫ | ૨ | – | ૩ | ૨ | ૧ | – | ૪ | ૫ | ૧ | – | ૧૫ | ૧૨ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૪ | – | – | ૭ | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૨ | ૧૫ | ૮ | ૨૧ | ૧૮ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૩ | – | – | ૩ | – | – | ૪ | ૧ | – | – | ૫ | ૩ | – | ૧ | ૧૨ | ૮ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૧૦૬ | ૫ | ૧૬ | ૧૦૩ | ૩૮ | ૩ | ૩૪ | ૧૭ | ૮ | – | ૮૫ | ૭૪ | ૩૦ | ૬૪ | ૩૨૦ | ૨૬૯ |
| | | | | | (૧૮.૦) | | (૧૯.૮) | | (૬.૬) | | (૮.૩) | | (૧.૩) | | (૨૫.૮) | | (૨૦.૨) | | (૧૦૦.૦) | |

ઉપરના કોઠા નં.૩.૧૦માં કામકરનાર સભ્યો ખેતી, પશુપાલન, મજૂરી, નોકરી અને નાનામોટા વેપારધંધામાં રોકાયેલા જોવા મળ્યા હતા. ઉપર મુજબ કામકરનાર- કામકરનાર પર આધારિત અને કામ નહિકરનાર સભ્યોનો વિગતે ખ્યાલ મેળવ્યા પછી તેમની પાસેની ખેતીની જમીન, ખેત ઉપયોગી સાધનો અને પશુધન પૂરતા પ્રમાણમાં છે કે કેમ? તેના વિષે કેટલીક વિગતોને જોઇશું.

<u>વિસ્તારવાર જમીનધારકતા</u> :

કોઠા નં.૩.૧૧માં જમીનધારકતાનું પ્રમાણ અને દરેક કુટુંબ પાસે સરેરાશ કેટલી જમીન છે તેની સચોટ માહિતી દર્શાવવામાં આવી છે. તપાસેલ નમૂનાના કુટુંબોમાંથી ૮૪ કુટુંબો પાસે કુલ ૨૮૮ એકર અને ૨૩ ગૂંઠા જમીન હતી. કુટુંબદીઠ સરેરાશ જમીનનું કદ ૩.૪૩ નું હતું. તપાસના દરેક વિસ્તારમાં જમીનધારકતા એકંદરે ઓછી હોવાથી દરેક કુટુંબોએ પશુપાલનના વ્યવસાયને પૂરક ધંધા તરીકે વિકસાવેલ જોવા મળે છે. જેમાંથી વાર્ષિક રૂા.૫૫૦૦થી માંડીને રૂા. ૬૯૫૦૦ સુધીની આવક પણ ઘણા કુટુંબો મેળવે છે.

સુરત અને વલસાડ જિલ્લાની જમીન ગુજરાતના અન્ય વિભાગોની જમીનથી જુદી તરી આવે છે. આ વિસ્તારની જમીનો ઘસડાઇ આવેલા કાંપની બનેલી છે. જ્યારે બીજા વિસ્તારોની જમીન મુખ્યત્વે ખડકાળ છે. જે ઓછી ફળદ્રુપ છે. તપાસના વિસ્તારોની જમીન રંગે કાળી- કાંપવાળી અને ફળદ્રુપ પણ છે. આ વિસ્તારમાં પિયતની સુવિધાઓ પણ સારી હોવાથી ખેતીમાં રોકડિયા પાકો, ફળાઉ ઝાડની ખેતી સારી વિકસી છે. સાથે સાથે લીલા ઘાસચારાની સુવિધાને કારણે સારા પ્રમાણમાં શ્વેતક્રાંતિ પણ થઇ રહી છે. તપાસના વિસ્તારોમાં કૂવા- નહેર અને જુદી જુદી ખાડી- ઓમાંથી પિયતની સગવડો ઊભી કરવામાં આવી હતી. મોટાભાગના કુટુંબો ઓઇલ એન્જિન અને ઇલેકટ્રિક મોટર પણ ધરાવતાં હતાં. જેથી ખેતીનું ઉત્પાદન પણ સારા પ્રમાણમાં મેળવી શકતા હતા. સાથે સાથે આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દૂધાળાં ઢોરની યોજના હેઠળ ગાય, ભેંસ અને દૂધાળાં ઢોરની યુનિટ યોજનાનો લાભ લઇ ખેતીની સાથે દૂધના ધંધાનો પણ વિકાસ કર્યો છે. કેટલાક કુટુંબોએ આ યોજના પછી પણ પોતે પણ દૂધાળાં ઢોર ખરીદીને દૂધના વ્યવસાય તરફ આકર્ષાયા છે.

## તપાસમાં આવરી લીધેલ કુટુંબોની જમીનની માહિતી

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દ.ઉ.ગ.મં. | આસદ કુટુંબ | જમીન છે. હા | જમીન છે. ના | 'હા' તો એકર | 'હા' તો ગુંઠા | પિયતની વ્યવસ્થા હા | પિયતની વ્યવસ્થા ના | પિયતનો પ્રકાર કૂવો | પિયતનો પ્રકાર તળાવ | પિયતનો પ્રકાર નદી | પિયતનો પ્રકાર નહેર | પિયતનો પ્રકાર ખાડી | મોબીલ એન્જીન | ઈલે. મોટર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૫ | – | ૧૩ | ૨૫ | ૫ | – | ૫ | – | – | ૩ | ૧ | ૨ | ૧ |
| | | ધરમપુર | બીનાર | ૧૦ | ૧૦ | – | ૪૫ | ૧૫ | ૬ | ૪ | ૬ | – | – | – | ૨ | ૨ | ૨ |
| | | | જોયા | ૧૦ | ૯ | ૧ | ૨, | ૧૩ | ૭ | ૨ | ૧ | – | – | ૬ | – | ૧ | ૧ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૫ | – | ૧૩ | – | ૨ | ૩ | ૧ | – | – | ૧ | – | – | ૧ |
| | | | રાનકૂવા | ૫ | ૫ | – | ૧૬ | ૧૭ | ૫ | – | – | – | – | – | ૫ | – | ૪ |
| | | ધરમપુર | ધોપડકૂવા | ૫ | ૫ | – | ૭ | ૨૭ | ૩ | ૨ | ૩ | – | – | – | – | ૧ | ૨ |
| | | | સુખાલા | ૫ | ૫ | – | ૨૪ | ૨૪ | ૫ | – | ૪ | – | – | ૩ | – | ૧ | ૩ |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૬ | ૧૮૩૦૦૦ | ૧૯ | – | – | ૭૪૦૦ | ૧૯૮૫૦૦ | ૨૦૫૬૦૦ | ૪૦૦ |
| | | ઉચ્છલ | ભીંતબુદક | ૫ | ૫ | ૬૬૦૦૦ | ૫ | – | – | ૨૭૦૦ | ૩૨૦૦૦ | ૪૬૦૦૦ | ૩૫૦ |
| | | માંડવી | પીંચરવાણ | ૫ | ૫ | ૬૩૦૦૦ | – | – | – | – | ૫૦૦૦૦ | ૧૧૦૨૬૦ | ૬૦૦ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૫ | ૧૧૮૦૦૦ | – | – | ૩૦૦ | ૨૧૦૦૦ | ૮૨૦૦૦ | ૧૮૮૪૦૦ | ૫૫૦૦ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૩ | ૬૮૦૦૦ | – | – | – | – | ૭૮૫૦૦ | ૭૭૫૦૦ | ૩૫૦૦ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૧૦૭ | ૩૨૭૩૬૦૦ | ૯૬૬ | ૮૩ | ૯૭૫ | ૫૨૫૮૦૦ | ૪૪૨૬૫૦૦ | ૨૦૮૮૮૪૦ | ૯૯૭૮૫૦ |

## કોઠા નં.૩.૨૦ (ચાલુ)

| ક્રમ જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | પરવખરીની કિંમત | ફર્નિચર | મોજશોખના સાધનોની કિંમત | પરેણીની કિંમત | કુલ કિંમત (અસ્કયામત) | કુટુંબદીઠ સરેરાશ અસ્કયામત |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૧૧૭૦૦ | ૪૬૦૦ | ૫૦૦૦ | ૪૦૦૦ | ૧૦૧૬૨૫૦ | ૨૦૩૨૫૦ |
| | વાંસદા | ભીનાર | ૧૦ | ૨૩૪૦૦ | ૧૩૮૦૦ | ૩૬૮૫૦ | ૪૬૬૦૦ | ૧૦૨૪૬૫૦ | ૧૦૨૪૬૫ |
| | | ફણોયા | ૧૦ | ૧૭૮૦૦ | ૨૦૧૦૦ | ૧૫૦૦ | ૨૧૮૦૦ | ૧૭૧૫૮૩૦ | ૧૭૧૫૮૩ |
| | ચીખલી | રાનવેરી | ૫ | ૬૪૫૦ | ૬૮૦૦ | – | ૭૭૫૦ | ૪૫૧૫૫૦ | ૬૫૪૩૨ |
| | | રાનકૂવા | ૫ | ૬૪૦૦ | ૬૦૦૦ | ૫૦૦૦ | ૧૧૦૦૦ | ૬૦૩૪૦૦ | 1ક ૧૨૦૫૮૦ |
| | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૮૦૦૦ | ૩૫૦૦ | ૨૦૦૦ | ૫૪૦૦ | ૫૫૨૬૫૦ | ૧૧૦૫૩૦ |
| | | ઝુખાલા | ૫ | ૧૫૦૦૦ | ૧૦૪૦૦ | ૪૪૦૦૦ | ૧૧૦૦૦ | ૧૨૭૨૬૫૦ | ૨૫૪૫૩૦ |
| ૨. સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૧૪૫૩૦ | ૧૬૧૦૦ | ૪૮૦૦ | ૧૦૦૦૦ | ૧૩૧૭૪૪૦ | ૧૩૧૭૪૪ |
| | | તરકાણી | ૫ | ૮૩૦૦ | ૭૦૫૦ | ૫૬૫૦ | ૮૦૦૦ | ૩૭૫૧૮૦ | ૭૫૦૩૬ |
| | વાલોડ | કોસ્તવાડ | ૭ | ૪૧૦૦ | ૧૪૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૩૩૦૦૦ | ૩૩૨૮૫ |
| | | બેડકૂવા | ૨ | ૪૩૦૦ | ૪૦૦૦ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૫૫૮૦૫૦ | ૨૬૬૦૨૫ |
| | વ્યારા | વ્યારા | ૭ | ૧૮૦૦૦ | ૮૫૦૦ | ૧૨૦૦૦ | ૧૦૮૦૦ | ૬૫૩૦૦૦ | ૧૩૫૧૬૩ |
| | | બેડકૂવાદૂર | ૬ | ૧૦૪૦૦ | ૧૪૨૦૦ | ૭૫૦૦ | ૮૪૦૦ | ૫૩૮૦૦૦ | ૧૦૫૩૩૩ |
| | ઉચ્છલ | ભીતબુદ્રક | ૫ | ૨૧૦૦ | ૧૫૦૦ | – | – | ૧૫૬૮૨૦ | ૩૧૩૬૪ |
| | માંડવી | પીચરવાણ | ૫ | ૪૬૦૦ | ૧૪૦૦ | – | ૪૫૦૦ | ૨૬૫૫૬૦ | ૫૩૧૩૮ |
| | માંગરોળ | ચારણી | ૫ | ૭૮૫૦ | ૫૫૦૦ | ૧૦૦૦૦ | ૪૮૦૦ | ૫૦૫૨૫૦ | ૧૦૧૦૫૦ |
| ૩. પંચમહાલ | ઝાલોદ | રઝનપ્રાણી | ૩ | ૩૨૦૦ | ૧૪૦૦ | – | ૧૫૦૦ | ૨૩૩૬૦૦ | ૭૭૮૬૭ |
| ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૧૭૧૫૩૦ | ૧૩૪૭૫૦ | ૧૩૮૩૦૦ | ૧૫૬૦૫૦ | ૧૧૬૧૬૪૨૦ | ૧૧૬૧૬૪ |

<u>અસ્કયામતની કિંમત :</u>

પસંદ થયેલા નમૂનાના સભાસદ કુટુંબો પાસેની અસ્કયામત ઉપર એક નજર કરીએ તો દરેક કુટુંબ પાસે જમીન, ઘર, ઝાડ તેમાંય ફળાઉઝાડ, પશુધન, ખેતીના સાધનો, ઘરવખરી, ફર્નિચર, સોના-ચાંદીના ઘરેણાં બધી વસ્તુઓની કિંમત ગણતાં કુલ કુટુંબદીઠ સરેરાશ ૧,૧૯,૧૬૪ રૂા.ની અસ્કયામત દરેક કુટુંબ પાસે હતી. કુલ અસ્કયામતની કિંમતના સંદર્ભમાં જોઈએ તો કુલ ૧૦૦ કુટુંબોની અસ્કયામત અંદાજીત રૂા.૧,૧૯,૧૯,૪૨૦ ની હતી. જેમાં કુલ તપાસેલ કુટુંબોના સંદર્ભમાં જોઈએ તો કુટુંબદીઠ ઘરની આકારણીની કિંમતની દ્રષ્ટિએ રૂા.૩૨,૩૭૬ વૃક્ષોની સરેરાશ કિંમત પરથી કુટુંબદીઠ રૂા.૫,૨૫૮ની, જમીનની અસ્કયામત રૂા.૪૪,૨૬૬ની, પશુધનની અસ્કયામત રૂા.૨૦,૮૮૮ની, ખેતીનાં સાધનો માત્ર ૪૨ કુટુંબો પાસે એટલે કે ખેતી કરતા કુલ કુટુંબોના ૫૦ ટકા કુટુંબો પાસેજ હતા. જેમની અસ્કયામત કુટુંબદીઠ સરેરાશ રૂા.૯,૯૭૮ સો કુટુંબના સંદર્ભમાં અને ૪૨ કુટુંબોના સંદર્ભમાં રૂા.૨૩,૭૫૮ની થતી હતી જ્યારે ઘરવખરીના સાધનોની અસ્કયામત સરેરાશ કુટુંબદીઠ ૧,૭૧૬ રૂા.ની, ફર્નિચરના સ્વરૂપે રૂા.૧,૩૪૮ની, મોજશોખના સાધનોના સ્વરૂપમાં રૂા.૧,૩૮૩ની, ઘરેણાંની અસ્કયામત સરેરાશ રૂા.૧,૫૯૦ની,હતી. આમ બધા સાધનોની મળીને કુટુંબદીઠ સરેરાશ અસ્કયામત રૂા.૧,૧૯,૧૬૪ની હતી. અસ્કયામતના સાધનોમાં મુખ્યત્વે ઘર, જમીન અને પશુધન ગણાવી શકાય, જ્યારે ઘરવખરી, ફર્નિચર અને ઘરેણાંરૂપે અસ્કયામત ખૂબજ ઓછા કુટુંબો પાસે હતી. તેમાંય ઘરેણાંના સ્વરૂપે કુટુંબદીઠ અસ્કયામત રૂા.૧,૫૯૦નીજ હતી. એટલે કે અહીં શરૂઆતના વર્ષોમાં અઢીદાયકા પહેલાં જે ઘરેણાં આદિવાસી પ્રજા પાસે જોવા મળતાં હતાં તે આજે અદ્રશ્ય થયેલાં જોવા મળે છે.

નમૂનાના કુટુંબોની સ્થાવર મિલ્કતોની જાણકારી મેળવવા કોઠા નં.૩.૨૦નો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવો જરૂરી લેખાશે.

અહીં પસંદ થયેલી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના સભાસદોની વિસ્તારવાર તેમની અર્થવ્યવસ્થાને જોયા પછી તેમની પાસેથી 'દૂધાળાં ઢોરની' યોજના સંબંધિત કેટલીક માહિતી મેળવવામાં આવી હતી તેની રજૂઆત અહીં

આગળના પ્રકરણમાં કરી છે તેના અભ્યાસથી દૂધાળાં ઢોરની યોજના આવવાથી શું લાભ ગેરલાભ થયા, દૂધાળાં ઢોરની માવજત માટે શું કરે છે અને માત્ર દૂધના વ્યવસાયને લક્ષમાં લેતાં કેટલી આવક મેળવે છે તેનો ખ્યાલ આવશે.

## પ્રકરણ - ૪

## દૂધાળા ઢોરની યોજનાના લાભાર્થી કુટુંબોની નોંધ

આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સૂચવેલ નમૂનાના વિસ્તારની દૂધ મંડળીઓમાં દરેક ગામના ખેડૂત કુટુંબો અને ખેતી ન હોય તેવા ખેતમજૂરો પણ દૂધ મંડળી સાથે જોડાયેલા હતા. દરેક કુટુંબો સભાસદ તરીકે જોડાયેલા હતા. નમૂનાના પસંદ થયેલ કુટુંબોએ દૂધાળા ઢોરની યોજના હેઠળ આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા મંડળીને જે ધીરાણ કરવામાં આવ્યુ હતું તેનો લાભ લીધો હતો. પસંદ થયેલા કુટુંબોમાં આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દૂધાળા ઢોરના યુનિટની યદજનાનો પણ લાભ લીધેલ હતો.

પસંદ થયેલા કુલ ૧૦૦ કુટુંબો પાસે જુદા ૧૧૫ દુધાળી ગાય અને ૧૩૬ ભેંસો હતી. જેમાંથી ૫૬ ગાય અને ૮૩ ભેંસો આદિજાતિ વિકાસ કોર્પોરેશનની મંડળી દ્વારા પૂરી પાડેલ સીધી લોન સહાયની હતી. દરેક સભાસદોએ ગાય અને ભેંસ બંનેમાંથી વધારે ભેંસની ખરીદીનો આગ્રહ રાખતા હતા. સાથે સાથે ગાયની પણ કેટલાક કુટુંબો પસંદગી કરતા હતા. દરેક સભાસદ ભેંસ- ગાય વેતરે આવે ત્યારે મંડળી દ્વારા અપાયેલ કુત્રિમ બીજદાનનો ઉપયોગ કરતા હતા. પરંતુ ગાયો માટે આ વિસ્તારમાં કૃત્રિમ બીજદાનની યોજના નહિવત સફળ થયેલી જોવા મળે છે. ભેંસ વેતરે આવતાં કેટલાક ગામના ખાનગી પાડાથી પણ ઢોર બંધાવતા હતા.

અભ્યાસમાં આવરી લીધેલ કુટુંબોને ૫૬ ગાય અને ૮૩ ભેંસો માટે રૂા.૧૧,૬૪,૮૨૦ જુદી જુદી મંડળીઓ દ્વારા ધીરાણ કરવામાં આવ્યું હતું. દરેક સભાસદો પાસેથી ૮ ટકા લોન સાથે ધીરાણના હપ્તા વસુલ લેવામાં આવતા હતા. ૧૯૯૨-૯૩ના વર્ષમાં ખરીદેલ ગાય-ભેંસોની સબસીડી અભ્યાસના સમયગાળા સુધીમાં મોટાભાગના કુટુંબોને મળી નહતી. દરેક સભાસદોને આપેલ કુલ રૂા.૧૧,૬૪,૮૨૦ની લોન સામે માત્ર રૂા.૨,૨૮,૪૩૦ ની સબસીડી ચૂકવાઈ હતી. જેથી લોકોમાં આ યોજના પ્રત્યે થોડો અણગમો પણ હતો. અને એવુ પણ કહેતા કે અમને તો તાલુકાની ભેંસોમાં તાત્કાલીક સબસીડી મળે છે, જયારે આ.વિ.કો.ની લોન પર હજુ એક એક વર્ષ પૂરું

થવા આવ્યુ છે છતાં સબસીડી પણ મળી નથી. તો અમારે શું લેવાનું એટલે અહી લોકોના માનસ પર અવળી અસર જોવા મળતી હતી. અને પરત ચૂકવણી લોનની ભરપાઈ ખૂબજ ઓછા પ્રમાણમાં થતી નમૂનાના કુટુંબોને આપેલ લોન સબસીડીના પ્રમાણમાં જે તે વર્ષમાં કરેલ પરત ચૂકવણી રૂા.૨,૦૯,૯૫૫ જ હતી. એટલે કે ૪૦ ટકા લોકોને પરત લોનની ચૂકવણીમાં મુશ્કેલી નડતી હતી. આ અંગે તપાસના નમૂનાનાં કુટુંબોને આ.વિ.કો. દ્વારા સહકારી મંડળી દ્વારા અપાતી સીધી લોન સભાસદ પાસેના દૂધાળાં ઢોર અને લોન સબસીડીની વિગતો દર્શાવતા કોઠા નં.૪.૧ નો વિગતે અભ્યાસ કરવાથી વધુ ખ્યાલ આવે છે.

પસંદ થયેલ નમૂનાના દરેક કુટુંબો દૂધ મંડળીના સભાસદ થયેલા હતા. દૂધમંડળી સાથે સંકળાયેલા દરેક કુટુંબો દૂધમંડળીને પોતાના દૂધનું ઉત્પાદન વેચતા કેટલાક કુટુંબો કે જેઓ શહેરી વિસ્તારની નજીક રહેતા તેઓ પોતાની દૈનિક જરૂરિયાતો સંતોષવા માટે મંડળીમાં નામનુંજ દૂધ ભરી છૂટક ગ્રાહકોને વેચતા માલુમ પડયા હતા. નમૂનાના દરેક કુટુંબો દૈનિક સરેરાશ ૯૫૦ લીટર જેટલું દૂધ સહકારી મંડળીમાં ભરતા હતા. માસિક ૪૪.૨૮,૫૦૦ લીટર જેટલુ દૂધ મંડળીમાં ભરતા હતા. અને રોકડ આવક મેળવતા હતા. દરેક સભાસદને મહિનામાં બે વાર દૂધની કિંમત ચૂકવાતી હતી. જેથી દરેક સભાસદને રોકડ આવક પ્રાપ્ત થતાં તેનો ઉપયોગ જુદા જુદા હેતુઓ માટે કરી શકતા. કેટલાક દૂધાળાં ઢોરના ઘાસચારા, દાણ અને લીલાચારા માટે, કેટલાક જૂની લોન ભરપાઈ કરવા માટે, કેટલાક જીવન જરૂરી ચીજ વસ્તુઓ ખરીદતા, તો કેટલાક સભાસદ ખેત, બિયારણ, ખાતર વગેરે રોકડથી ખરીદી કરવા ઉપયોગ કરતા હતા.

દરેક સભાસદોને દૂધાળાં ઢોરની યોજનાનો લાભ મળવાથી દરેકની આવકમાં પણ ફેર પડયો હતો. દરેકને રૂા.૨૫૦થી માંડીને રૂા.૨૩૦૦ સુધીની માસિક ચોખ્ખી આવક પણ પ્રાપ્ત થતી હતી.

## કોઠા નં.૪.૧

**તપાસમાં આવરી લીધેલાં કુટુંબોને સ.મં.દ્વારા મોલ દૂધાળાં પશુધન-લોન, સબસીડી, પરત ભરેલ લોન**

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | કુલ દૂધાળાં ઢોર | | દૂધ મં.દ્વારા મોલ | | મોલ લોન | સબસીડી | પરત ભરેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ગાય | ભેંસ | ગાય | ભેંસ | | | |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૯ | ૪ | ૨ | ૩ | ૮૯૮૦૦ | ૧૯૯૦૦ | ૧૧૩૦૦ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૧૨ | ૧૩ | ૫ | ૫ | ૬૯૨૦૦ | ૩૪૬૦૦ | ૨૪૭૦૦ |
| | | | કુંભોયા | ૧૦ | ૬ | ૧૬ | ૧ | ૧૨ | ૭૮૨૦૦ | ૩૯૧૦૦ | ૨૨૦૫૫ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૧ | ૬ | ૧ | ૪ | ૩૨૦૬૦ | ૨૬૦૦ | ૧૭૦૦ |
| | | | રાનકુવા | ૫ | ૩ | ૫ | ૧ | ૧ | ૯૫૦૦ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| | | ધરમપુર | ધોધડકુવા | ૫ | ૧૦ | – | ૪ | – | ૭૪૫૦૦ | ૧૩૫૦૦ | ૧૩૦૦૦ |
| | | | સુખાલા | ૫ | ૮ | ૨ | ૨ | ૪ | ૪૦૫૦૦ | ૧૩૭૫૦ | ૮૭૦૦ |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૭ | ૧૩ | ૫ | ૬ | ૬૯૦૪૦ | ૬૩૦૦ | ૪૧૭૦૦ |
| | | | તરકાણી | ૫ | ૬ | ૮ | ૫ | ૮ | ૧૨૨૦૬૦ | ૨૪૪૦૦ | ૧૬૭૫૦ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | – | ૯ | – | ૮ | ૫૪૬૦૦ | ૨૩૧૦૦ | ૧૦૫૫૦ |
| | | | બેડકુવા | ૨ | ૪ | ૧૪ | ૪ | ૮ | ૯૫૦૦૦ | – | ૪૫૦૦ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૧૫ | – | ૧૨ | – | ૧૦૧૫૦૦ | – | ૨૦૦૦ |
| | | | બેડકુવાદૂર | ૬ | ૧૯ | ૩ | ૧૪ | ૧ | ૧૫૬૦૦૦ | ૩૫૦૦ | ૩૧૦૦૦ |
| | | ઉચ્છલ | ભીંતખુર્દ | ૫ | – | ૫ | – | ૫ | ૩૯૨૦૦ | ૧૯૬૦૦ | ૪૧૦૦ |
| | | માંડવી | પીંચરવાણ | ૫ | ૨ | ૧૩ | – | ૬ | ૩૬૭૬૦ | ૧૮૩૮૦ | ૯૬૦૦ |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૮ | ૧૭ | – | ૫ | ૩૯૦૦૦ | – | ૨૭૦૦ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૫ | ૮ | – | ૭ | ૫૭૯૦૦ | ૫૨૦૦ | ૧૧૦૦ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૧૧૫ | ૧૩૬ | ૫૬ | ૮૩ | ૧૧૫૪૮૨૦ | ૨૨૮૪૩૦ | ૨૦૯૯૫૫ |

કોઠા નં.૪:૨:૧ માં નમૂનાના સભાસદ કુટુંબો દૈનિક સવાર-સાંજ એમ કુલ કેટલુ દૂધ મંડળીમાં ભરે છે. માસિક કેટલુ દૂધ ભરે છે તેની વિગતો ઉપરાંત આ યોજના દ્વારા આવકમાં કેટલો ફેરફાર થયો તે અંગેની વિગતો દર્શાવી છે. તે જોતાં નમૂનાના દરેક કુટુંબોને આવકમાં ઘણો ફેર પડયો છે.

ગાયભ-ભેંસ મળવાથી આવકમાં જરૂર ફેર પડયો છે, પરંતુ સાથે સાથે ખર્ચ પણ એટલુજ વધ્યુ છે જ્યાં આ વિસ્તારમાં લોકો ગાય- ભેંસ માટે શું માવજત કરે છે તેની કેટલાક કુટુંબો પાસેથી ઊંડાણપૂર્વકની માહિતી મેળવવામાં આવી હતી તેનો એક નમૂનો અહીં દર્શાવેલ છે. આ નમૂનામાં દૂધાળાં ઢોરની યુનિટ યોજનાનો લાભ લીધેલ કુટુંબોની માહિતી છે. અને આજ રીતે ૮૦ ટકા કુટુંબો દૂધાળાં ઢોરની માવજત કરેજ છે. અને સારામાં સારી આવક દૂધમાંથી મેળવે છે. દૂધની આવક ખર્ચ અંગેની વિગતો પ્રકરણ-૩ માં આવક-ખર્ચના વિવરણમાં દર્શાવી છે. જેથી એનો અત્રે ઉલ્લેખ કરવો ઉચિત નથી. અહીં માત્ર નમૂનાના કુટુંબની કુલ દૂધની આવક-ખર્ચની જાણ માટે અને કયા પ્રકારની માવજત કરે છે તેનો ખ્યાલ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ રીતે અગાઉ જણાવ્યું તેમ કોલપા-કોટવાળિયા લાભાર્થીઓ પણ જમીન ન હોવા છતાં દેખાદેખીથી માવજત કરે છે.અને કોઠામાં દર્શાવ્યા મુજબ આવક વૃધ્ધિ દર્શાવે છે.

નામ : શ્રી ધીરૂભાઈ મકનજીભાઈ પટેલ

ઉંમર : ૪૫ વર્ષ — શિક્ષણ: પો.૫ પાસ

પશુધન: ૭ — દૂધાળાં ઢોર: ગાય-૩ + ભેંસ ૨ = ૫

કુલ કિંમત : રૂ.૪૧,૭૦૦

| | | | | |
|---|---|---|---|---|
| પશુધનની કુલ આવક | દૂધ | ૩૩,૩૬૦ | કુલખર્ચ | ચોખ્ખી આવક |
| | ખાતર | ૪,૪૫૦ | | |
| | કુલ | ૩૭,૮૧૦ | ૧૪,૮૦૦ | ૨૩,૦૧૦ |

દૂધ ઉત્પાદન મેળવવા કરેલ માસિકખર્ચ (યુનિટ ૨ + ૨ + ૧) ૧૧/૯૩

| વિગત | કિ.ગ્રા. | કિંમત | |
|---|---|---|---|
| દાણ | ૪૨૦ | ૧૦૩૨ | |
| મકાઈભરડો | ૨૦૦ | ૭૨૮ | |
| આમિયો | ૧ | ૩૬ | |
| ગુવાર ભરડો | ૫૦ | ૨૨૦ | |
| જુવાર ભરડો | ૫૦ | ૧૫૦ | |
| કો.ખોળ | ૨૦ | ૧૫૦ | |
| ઈંગ્લીસ ખોળ | ૩૦ | ૧૮૦ | |
| લાલગાયખોળ (કપાસિયા) | ૬૪ | ૧૮૦ | |
| મેંદાકુસકી | ૫૦ | ૧૭૦ | |
| પૌવાકણી | ૭૦ | ૨૪૫ | |
| ઘઉં ભૂસું | ૫૦ | ૧૯૦ | |
| કપાસછાણ | ૧૦ | ૬૩ | |
| ઘાસ- રજકો | - | ૧૦૧૫ | |
| માનવશ્રમ | - | ૮૦૦ | |
| કુલ ખર્ચ માસિક | | ૫૧૫૯ | કુલ આવક ૪૩૫૬ |
| એક પશુ પાછળ થતુ અંદાજીત ખર્ચ | | ૧૦૩૧ | |
| દૂધની કુલ આવક માસિક સરેરાશ આવક | | ૨૭૮૦ | |

નમૂનાના દરેક કુટુંબો દૂધ મંડળીમાં ભરવા ઉપરાંત દરેક ઘરમા ખાવા માટે પણ ઉપયોગ થતો હતો એટલે કે આ યોજના દ્વારા દૂધનો વપરાશ વધ્યો હતો. કેટલાક કુટુંબો એવુ પણ કહેતા કે મંડળી દ્વારા ભેંસ મળવાથી ભલે મંડળીમાં દૂધ ઓછુ ભરી શકાય. પરંતુ ઘરમા ચોખ્ખા દૂધ, ઘી, છાશ તો ખાવા પામે છે.

મંડળી દ્વારા મેળવેલ દૂઝાળા ઢોરની માવજત અંગે તેમના માટે લીલા ઘાસચારાની વ્યવસ્થા અંગે દરેક સભાસદોને દૂધના ઉત્પાદન અંગેના

કેટલાક સવાલો પૂછવામાં આવ્યા હતા. જેમાંથી ૨૦ ટકા સભાસદોને પોતાના પાસે લીલા ઘાસચારાની કે સૂકાચારાની વ્યવસ્થા ન હતી. છતાં પણ આ વ્યવસાયમાં ઝંપલાવ્યુ હતું અને અથાગ પરિશ્રમ કરીને દૂધના વેચાણમાંથી સારી આવક મેળવતા હતા. દરેક સભાસદોને કે જેઓને પોતાની જમીન હતી, પિયતની વ્યવસ્થા હતી તેમને પણ ચારો વેચાતો લાવવો પડતો હતો. અહીં કોઠામાં એ પણ જોઈ શકાય છે કે જેઓની પાસે જમીન હતી તેઓ દૂધનું ઉત્પાદન બરાબર મેળવી શકતા હતા, જ્યારે જેઓની પાસે ખેતીની જમીન નહતી. માત્ર મજૂરી પર નિર્ભર હતા તેમને મુશ્કેલી પડતી હતી. જેની વિગત કોઠા નં.૪.૨.૨ માં દર્શાવી છે. અને કોઠા નં.૪.૨.૩ માં મંડળી દ્વારા પ્રાપ્ત થતી સુવિધાઓની વિગત દર્શાવી છે.

પસંદ થયેલ નમૂનાની મંડળીઓ સભાસદોને પશુસુધારણા, પશુસંવર્ધન, કાર્યક્રમો, સમૂહવીમા યોજના, પશુવીમા યોજના, લોન, સબસીડી અને દાણખાણની વ્યવસ્થા અંગે પૂછતાં હકારમાં જવાબ મળ્યો હતો. દૂધમંડળીઓ દ્વારા પશુદાણની વ્યવસ્થા કરવામાં આવી હતી. દરેક મંડળીઓ મંડળી-ઓના સભાસદોને વધુ ને વધુ લાભ પ્રાપ્ત થાય તે માટેનાં પગલાં ભરેલા હતાં. બીજું કે આ વિસ્તારમાં સભાસદોની આર્થિક પરિસ્થિતિ પણ સારી હોવાથી ઘાસચારો કે દાણખાણ, ભરડો, પશુઆહારને લગતી તમામ સુવિધાઓ એન-કેન પ્રકારે મેળવી લેતા હતા. ઘરમાં પણ સુખી હોવાને લીધે પશુઓને સારો ચારો નીરવામાં આવતો જેથી દૂધનું ઉત્પાદન પણ ધાર્યુ લઈ શકતા હતાં. માત્ર તપાસના માંડવી, માંગરોળ અને ઝાલોદ તાલુકામાં પશુઆહાર માટેની થોડીઘણી મુશ્કેલીઓ હતી ત્યાં દૂધનું ઉત્પાદન પણ ઘણુ ઓછું જોવા મળ્યું હતું.

તપાસના દરેક વિસ્તારમાં દૂધાળાં ઢોરની માવજત અંગે દરેક સભાસદોને પૂછીને સ્થળ પર જઈને રૂબરૂ મુલાકાત દ્વારા ગાય- ભેંસોની કાળજી અંગેની માહિતી લેતાં દૂધાળા ઢોરના આરોગ્ય બાબતીજ ખ્યાલ આવી જતો હતો કે આ લોકો ઢોરની શી કાળજી લે છે? દરેક કુટુંબ દૂધાળાં જાનવરને નિયમિત ઘાસચારો નિરવો, નિયમિત પાણી પાવું,

## કોઠા નં.૪.૨.૧
### પૂરક પ્રશ્નો

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | મંડળીના સભાસદ | | દૈનિક દૂધ (લીટર) | | દૈનિક કુલ | માસિક સરેરાશ ભરાતું દૂધ (લીટર) | આવકમાંફેર | | 'હા' તો માસિક | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | સવાર | સાંજ | | | હા | ના | ૨૫૦ | ૫૦૦ | ૭૫૦ | ૧૦૦૦ | ૧૫૦૦ | ૧૫૦૦થી ઉપર |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૫ | – | ૨૮.૪ | ૨૭.૪ | ૫૫.૮ | ૧૬૭૪ | ૫ | – | – | ૩ | – | ૧ | – | ૧ |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૧૦ | – | ૪૧.૫ | ૪૫.૦ | ૮૬.૫ | ૨૫૯૫ | ૧૦ | – | – | ૪ | ૪ | ૨ | – | – |
| | | | કબોચા | ૧૦ | ૧૦ | – | ૩૪.૮ | ૩૦.૭ | ૬૫.૫ | ૧૯૬૫ | ૧૦ | – | – | ૮ | ૨ | – | – | – |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૫ | – | ૧૫.૫ | ૧૫.૦ | ૩૦.૫ | ૯૧૫ | ૫ | – | – | ૫ | – | – | – | – |
| | | | રાનકૂવા | ૫ | ૫ | – | ૧૫.૦ | ૧૩.૦ | ૨૦.૦ | ૮૪૦ | ૫ | – | ૨ | ૨ | ૧ | – | – | – |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | ૫ | – | ૩૭.૦ | ૩૯.૦ | ૭૬.૦ | ૨૨૮૦ | ૫ | – | – | ૩ | ૧ | ૧ | – | – |
| | | | ઝુખાલા | ૫ | ૫ | – | ૮.૫ | ૧૫.૦ | ૨૩.૫ | ૭૦૫ | ૫ | – | – | ૫ | – | – | – | – |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૧૦ | – | ૩૦.૦ | ૨૫.૦ | ૫૫.૦ | ૧૬૫૦ | ૧૦ | – | ૪ | ૨ | – | ૩ | ૧ | – |
| | | | તરકાણી | ૫ | ૫ | – | ૪૧.૫ | ૩૯.૫ | ૮૧.૦ | ૨૪૩૦ | ૫ | – | – | ૩ | – | – | – | ૨ |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૭ | – | ૧૮.૫ | ૧૮.૫ | ૩૭.૦ | ૧૧૧૦ | ૭ | – | ૨ | ૪ | – | – | ૧ | – |
| | | | બેડકૂવા | ૨ | ૨ | – | ૫૫.૦ | ૫૨.૦ | ૧૦૭.૦ | ૩૨૧૦ | ૨ | – | – | – | – | – | – | ૨ |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૭ | – | ૩૫.૭ | ૩૫.૦ | ૭૦.૭ | ૨૧૨૧ | ૭ | – | – | ૬ | – | – | ૧ | – |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૬ | – | ૬૦.૦ | ૫૭.૫ | ૧૧૭.૫ | ૩૫૨૫ | ૬ | – | – | ૪ | – | – | ૨ | – |
| | | ઉચ્છલ | ભીંતબુદ્રક | ૫ | ૫ | – | ૧૧.૫ | ૧૧.૦ | ૨૨.૫ | ૬૭૫ | ૫ | – | ૧ | ૪ | – | – | – | – |
| | | માંડવી | પીચરવાણ | ૫ | ૫ | – | ૧૮.૫ | ૧૭.૦ | ૩૫.૫ | ૧૦૬૫ | ૫ | – | ૩ | ૧ | ૧ | – | – | – |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૫ | – | ૨૭.૫ | ૨૬.૦ | ૫૩.૫ | ૧૬૦૫ | ૫ | – | – | ૪ | – | – | – | ૧ |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૩ | ૩ | – | ૨.૦ | ૨.૫ | ૪.૫ | ૧૩૫ | ૩ | – | ૧ | ૧ | – | – | ૧ | – |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૧૦૦ | – | ૪૮૦.૯ | ૪૬૯.૧ | ૯૫૦.૦ | ૨૮૫૦૦ | ૧૦૦ | – | ૧૩ | ૫૯ | ૯ | ૭ | ૬ | ૬ |

કોઠા નં.૪:૨.૨

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | લીલાચારાની વ્યવસ્થા | | ઘરનું | વેચાતું | દૂ. ઉ.સ બરાબર મેળવી શકો છો? | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | હા | ના | | | હા | ના |
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૩ | ૨ | ૫ | ૫ | ૫ | – |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૯ | ૧ | ૧૦ | ૭ | ૧૦ | – |
| | | | ઝબોયા | ૧૦ | ૯ | ૧ | ૯ | ૮ | ૯ | ૧ |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૪ | ૧ | ૪ | ૪ | ૫ | ૪– |
| | | | રાનકુવા | ૫ | ૪ | ૧ | ૪ | ૧ | ૫ | – |
| | | ધરમપુર | ધોધડકુવા | ૫ | ૪ | ૧ | ૫ | ૫ | ૫ | – |
| | | | સુખાલા | ૫ | ૫ | – | ૫ | ૫ | ૫ | – |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૭ | ૩ | ૮ | ૧૦ | ૭ | ૩ |
| | | | તરકાણી | ૫ | ૨ | ૩ | ૨ | ૫ | ૨ | ૩ |
| | | વાલોડ | કોસ્મવાડ | ૭ | ૧ | ૬ | ૧ | ૬ | ૧ | ૬ |
| | | | બેડકુવા | ૨ | ૨ | – | ૨ | ૨ | ૨ | – |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૭ | – | ૭ | ૭ | ૭ | – |
| | | | બેડકુવાદૂર | ૬ | ૬ | – | ૬ | ૬ | ૬ | – |
| | | ઉચ્છલ | મીંતુબુદક | ૫ | ૫ | – | ૫ | ૪ | ૫ | – |
| | | માંડવી | ચીપરવાણ | ૫ | ૫ | – | ૫ | ૫ | ૫ | – |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૫ | – | ૫ | ૫ | ૫ | – |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શકનાળી | ૭ | ૨ | ૧ | ૩ | ૩ | ૨ | ૧ |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૮૦ | ૨૦ | ૮૭ | ૮૯ | ૮૬ | ૧૪ |

કોઠા નં.૪:૨.૩

દૂધ સહકારી મંડળી થયા પછી મેળવેલ લાભ

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | દૂ.ઉ.સ.મં. | સભાસદ કુટુંબ | પશુ સુધારણા | સંવર્ધન કાર્યક્રમ | સારી ઓલાદ | સમૂહ વીમા યોજના | પશુ વીમા યોજના | લોન | સબસીડી | ઘાસ-બિયારણ | દાણ-ખાણ | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | વલસાડ | વલસાડ | મરલા | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૫ | ૫ | ૪ | – | ૫ | – |
| | | વાંસદા | ભીનાર | ૧૦ | ૯ | ૯ | ૧૦ | ૨ | ૧૦ | ૧૦ | ૧૦ | – | ૫ | ૭ |
| | | | કબોચા | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૧૦ | ૯ | ૧ | ૯ | – | ૧૦ | – |
| | | ચીખલી | રાનવેરી | ૫ | ૫ | ૫ | ૫ | ૪ | ૫ | – | ૧ | – | ૫ | – |
| | | | રાનકૂવા | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | ૩ | – | – | ૫ | – |
| | | ધરમપુર | ધોધડકૂવા | ૫ | – | – | ૪ | – | ૫ | – | ૪ | – | ૫ | – |
| | | | સુખાલા | ૫ | ૫ | – | ૫ | – | ૫ | ૪ | ૪ | – | ૫ | – |
| ૨. | સુરત | મહુવા | વહેવલ | ૧૦ | ૧૦ | ૧૦ | ૮ | ૧૦ | ૧૦ | – | ૪ | – | ૧૦ | – |
| | | | તરકાણી | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૩ | ૨ | ૫ | – |
| | | વાલોડ | કોકણવાડ | ૭ | ૭ | – | ૭ | – | ૭ | ૭ | ૭ | – | ૭ | – |
| | | | બેડકૂવા | ૨ | ૨ | ૨ | ૨ | – | ૨ | ૨ | – | ૨ | ૨ | – |
| | | વ્યારા | વ્યારા | ૭ | ૭ | ૭ | ૭ | – | ૭ | ૭ | – | – | ૭ | – |
| | | | બેડકૂવાદૂર | ૬ | ૬ | ૬ | ૬ | – | ૬ | ૬ | – | ૬ | ૬ | – |
| | | ઉચ્છલ | ભીતખુર્દ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | – | ૫ | – |
| | | માંડવી | પીપરવાણ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | – |
| | | માંગરોળ | ચારણી | ૫ | ૫ | ૫ | ૫ | – | ૫ | ૫ | – | – | ૩ | – |
| ૩. | પંચમહાલ | ઝાલોદ | શક્નાળી | ૩ | ૩ | – | ૩ | – | ૧ | ૩ | ૨ | – | – | – |
| | ૩ | ૧૧ | ૧૭ | ૧૦૦ | ૯૪ | ૭૯ | ૯૭ | ૪૫ | ૯૭ | ૬૩ | ૫૮ | ૧૦ | ૯૦ | ૭ |

નિયમિત નવડાવવું મોટાભાગના કુટુંબો પશુઆહારમાં ઘુવારભરડો, મકાઈની થુલી, ઘઉં, જુવાર ભરડો, દાણનો સારા પ્રમાણમાં ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. કેટલાક કુટુંબો પશુચિકિત્સકની સલાહ પ્રમાણેજ સેવા-ચાકરી કરતા. મજૂરી પર નિર્ભર કુટુંબો પણ બને તેટલી સારી માવજત દૂધાળાં ઢોરની કરતા હતા.

નમૂનાના દરેક કુટુંબોને ગાય, ભેંસ પાળવાથી થતા ફાયદા અંગે કયુ ઢોર વધુ ગમે તે અંગે પૂછપરછ કરી હતી. વેડ્કવાદ્રરના એક કુટુંબે તો શરૂઆતમાં ૧૯૯૦-૯૧માં ગ્રામવિકાસ એજન્સીની એક ગાય લીધી હતી અને '૯૩-'૯૪માં આદિજાતિ વિકાસ કોર્પોરેશનની દૂધાળાં ઢોરની યોજના હેઠળ બીજી ગાય ખરીદીને કુટુંબની આર્થિક પરિસ્થિતિ સુધારવામાં આ યોજનાને આશિર્વાદરૂપ ગણાવી હતી. તેણે '૯૦-'૯૧ થી '૯૩-'૯૪ના સમયગાળા દરમ્યાન પશુધનમાંથી બે લાખ ઉપરાંતનું ઉપાર્જન કર્યું હતું. આજ ગામમાં બીજા એક સ્નાતક થયેલા યુવાને દૂધાળાં ઢોરની યોજના હેઠળ એક યુનિટનો લાભ લઈ નોકરી અને દૂધના ધંધાની આવકની તુલના કરીને બીજા યુનિટની માગણી પણ કરી હતી. ટૂંકમાં વહેવલ અને તરકાણી જેવા વિસ્તારમાં તો એકબાજુ ખેતીની આવક અને એકબાજુ દૂધની આવકની તુલના કરી ખેતી કરતાં દૂધના વ્યવસાયને વધારે મહત્વ આપ્યુ હતું. કારણ કે તેમની પાસે દૂધાળાં ઢોરને પોષવાની પૂરી વ્યવસ્થા ઉપલબ્ધ હતી.

ટૂંકમાં 'દૂધાળાં ઢોરની યોજના' આ નમૂનાના વિસ્તારો માટે આદિવાસી સભાસદ કુટુંબોને રોજગારીની તકો વધારવામાં અને આર્થિક ઉન્નતિ કરવા માટેની એક ઉમદા યોજના છે તેવી તેમને પ્રતિતિ થઈ હતી.

દૂધાળાં ઢોરની યોજના મૂલ્યાંકન અભ્યાસ



## પ્રકરણ – ૫

## તારણો અને સૂચનો

આદિજાતિ વિસ્તારમાં આદિવાસી વિકાસ કોર્પોરેશન દ્વારા વિકાસની અનેક વિધ યોજનાઓનો લાભ આપવામાં આવે છે. તેમાં 'દૂધાળાં ઢોરની યોજના' દ્વારા આદિવાસી સભાસદોને શું લાભ ગેરલાભ થયા? તેમની આવક કેટલી વધી? તેમના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક પાસાઓ પર તેની શું અસર થઈ? આ યોજનાથી ખરેખર તેમને ફાયદો થયો છે કે કેમ? આ યોજના દ્વારા અપાતાં દૂધાળાં ઢોર તેમના સુધી પહોંચ્યા છે કે કેમ? હાલ દૂધાળાં જાનવરોની શી સ્થિતિ છે તે અંગે જાણકારી મેળવીને અહીં તેના કેટલાક નિષ્કર્ષ દર્શાવવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં વલસાડ, સુરત અને પંચમહાલ જિલ્લામાંથી ૧૦ મંડળીઓનો સંપર્ક કરી ૧૦૦ સભાસદોની પ્રત્યક્ષ મુલાકાત લઈ તપાસના ઉદ્દેશોને ધ્યાનમાં લઈ સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું.

સર્વેક્ષણ સમયે નમૂનાની દૂધ મંડળીઓની મુલાકાત લેતાં જાણવા મળ્યું હતું કે આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા અપાતી લોન એ મંડળીમાં જોડાયેલ દરેક સભાસદોને મળી નહતી. પરંતુ જેઓ નિયમિત દૂધ ભરતા હતા તેમને મોટાભાગે આ લાભ મળ્યો હતો. આ યોજના દ્વારા મોટાભાગના કુટુંબોની આવક વધવા પામી હતી.

દૂધાળાં ઢોરની યોજના આવવાથી ગામમાં ખેડૂતો, ખેતમજૂરો અને મંડળી સાથે સંકળાયેલાં કોલધા, હળપતિ કુટુંબોને પણ લાભ થયો છે. તેની સઘળી વિગતો પ્રકરણ-૨ માં જોવાથી વધુ ખ્યાલ આવશે. જેમાં કેટલાક નમૂનાના કુટુંબો મંડળીમાં વર્ષ દરમ્યાન કેટલા લીટર દૂધ ભરે છે અને કેટલી આવક થાય છે તેની વિગતો દર્શાવી છે. આ યોજના દ્વારા ગ્રામ્યસ્તરના દરેક કુટુંબોને આવરી લેવાનો પ્રયત્ન દૂધ મંડળીઓ દ્વારા થયો છે. જેની વિગતો દરેક પ્રકરણના સઘન અભ્યાસથી ખ્યાલ આવે છે. અહીં કેટલાંક નિષ્કર્ષ અને સૂચનો દર્શાવ્યા છે તે અંગે જોઈએ.

- પશુપાલનની સાથે સાથે કેટલાક કુટુંબો છૂટક મજૂરી પણ કરે છે. ખેતી પશુપાલન અને મજૂરી આ ત્રણે ધંધાનો સમન્વય કરી ઘણા કુટુંબો દૂધાળા ઢોર માટે ઘાસ-દાણ મેળવે છે. થોડું ખેતામાંથી અને પશુપાલન-માંથી વળતર મેળવી પોતાનું પણ ગુજરાન ચલાવે છે. જેઓના કુટુંબમાં કામ કરી શકે તેવા બે થી વધુ સભ્યો હતા.તેઓ અન્ય જિલ્લાઓમાં છૂટક મજૂરી માટે પણ જાય છે. ઘેર રહેનાર પશુપાલનની સાથે સાથે ખેતી મજૂરી સ્થાનિક જંગલમજૂરીએ જાય છે અને કુટુંબનું ભરણપોષણ કરે છે.

- કેટલાક કુટુંબો ખેતીની સાથે પશુપાલન ઉપરાંત નાનો વેપાર ધંધો પણ કરે છે. જેમાંથી સ્વનિર્ભર માટે અને તેમજ દૂધાળા ઢોર માટે દાણ,ઘાસ વેચાતુ લાવીને પણ દૂધનો વ્યવસાય કરે છે. દરેક સભાસદ દૂધાળા ઢોર માટે કાળજી સારી લે છે. દરેક સભાસદો દૂધાળા ઢોરની પસંદગીમાં ભેંસની પસંદગી વધું કરે છે. દરેક સભાસદ ભેંસ વેતરે આવે ત્યારે ખાનગી પાડાથી ઢોર બધાવે છે. કૃત્રિમ વીર્યદાનની સુવિધા દરેક મંડળી પાસે ઉપલબ્ધ નથી.

- દરેક કુટુંબો પાસે સો ટકા ઘાસચારાની સુવિધા પણ નથી. ૧૫ થી ૨૦ ટકા કુટુંબો ખેતી, જંગલ, ઝાડનો લીલો પાલો અને ઘાસ ખોદીને તેમજ ખૂટતો ચારો વેચાતો લાવીને પશુને ચારો પૂરો પાડે છે.

- દૂધ મંડળી સાથે જોડાયેલ દરેક કુટુંબો પોતેજ કુટુંબના સભ્યો મળીને પશુ ઉછેર, માવજત કરે છે.

- દરેક કુટુંબોની પાસે મંડળી દ્વારા મળેલ દૂધાળા ઢોર (ગાય- ભેંસ) નું આરોગ્ય પણ સારું છે. દરેક કુટુંબો ઢોરની માવજત પણ કરે છે. દક્ષિણ ગુજરાત સિવાયના અભ્યાસના વિસ્તાર પંચમહાલ જિલ્લામાં દૂધાળા ઢોરનું આરોગ્ય બરાબર સચવાયેલું જોવા મળ્યું નથી. અહી ઘાસ-પાણીની તંગીને કારણે દૂધાળા ઢોર કેટલાક કુટુંબો પાસે મૃત્યુ પણ પામ્યા છે.

- પંચમહાલની કેટલીક મંડળીઓવાળા ગામોમાં ઉનાળામાં ઘાસ-પાણીની સતત તંગી હોવા છતાં મંડળી ધ્વારા અપાયેલ પ્રમાણપત્રોમાં ઉનાળામાં પણ ઘાસ-પાણીની પૂરી સુવિધા છે. તેવાં પ્રમાણપત્ર આપી ને કોર્પોરેશન પાસેથી દૂધાળાં ઢોર માટે ખૂબ મોટા પ્રમાણમાં લોનની રકમ મેળવી છે.

- દૂધાળાં ઢોર મળવાથી સભાસદોની આવકમાં સુધારો જોઈ શકાય છે. માસિક રૂા.૨૫૦ થી માંડીને રૂા.૧૮૦૦ થી ૨૦૦૦ સુધીની આવકમાં સુધારો જોવા મળે છે. જેમને ૪ દૂધાળાં ઢોરના યુનિટ આપ્યા છે. તેઓની આવકમાં માસિક રૂા.૨૫૦૦ સુધીનો ફેરફાર જોવા મળે છે.

- દૂધાળાં ઢોરની આવક વૃધ્ધિની સાથે તેની પાછળ થતુ ખર્ચ પણ એટલુંજ વધેલું જોવા મળે છે. (જેની જાણકારી અહેવાલ જોવાથી મળી શકશે.)

- નમૂનાના સભાસદોને દૂધાળાં ઢોર ગાય, ભેંસની કાળજી અંગે પૂછતાં જાણવા મળે છે. કે કોઈ સભાસદે દૂધાળાં ઢોરની કાળજી વિષેની કોઈ તાલીમ પણ લીધેલી નથી. કેટલાક સભાસદોને દૂધ મંડળીમાં ભરો છો કે કેમ? તે અંગે પૂછતાં જે શહેરી વિસ્તારની નજીક અથવા તો શહેરી વિસ્તાર ધરાવે છે તેવા કુટુંબો દૂધ મંડળીમાં નહિ ભરતાં સ્થાનિક ઘરગથ્થુ નોકરીયાતવર્ગ તેમજ અહાની લારી-હોટેલોમાં દૂધ વેચતા હતા. જેથી મંડળીમાં દૂધ ન આવતાં લોનની વસુલાતનો પ્રશ્ન ઉભો થયેલ જોવા મળે છે.

- દૂધ ઘરમાં વાપરો છો કે કેમ? આ અંગે સભાસદોને પૂછતાં તેના જવાબમાં ૯૫ ટકા કુટુંબોએ 'હા' પાડી હતી. અને કહેતા પણ ખરા કે દૂધ મંડળી ધ્વારા ભેંસો મળવાથી ભલે મંડળીમાં દૂધ ઓછુ ભરી શકાય પરંતુ ચોખ્ખા દૂધ-ઘી-છાશનો જરૂર ખાવા મળે છે.

- દરેક મંડળી ધ્વારા પશુખાણની, દાણની સુવિધા કરવામાં આવેલ છે. માત્ર દાણજ આપે છે. બાકી ભરડો, મકાઈનું ભુસું અને કેટલોક પોષક આહાર સ્થાનિક દુકાનોમાંથી લાવી ઢોરોને ખવડાવે છે. આદિવાસી વિસ્તારોમાં વારંવાર ઊભી થતી અછતની પરિસ્થિતિ ઘાસચારાની

ઉણપ અને આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હોય તેવા કુટુંબો ખાણ-દાણનો ઉપયોગ નહિવત કરતા જેથી સૂકા વિસ્તારોમાં દૂધનું ઉત્પાદન પણ ઓછું જોવા મળે છે. જેનો ખ્યાલ મંડળી ધ્વારા કરાતા દૂધના કલેકશન ઉપરથી જરૂર આવે છે.

- મંડળીને પડતી કેટલીક મુશ્કેલીઓના સંદર્ભમાં જોઈએ તો આદિવાસી વિસ્તારમાં શરૂઆતમાં મંડળીમાં દૂધ ઓછુ આવવાને લીધે એકત્રિત કરતા દૂધના પ્રમાણમાં વહીવટી ખર્ચ વધુ ભોગવવો પડે છે જેથી આર્થિક લાભો ઓછા થાય છે.

- શરૂઆતમાં બિન અનુભવી મંત્રી અને કર્મચારીઓના કારણે દૂધ મંડળીના વહીવટમાં ધારી પકડ મેળવી શકાતી નથી. જેથી દૂધના વ્યવસાયની અજ્ઞાનતા બિનઆવડત તેમજ કેટલીક ગેરસમજને કારણે મંડળી અને સભાસદો વચ્ચે અવિશ્વાસ ઉભો થતો હોય છે.

- આદિવાસી વિસ્તારમાં દરેક મંડળીને જોડતા કાચા-પાકા રસ્તાઓની સગવડના અભાવે દૂધની કાયમી હેરફેર થતી નથી. દૂધના ઉપાડમાં સંઘ ધ્વારા કેટલીક અનિયમિતતા જોવા મળે છે. જેથી દૂધ મંડળીઓ દૂધનું કલેકશન બંધ કરે છે અને એકવાર કલેકશન બંધ થયા પછી મંડળીને ફરી કાર્યરત કરતાં ઘણો લાંબો સમય પસાર થાય છે.

- મંડળીની શરૂઆતમાં જે સહાય અભાવ છે તે મંડળી સધ્ધર ન બને ત્યાં સુધી ચાલુ રાખવી જોઈએ. ડેરી પ્રવૃતિથી સમગ્ર રીતે જોતાં સભ્યોની આવકમાં વૃધ્ધિ થઈ છે તે નિશ્ચિત છે. પ્રસ્તુત અભ્યાસ ઉપરાંત દૂધ ઉત્પાદક સ.મં.ઓ. મૂલ્યાંકન અભ્યાસ (આ.સં.તા.કે-દ) ૧૯૭૫-૭૬ ના ડેરી વિકાસ બોર્ડ ધ્વારા કરાયેલ અભ્યાસ આઈ.આઈ. એમ. ધ્વારા હાથ ધરાયેલ અભ્યાસ પરથી સ્પષ્ટ તારણ નીકળે છે કે આ.વિ.કો. ના વિકાસના સઘન પ્રયાસોથી સભાસદોને સીધી અથવા તો આડકતરી રીતે જે લોન સહાય પૂરી પડાય છે. તેનાથી દરેક પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ કુટુંબોની આવક વૃધ્ધિ થઈ છે. પછી તે જમીન વિહોણા અથવા તો નાના સીમાંત ખેડૂત હોય.

- ડેરી વ્યવસાય એ માત્ર રોજી ઊભી કરવાનું સાધન નથી. પરંતુ તેના ધ્વારા સભ્યોની આવક વૃધ્ધિ થઈ છે. ડેરી ધ્વારા ભાવો પણ સારા ચૂકવાય છે. અને આનાથી સામાજિક- આર્થિક અસમાનતા પણ ઘટી છે.

- આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકોનું મુખ્ય જીવન નિર્વાહનું સાધન રૂઢિગત ખેતી છે. પરંતુ મોટાભાગના લોકો પાસેની ટૂંકી જમીનની હલકીપ્રત, પિયતની જોગવાઈઓનો અભાવ, એકથી વધુ પાક લેવાની (દ.ગુજરાત સિવાય) પરિસ્થિતિની ઉણપ, પૂરતી મજૂરી મળી શકે નહિ તેવા સંજોગોમાં આદિવાસી ખેડૂતોને માટે પૂરક રોજી ઊભી કરવામાં, આવક વધારવામાં અને આદિવાસી-ઓના જીવનસ્તરમાં સુધારો લાવવાનું ભગીરથ કાર્ય આદિજાતિ વિકાસ કોર્પોરેશન ધ્વારા અપાતા દૂધાળા ઢોર યુનિટ લોન સહાયનો સહારો મળતા લોકો દૂધાળા ઢોરની ખરીદી કરી દૂધના વ્યવસાય તરફ ઠીક ઠીક પ્રમાણમાં વળ્યા છે. ટૂંકમાં કહીએ તદ આ.વિ. કો.ની દૂધાળા ઢોરની યોજના આદિવાસીઓ માટે આશીર્વાદ રૂપ નીવડી છે.

- પશુલોન યોજના હેઠળ દરેક ગાય, ભેંસની કિંમત લોન કરતા વધુ ચૂકવવી પડે છે જેથી આ યોજના હેઠળ લોનની મર્યાદા વધારીને ૧૨૦૦૦ સુધી કરવી જોઈએ તેમાં ૫૦ ટકા શક્ય ન હોય તો ૩૩ ટકા સબસીડીનો લાભ પણ આપવો જોઈએ. જેથી સામાન્ય કુટુંબ પણ ડેરી યુનિટનો લાભ લઈ શકે.

- ગામમાંજ પશુદાણ-ખાણ-આહાર માટેની દુકાન અંગે સહાય મળે તો પશુઆહારની સુવિધા દરેક મેળવી શકે અને રોજગારીનું સાધન ઊભું કરી શકાય.

- પીચરવાણમાં એક સભાસદની ભેંસ મૃત્યુ પામી છે તેનો વીમો હજુ મળેલ નથી. જુન '૯૩માં ડોકરી સર્ટી આપેલ હતું. છતાં એપ્રિલ'૯૪ સુધી વિમાની રકમ આવી નથી. કે કોઈપણ પ્રકારની જાણ કરી

નથી. સભાસદને થઈ ભેંસના વિમાનું પ્રિમિયમ પણ બેંક ધ્વારાજ ભરાયેલું હતું. જેની લોન બેંક ધ્વારા મળી હતી. એટલે કે અહીં આદિવાસીઓને માટે આવા કિસ્સાઓમાં સરળતા રહે તેવું કંઈક વિચારવું ઘટે.

- કેટલાક સભાસદ જમીન વિહોણા હોવાથી ઘાસચારની મુશ્કેલી રહે છે. મજૂરીએ જવું પડતું હોવાથી દૂધાળા ઢોરની દેખભાળ સમયસર ચાકરી કરી શકતા નથી. ટાઈમ પણ સચવાતો નથી જેથી દૂધનું ઉત્પાદન બરાબર લઈ શકતા નથી.

- જમીન ઓછી હોવાને કારણે પૂરતું ઘાસ ન મળવાથી દૂધના ઉત્પાદનમાં વધઘટ થયા કરે છે.

- જમીન નહોવાથી ઘાસચારાની તંગી ઘાસચારા માટે બીજા પર આધાર રાખવો પડતો હોવાથી પણ દૂધનું ઉત્પાદન ઘટે છે.

- કાળીનદી (સૂકી જળાશય) યોજના ધ્વારા પાણીની સુવિધા ઊભી થાય તોજ આવક વધારી શકાય અને લીફ્ટ ઈરીગેશન ધ્વારા ઉનાળામાં પણ લીલો ચારો કરી શકાય.

- સાત માસ કે આઠ માસે બીજી ભેંસ માટે લોન સહાય મળે તો દૂધની આવક ચાલુ રહે અને સમયસર લોનના હપ્તા ભરી શકાય અને દૂધમંડળી પણ ચાલુ રહે.

- દૂધ મંડળીઓ કેટલાક કારણોસર બંધ રહેવાથી દૂધ ઉત્પાદન પર માઠી અસર પડે છે. જેથી કેટલાક સભાસદોનું કહેવું છે કે અમોને જો જુન-જુલાઈમાં બીજુ દૂધાળુ ઢોર મળે તો દૂધનું ઉત્પાદન સારું લઈ શકાય. ઉનાળામાં દૂધાળા ઢોરએ આપે તો દૂધનું ઉત્પાદન બરાબર લઈ શકાતું નથી.

- ડેરીના કારણે સભાસદોને જ્યારે જરૂર પડેત્યારે અમુક પૈસા મળી રહે. સમયસર હપ્તા કપાય છે.

- ઉકાઈ નહેરના પાણી મળતાં આ વિસ્તારના લોકોની આર્થિક પરિસ્થિતિમાં ઘણો સુધારો જોવા મળ્યો છે. ઘર, ઘરની પરિસ્થિતિ, રહેણીકરણી અને વપરાશી માળખામાં ખૂબ પરિવર્તન જોવા મળેલ છે.

- શિક્ષિત બેકાર યોજના હેઠળ બીજા દૂધાળા ઢોર ખરીદવા જીલ્લા કુટિર ઉદ્યોગ અથવા તો આ.વિ.કો. ધ્વારા સહાય મળે તો ફાયદો થાય પરંતુ સબસીડી મળતી જરૂરી છે તોજ યુનિટ રાખી શકાય.

લોન ન લેવા માટેના કારણો :

- દૂધાળા ઢોરની યોજના વ્યવસ્થિત હોય છે. પરંતુ અમલીકરણ અધિકારી-ઓને તાલુકાની જવાબદારી હોય છે. વહિવટ ગૂંચો કે ઢીલાસને કારણે કોઈપણ કાગળ જો ગયો હોય તો તેનો નિકાલ બે કે ત્રણ માસે આવે તેથી સહકારી મંડળીને ગાય, ભેંસ યોજના સબસીડી મેળવવામાં મુશ્કેલી પડે છે.

- વહીવટી માળખામાં થોડીક ઝડપથી કાર્ય થાય તો પ્રશ્નો ઝડપી ઉકેલી શકે.

- ગ્રાન્ટ અંગેની વહીવટી મુશ્કેલીઓના ભોગ લાભાર્થીઓ ન બને તે જોવું જોઈએ.

- સે.સ.મં. રાનકૂવાના આગળના વર્ષોના પૈસા બાકી છે. જે તે એજન્સી ને પોતાની યોજના લાભાર્થી સુધી પહોંચાડવા માટે તેની રકમ જયારે વહેંચવાની હોય ત્યારે ૧૫ દિવસમાં પેમેન્ટની જવાબદારી લે પરંતુ પછી આખુ વર્ષ રજૂઆત કરવા છતાં તેની સબસીડીની રકમ મળતી નથી. જેના પરિણામે મંડળીને મળતુ દૂધના વેચાણનું કમિશન સીધું વ્યાજમાં ચૂકવવું પડે એટલે કમિશન જે મળે તેના કરતાં વ્યાજ વધુ ચૂકવવું પડે છે. છેવટે આખરે મંડળીને સહન કરવુ પડે છે.

- જેઓ જમીન વગરના છે અને ભેંસ લે છે તેને ઘાસચારો, દાણ વગેરે બધુંજ વેચાતું લેવુ પડે જેથી ઘાસચારાની આ લોકો માટે વ્યવસ્થા કરવામાં આવે તો તેને ફાયદો થાય. દૂધમાંથીજ હપ્તો, ઘાસચારો, દાણ-ખાણ જો ખરીદવાનું હોય તો તેને શું મળે?

- લોન મળી જાય પછીજ ભેંસોની ખરીદી કરવી જોઈએ એવો આગ્રહ સરકારશ્રી અથવા કોર્પોરેશન ધ્વારા રાખવો જોઈએ.

- ચાલુ વીયાએલી ભેંસો મળવી બધા માટે મુશ્કેલ છે. ૧૫ દિવસ પછી ભેંસ વિયાવાની હોય તો તેને દાખલો લેવામાં મુશ્કેલી પડે છે. તેથી લોન મળ્યા પછીજ ભેંસ લેવાનો આગ્રહ રાખવો જોઈએ.

<u>સમયસર લોન પરત નભરી શકવા માટેના કારણો</u> :

- કેટલાક સભાસદ કુટુંબોએ દૂધ મંડળીમાં ગયા પછી દૂધની આવકમાંથી લોનના હપ્તા કપાવવા ચાલુ કર્યા છે.

- આજથી છ-સાત વર્ષ પહેલાં ઓઈલ એન્જીન મળ્યુ હતું પરંતુ બેકારીને કારણે લોન ભરી ન શકવાથી દેવું વધી ગયું છે જેથી ભેંસની લોન પરત ભરી શકાઈ નથી.

- એક પશુ આપ્યા પછી છ માસે જો બીજું આપવામાં આવે તો દૂધનું ઉત્પાદન ચાલુ રહે. ચાકરી પણ જળવાઈ રહે તેમજ ખોરાક આપવામાં પણ સગવડતા રહે અને હપ્તાની ચૂકવણી પણ સમયસર કરી શકાય.

- ફેટ કાઢવામાં કેટલીકવાર અનિયમિતતા થાય છે. જેની અસર રોજીંદી દૂધની આવક પર થાય છે.

- સભાસદો, વેપારી, પશુચિકિત્સક અને સરકારી અધિકારીઓએ મળીને પશુ જોવાનું આયોજન કરવામાં આવે તો દૂધાળાં ઢોરની કિંમતમાં ફેર પડે. કેમ્પથી એકંદરે ફાયદોજ થાય.

- મંડળી દ્વારા દૂધના ભાવ ખૂબજ ઓછા મળે છે.

- આવકમાં ફેર પડયો કે નહિ તે તો બીજા વર્ષની ખબર પડશે. ચાલુ વર્ષે તો લોન હપ્તા અને ખર્ચમાંજ વસુલ થાય છે.

- જમીન સમતલ કરવામાં આવે તો ઉત્પાદનમાં ફેર પડે.

- જમીન સમતળ કરવાવાળા આવે છે તેઓ અમુકજ જગ્યાએ કામ કરી પરત થાય છે.

- ધિરાણ મળ્યા પછી ડેરી ડોકટરની સુવિધા મળતી નથી જેથી એકજ-વાર ગામ વિયાયા પછી છેલ્લા ત્રણ-ચાર વર્ષની ગામમાં ફરી કોઈ ગાય વિયાઈ નથી. આખા ગામમાં (સુખાણ)માત્ર ચારેક ગાયો મળી છે.

- ખેતીકામ માટેની જી.ઈ.બી.ની લાઈન છે જે થી ફેઈસ કરી ઈલે.મોટર માટે સહાય મળે તો આવકમાં ફેર પડે.

- આ.વિ.કોર્પોરેશન દ્વારા કેટલીક મંડળીઓને લોન આપી હતી પરંતુ સબસીડીનું કંઈ નકકી નહોવાથી તે લોન પુરત મોકલી આપી હતી. સબસીડી ન મળતાં મંડળીની જવાબદારી વધી જાય અને લોન ૮% વ્યાજથી પરત ભરવી પડે. તેથી મંડળીને સહન કરવું પડે.

- ભેંસના ભાવ વધુ હોવાથી લોન લીધી નથી. બીજું કે સબસીડીની આશા ન હોવાથી બધા સભાસદ પણ તૈયાર ન થયા.

- દૂધાળાં ઢોર લીધા ત્યારે જેટલું દૂધ હતુ તેટલું છે કે ઓછું થતું જાય છે તે પ્રશ્નના જવાબ રૂપે દૂધનું ઉત્પાદન ઘરવા અને 'વધવા' માટેનાં કેટલાંક કારણો જોઈએ તો દૂધ ઉત્પાદન ઘટવાનાં કારણોમાં સેવાચાકરીનો અભાવ, ટૂંકા માણસો, બિમાર પડવાથી, પશુપાલનનો અનુભવ, નહિવત, લીલાઘાસચારાનો અભાવ, જમીન નહોવાથી, પિયત ન હોવાથી, હવામાનની અનુકૂળતા-પ્રતિકૂળતા, વેતરે આવતાં પ્રમાણમાં ઘટાડો થયો હતો ત્યારબાદ ઉત્પાદનનું પ્રમાણ જળવાયું હતું.

કેટલાક સભાસદોએ દૂધ ઉત્પાદન વધ્યું છે તેના માટેની કેટલીક સગવડતાઓ દર્શાવી હતી.

- સેવાચાકરી, ઘાસદાણની સુવિધા.
- શરૂઆતમાં ગાયનું દૂધ ઉત્પાદન ૧૨ થી ૧૩ લીટર હતું જેને ઘેર લાવ્યા પછી ઘાસચારો, ખોરાકની, ખાણદાણની સુવિધા મળતાં ઉત્પાદન વધ્યું છે.

- સારી માવજતથી ૨ થી ૫ લીટર ઉપર ઉત્પાદન લઈ ગયા હતા.
- ગ્રામ વિકાસ એજન્સી અને આ.વિ.કો. દ્વારા મળેલ ભેંસો સારી ઓલાદની હોવાથી, વેપારી દ્વારા અમુક પસંદગીપાત્ર ભેંસો મળી હોવાથી દૂધનું ઉત્પાદન સારું (મરલા) મેળવી શકીએ છીએ.

કેટલાક સભાસદોએ દૂધાળાં ઢોરમાં ગાય અને ઢોરની કેટલાકે ભેંસની પસંદગી પર વધુ ભાર મૂક્યા હતો.

- ગાયને બાંધેલીજ રાખવી પડે. પાણીની વ્યવસ્થા અલાયદી જોઈએ વધુ માવજત કરવી પડે.

અ ગાયનું દૂધનું ઉત્પાદન હોય છે. ચારો ઓછો જઈએ છે. વાછરડા ખેતી ઉપયોગી.

- ગાય એકવાર વિયાયેલી લીધા પછી તેનું દૂધ ભરીએ પરંતુ બીજીવાર બંધાશે કે નહિ તેનું કંઈ નકકી નથી.

- ગામડામાં ગાયની માવજત જોઈએ તેટલી કરી શકાતી નથી. જયાં પીવાના પાણીની વ્યવસ્થાનો અભાવ હોય ત્યાં તેને બે-ત્રણવાર નવડાવવી કયાંથી.

- ગાયને સતત લીલો ચારો પણ જોઈએ.

<u>ભેંસ</u> :

છોડી મૂકીએ તો ચાલે તે ચારો ચરી પાણી પીને તરત આવે, ઓછી માવજતે પાળી શકાય.

- એકવાર લીધા પછી કોઈ પ્રશ્ન ઊભો થતો નથી.
- ભેંસ પૂરી (પૂળા) ભરોસે અને દાણ કુસકી ગુવાર તેમજ ચારા પર નભી શકે છે.

<u>સૂચન</u> :

- ગાયો આ વિસ્તારમાં જલદી ફરતી નથી. ૮ થી ૧૦ ઈજેકશન આપવા છતાં અહીના ડોકટર કરતાં ડેરીના ડોકટરની સલાહ સૂચનો મો તો ખ્યાલ આવે.

- ડેરીના ડૉકટર આવતાજ નથી. (સુખાણ)

- જો દૂધાળાં ઢોરની ખરીદી ટેપીંગ પહેલાં લાવવામાં ઉધાર લાવવું પડે જેથી પૈસા વધુ આપવા પડે. જો રોકડા પૈસાથી સીધી ખરીદી કરવામાં આવે તો રૂા.૨૫૦૦ જેટલો ફેર પડે.

- ગાય, ભેંસ કરતાં વધુ અનુકૂળ છે. કારણકે ગાયનું દૂધનું ઉત્પાદન વધુ મેળવી શકાય છે. નફો પણ સારો મળે છે. જ્યારે ભેંસના દૂધમાં આવક-ખર્ચ સરભરા થઈ રહે છે.

- મોટાભાગના કુટુંબો પશુને રહેવાનાજ ઘરમાં બાધતા હોય છે. તેના માટે અલાયદી છાપરાની વ્યવસ્થા થાયતો દિવસ દરમિયાન ઢોરોને બહાર છોડી મૂકવામાં આવે છે. તેની જગ્યાએ ગરમી, ઠંડી અને ચોમાસામાં રક્ષણ મળે એની સારી અસર દૂધ પર પણ પડે.

- આદિવાસી ગામોમાં ફળિયાં દૂર દૂર હોય, તેમજ ઘરો પણ એકબીજાથી દૂર દૂર હોય છે. ગામનો વિસ્તાર છ, સાત કિલોમીટરના વિસ્તારમાં હોય છે. જેથી ડેરી જ્યાં હોય ત્યાં ગામના લોકોમાંથી ઘણા કુટુંબોને દૂર જવું પડે છે. તેમજ ચોમાસામાં તો નદીનાળાંવાળો વિસ્તાર હોવાથી પાણી ભરાઈ રહેતાં હોવાથી દૂધ ભરવા જવાની મુશ્કેલી પડે છે. તો આવા વધુ વિસ્તારવાળા અને વધુ સભાસદો હોય તેવા ફળિયાઓમાં સબસેન્ટરો બનાવી દેવામાં આવે તો દૂધ ભરવામાં નિયમીતતા આવે તેમજ અંતરમાં કારણે કોઈ સભાસદ મંડળીને બદલે બીજે દૂધ વેચી ન દે.

- દૂધાળાં ઢોર આવ્યા પછી નિયમીત રીતે ડોકટરી તપાસ અમુક અમુક સમયે થતી રહે તો પશુઓ અનેક રોગોમાંથી બચી શકે તેમજ દૂધ પણ જળવાઈ રહે.

- કેટલાક કુટુંબોને પશુમાવજતની ટેવ નથી અથવા તો તેઓ પશુઓને પર-પરાગત રીતે ઉછેરે છે કે તેને તે રીતેજ રાખે છે. જેમકે સવારમાં પશુને છોડી મુકે અને સાંજે જંગલમાં રખડીને પરત આવે જેથી તેની અસર દૂધ પર પડે છે અને આવ્યા પછી પણ ઘાસચારો ખાસ નાખવામાં ન આવે તો હોયતો દૂધ દિનપ્રતિદિન ઓછુ થતુ જાય છે. તો આમાટે દરેક વિસ્તારમાં દૂધાળાં ઢોરની માવજત, સામાન્ય રોગો, વગેરેની તાલીમ સ્ત્રીઓ

અને પુરુષોને આપવી જોઇએ. જેથી પશુ પ્રત્યેનું પરંપરાગત વલણ બદલાય અને પશુએ આર્થિક એકમ છે. જેમ માવજત તેમ વધુ દૂધ એ રીતે તૈયાર થાય તો પશુપાલન તરફનું વલણ બદલાય અને દૂધની આવકો વધે, પશુ ઉછેર અને દૂધાળાં ઢોરની માવજત બન્નેમાં બહુ મોટો ફર્ક છે, કારણકે દૂધનો ધંધાને પુરક રોજી માટે સ્વીકારી લોન અને સબસીડી આપવામાં આવે છે. આર્થિક વિકાસના એક ભાગરૂપે છે. ગરીબીની રેખા ઉપર વધુને વધુ કુટુંબો આવે તેમજ આર્થિક વૃધ્ધિ થાય તે માટે છે, માત્ર દૂધાળુ ઢોર તેના ખીલે બંધાઈ જવાથી વિકાસ થતો નથી પણ તેને લગતી તમામ બાબતોની તેને પરિચિત કરવો જોઇએ. અને આર્થિક વૃધ્ધિથી આમાંથી વધુમાં વધુ થઇ શકે તે માટે પ્રચાર અને પ્રસારનાં માધ્યમો ધ્વારા સતત તેને સભાન રાખવામાં પ્રયત્નો કરવા જોઇએ.

- દૂધ ઉત્પાદક મંડળીઓ ધ્વારા વારંવાર વિકસીત વિસ્તારો અને મોટી ડેરીઓ બતાવવાના કાર્યક્રમો યોજી પ્રવાસમાં લઇ જવા જોઇએ. જેથી અન્ય વિસ્તારોમાં પશુની માવજત દૂધની આવકો વગેરે જોઇ પ્રેરણા લઇ પોતાના ધંધાનો પણ વિકાસ કરી શકે.

- વહીવટીક્ષેત્રે જે કંઇ ગૂંચો હોય અથવા ઢીલાસ હોય તેને દૂર કરવાના પ્રયત્નો કરવા જોઇએ.

- લોન કે સબસીડીમાં લાંબી અને માથાકૂટવાળી પ્રક્રિયાને વધુમાં વધુ સરળ બનાવવી જોઇએ. કારણકે અધિકારી અને વહિવટી તંત્રથી દૂર ભાગતા આદિવાસીઓને સરળ રીતે દૂધાળાં ઢોરો ઉપલબ્ધ થાય. તેમજ તેમની ફરિયાદો કે પ્રશ્નોને કે કોઇ સહૃદયપૂર્વક સાંભળી સમસ્યાઓને હલ કરવામાં મદદરૂપ થાય તેવી કોઇ વ્યવસ્થા ડેરીમાં ઉભી કરવી જોઇએ.

- દૂધાળા ઢોરો જે અપાય તેમાં સ્થાનિક વિસ્તારના પશુઓને પ્રાધાન્ય અપાય તો વધુ સારૂ. અથવા પોતાનાજ વિસ્તારમાંથી શંકર ભેંસો કે ગાયો તૈયાર કરી આપવાનો આગ્રહ રાખવો જોઇએ. જેથી તેજ વાતાવરણમાં પશુ મળે તો અનુકુલનના પ્રશ્નો ઉકેલી શકાય.

- દૂધ સહકારી મંડળીઓના કર્મચારીઓને પણ તાલીમબધ્ધ કરવા જોઈએ.

- દૂધ સહકારી મંડળીઓ ધ્વારા પ્રવાસો, ઈનામો, પ્રોત્સાહન માટે વાસણો વગેરે આપી મંડળી તરફ આકર્ષવા જોઈએ જેથી કરીને બીજે દૂધ ભરવા ન જાય અને મંડળીમાંજ દૂધ ભરે.

- ખાણ-દાણ, તેમને સ્થાનિક રીતે મળી રહે જયારે જોઈએ ત્યારે તો વધુ સારીરીતે ઢોરોને રાખી શકે. કારણકે ખાણદાણ માટે જો વ્યાપારીઓ કે શાહુકારોનો આશરો લેતા થઈ જાય તો શોષણનો દોર ચાલુ રહે માટે આવી વ્યવસ્થા સહકારી મંડળીઓ ધ્વારા વ્યવસ્થિત રીતે ગોઠવાય તે જોવું જોઈએ.